

બેસણી (ફોટો · એ. એલ. સૈયદ)

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી · બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું અગ્રિમ માસિક

વર્ષ એકાવનમું · અંક સાતમો · માહે જુલાઈ · ઈ. ઓગણીસસો ચુંમોતેર

૬૦૭ મો સળંગ અંક




ચિત્રકાર · રુચિર જોષી (રંગીન ફોટો: શ્રી શિવકુમાર જોષીના સૌજન્યથી)

અરણ્ય. એક, બે, ત્રણ, ચાર...એમ થડ ગણ્યે નહિ, પણ ઘેઘૂર લીલી વૃક્ષઘટા ને તેની નીચેની તૃણ છોડની બિછાત તથા તે પરનાં વનફૂલનાં રંગટપકાં જ ચિત્રવિષયને સ્પષ્ટ કરવા માટે પર્યાપ્ત છે...







સૂર્ય

...એ જ રીતે બળબળતા સૂર્યના તાપને પણ માત્ર જરૂરી રંગલપકામાં જ નિરૂપાયો છે. સાથેનાં બે ત્વરિતાલેખનો પણ એ જ કહે છે કે ચિત્રવિષયને વ્યક્ત કરવા માટે ઝીણી ઝીણી વિગતો આલેખવાની કંઈ જરૂર નથી. આ અંકની કલાવાર્તામાં જેનો પરિચય આપ્યો છે એ નવોદિત ચિત્રકાર રુચિર જોષીની આ સરજત છે.

આવકાર/જશવંત લ. દેસાઈ

· વસંત–મૃદંગ ·

મારો થશે વિલય: હું ભળી પૃથ્વીમાં તદા
કો રાતરાણી ફૂલની સુરભિ પ્રમત્ત
વા હોલીહૉગ ફૂલ રંગ ધરીશ અદ્‌ભુત.

મારો થશે વિલય: હું બનીને વરાળ,
કો વાદળી સ્વરૂપ ધારી અષાઢ વર્ષા
કલ્ કલ્ વહેતું વનનું ઝરણું બનીશ.

મારો થશે વિલય: હું ભળી સૂર્યતેજે
કુકકુટ સાદ સુણી જાગી પરોઢઆભા
રૂપે જગાડીશ સુષુપ્ત કળી હું મૌન.

મારો થશે વિલય: વાયુસમૂહમાં ભળી,
છુટ્ટો પડી રમતિયાળ શિશુ સમો ફરી
ખેલીશ પલ્લવ મૃદુ તૃણ ફૂલ સંગ.

મારો થશે વિલય, હું ભળીને વિરાટ
આકાશમાં પ્રથમ વીંઝત પાંખ કોમલ
પંખીતણો હરખ પામી થઈશ ધન્ય.

હે મૃત્યુ, આવ! મુજ દેહ બનેલ જર્જર,
દે પંચતત્ત્વ મુજ મૂળ વિખેરી સત્વર.

વિષાદજનક મૃત્યુને મંગલમય ગણી આવકારતા કાવ્યનાયકના મનોભાવો સચોટ રીતે આલેખતી આ રચનામાં પંચમહાભૂતમાં ભળી જઈ, માટી રૂપે સુરભિ અને રંગ ખિલવવાની, તેજ રૂપે કળી વિકસાવવાની, જલ રૂપે ધરા તોષવાની, આકાશ રૂપે પંખીનો કલરવ પામવાની, વાયુ રૂપે મૃદુ પલ્લવ-તૃણ-ફૂલ સંગે ખેલવાની જીવનસાફલ્યની મધુર ભાવના અભિવ્યક્ત થએલી છે. જર્જર દેહ, આમ, વિનાશોન્મુખ છે ત્યારે મૃત્યુ પારના આનંદને વધાવતું આ કાવ્ય મૃત્યુની ભયાનકતા દૂર કરી એને સહ્ય બનાવવાનું પાથેય પૂરું પાડે છે.

—વિચારવિશેષ—

આજનો પ્રાણપ્રશ્ન: મોંઘવારી !....

એ તો છે જ...પણ એ ઉપરાંત બીજું પણ કૈંક છે

અત્યારના સંજોગોમાં સૌથી વિકટ સમસ્યા મોંઘવારી અને ફુગાવાની છે. એક રીતે એમ કહેવાય છે કે મોંઘવારી અને ફુગાવો તો આખી દુનિયાને લાગુ પડેલો પ્લેગ છે. પણ આપણી નિર્બળતાઓ ને નિષ્ફળતાઓ ઢાંકવા આવું કહીએ તે જુદી વાત છે.

અલબત્ત, મોંઘવારી ઘોડાવેગે વધી રહી છે. હજી ક્યાંય આરોવારો દેખાતો નથી. તવંગર વધારે તવંગર થયા અને ગરીબ વધારે ગરીબ થયા, એ કેવું વિકરાળ સત્ય છે એનો અનુભવ રોજેરોજ થાય છે પરિણામે સામાજિક તંગદિલી ખૂબ વધતી જાય છે. વાતાવરણમાં હિંસા ભરી છે. સંગ્રહખોરી, નફાખોરી, ભ્રષ્ટાચારે વ્યાપક બનીને નગ્ન તાંડવનું સ્વરૂપ લીધું છે.

બીજી બાજુ વધતા જતા ભાવો સરકાર રોકી શકતી ન હોવાથી સરકાર દુશ્મન લાગે છે. બધા વર્ગો પગાર વધારો માગે છે, તેને માટે હડતાળો પાડે છે, તોફાનો કરે છે. પગાર વધારો થવાથી ફુગાવો વધે, ખરીદશક્તિ વધે એટલે ભાવ વધે. બીજી તરફ હડતાળ, તોફાન વગેરેને કારણે ઉત્પાદન ઘટતું જાય. ચીજવસ્તુની તંગીનો ઉદ્યોગવાળા અને વેપારીઓ પૂરો લાભ લે. પરિણામે કાળું નાણું વધે. આ વિષચક્રમાંથી છૂટવાનો કોઈ માર્ગ નથી દેખાતો. સરકાર થીગડાં મારવા પ્રયત્ન કરે છે, પણ આભ ફાટયું ત્યાં થીગડાં દીધે શું થાય? આ પરિસ્થિતિમાં કાંઈક શાંત ચિત્તે, બીજી દિશામાં વિચાર કરવાની જરૂર છે.

પ્રજાની, તેના દરેક વર્ગની અને દરેક વ્યક્તિની શી ફરજ છે તેની કાંઈક અંતરખોજ કરવી જોઈએ. આવી પરિસ્થિતિનું સર્જન કરવામાં આપણે કેટલા કારણભૂત છીએ, તે ચાલુ રાખવામાં અને તેમાં ઉમેરો કરવામાં આપણો શો ફાળો છે, તેને અંશતઃ પણ હળવી કરવામાં આપણે શું કરી શકીએ, તે દરેક વ્યક્તિએ નિષ્ઠાપૂર્વક વિચારવું જોઈએ.

કેટલીક સાદીસીધી વાત તો દરેક માણસ સમજી શકે તેમ છે. પહેલો પ્રશ્ન એ થાય કે સૌ મારી ફરજ બજાવે છે કે નહિ? હું માત્ર મારા હક્કનો, મારા સ્વાર્થનો જ વિચાર કરું છું કે જવાબદારીનો પણ કાંઈક વિચાર કરું છું તે પોતાની જાતને પૂછવું જોઈએ. કોઈ વ્યક્તિ કે પ્રજા ત્યાગ અથવા બલિદાન વિના ઊંચી આવતી નથી. આવો વિચાર કરીએ ત્યારે જણાશે કે કામચોરી એ આજનો મોટો રાષ્ટ્રીય રોગ થયો છે. ઓછામાં ઓછું કામ કરી વધુમાં વધુ પૈસા મેળવવા એવી વૃત્તિ વ્યાપક બની છે. પ્રજાના દરેક વર્ગને આ રોગ લાગુ પડયો છે. મહેનત કરી પરસેવાનો રોટલો રળવો એવી પાયાની પ્રામાણિકતા રહી નથી. નિયત સમય દરમિયાન ઓછું કામ કરી, ઓવરટાઈમનો લાભ લેવો, ધીમેધીમે કામ કરવું, સમય વ્યતીત કરી કામ ચડવા દેવું, આવું બધું નજરે જોઈએ છીએ. બુદ્ધિજીવી હોય કે શ્રમજીવી દરેકને તેની મહેનત અને સામાજિક કલ્યાણને લક્ષમાં રાખી વળતર મળવું જોઈએ, તેથી વિશેષ નહિ. શ્રમ વિનાની આવક ચોરી છે, બીજાની લૂટ છે.

બીજી વાત જીવનની જરૂરિયાતો ઓછી કરવાની છે. જીવનધોરણ ઊંચું કરવાને બહાને બિનજરૂરી વસ્તુઓની ખરીદી કે સંગ્રહ આવક વધારવાના લોભને પ્રોત્સાહન આપે છે. આ હકીકત પ્રજાના પ્રમાણમાં સુખી વર્ગોને વધારે લાગુ પડે છે. પણ સામાન્ય વર્ગ આવા વર્ગોનું અનુકરણ કરી પોતાની જાતને મુશ્કેલીમાં મૂકે છે. જીવનમાં સાદાઈ, કરકસર વગેરેને આપણે તિલાંજલિ આપતા જ જઈએ છીએ. સામાન્ય મજૂરી કરતો માણસ પણ કાંડાઘડિયાળનું ખર્ચ કરશે. ઝૂંપડામાં રહેવાવાળા પાસે પણ ટ્રાન્ઝિસ્ટર રેડિયો દેખાશે. પરિણામે પોતાની બીજી આવશ્યક જરૂરિયાતો ઉપર કાપ પડે, એટલે ગમે તે ભોગે કમાણી કરવાનું મન થાય.

હકીકતમાં આપણી સંસ્કૃતિનાં મૂળ અને જીવનના પાયાનાં મૂલ્યો આપણે છોડી દીધાં છે. અપરિગ્રહ, સમાજવાદ, સમાનતા વગેરેની વાતો કરીએ છીએ; તેને માટેની મૂળભૂત પ્રામાણિકતાનો અભાવ છે. વિશ્વપરિબળો, તેલની કટોકટી વગેરે કારણો આજની પરિસ્થિતિમાં ભાગ ભજવે છે; પણ આપણા હાથની જેટલી વાત છે તેટલું પણ ન કરીએ તો બહારનાં કારણોને આગળ ધરવાથી આ સમસ્યાનો ઉકેલ કરી નહિ શકીએ. મુખ્ય વાત ઉત્પાદન વધારવાની છે, દુર્વ્યય અટકાવવાની છે. તેમાં કામચોરી કરીએ, સ્વાર્થી થઈએ તો સૌને ભોગવવું પડે. બીજાની રાહ જોયા વિના અને બીજાની દેખાદેખી કર્યા વિના દરેક વ્યક્તિ પ્રામાણિકપણે પોતાની ફરજ બજાવે ને કામ કરે તો અત્યારે જે ભયંકર આપત્તિ લાગે છે તે હળવી થાય. આજનું માનસ ચાલુ રહેશે તો પરિસ્થિતિ વધુ વિષમ થશે અને આપણા જ દોષે તે બનશે. □

(પ્રબુદ્ધ જીવન) —ચિમનલાલ ચકુભાઈ શાહ

રૂઢિચુસ્તોએ ખડકેલા પ્રચંડ વિરોધ અને આપત્તિઓ સામે અડગ રહી, દલિતો, અછૂતો અને સ્ત્રી-સમાજના સૌ પ્રથમ હામી બનનાર મહારાષ્ટ્રના આદ્ય સમાજ-સુધારક ને સમતાવાદના પ્રતિપાદક

મહારાષ્ટ્રમાં સામાજિક ક્રાંતિ આણનાર પ્રયત્નોનો જે ઇતિહાસ લખાશે તેમાં ત્યાંના ઉદ્દામ સમાજસુધારક અને ખાસ તો દલિત વર્ગના હામી જ્યોતિરાવ ફૂલેનું નામ અવશ્ય અગ્ર રહેશે. ઉચ્ચ નીચ અને છૂતાછૂતની ભાવનાવાળી રૂઢિચુસ્તતાની સામે એમણે લગભગ એકલેપંડે અજબની હિંમત દાખવીને જે ઝુંબેશ ઉપાડેલી તે ત્યાંના ઇતિહાસમાં લગભગ અદ્વિતીય જ છે. અંગ્રેજો સામેનું ઈ. ૧૮૫૭નું હિંદીઓનું બંડ નિષ્ફળ ગયું એ સારું જ થયું એમ માનનારા એમના જેવા કોઈક જ હશે! જો એમાં હિંદીઓ જીત્યા હોત તો આ દેશની ધર્માંધતા વધુ પાંગરીને હિંદનો દલિત વર્ગ હજી યે ઉચ્ચ વર્ગની દયા પર જ સબડતો હોત એવો એમનો મત હતો. આમાં અંગ્રેજો પ્રત્યેનો પક્ષપાત નહિ પણ ધર્માંધતા પ્રત્યેની એમની અકળામણ જ વ્યક્ત થાય છે.

મૂળ તો જ્યોતિરાવનું કુટુંબ સતારા જિલ્લાના કટગુણે ગામનું અને એમની અટક ગોર્હે. ગામના વડેરાઓ સાથે કંઈક ખટરાગ થતાં એમના વડવા ગામ છોડી પુરંદર તાલુકાના ખાનવાડી ગામે જઈ રહ્યા. એમાંના એક શેટીબા નિર્વાહાર્થે પૂનામાં વસીને ફૂલમાળીનો ધંધો કરવા લાગ્યા. એમાં ઠીકઠીક પૈસા અને નામના પણ મળ્યાં અને ગોર્હેના બદલે એ કબીલો ફૂલે નામે ઓળખાતો થયો. શેટીબાના એક પુત્ર ગોવિંદરાવ, ને એના પુત્ર જ્યોતિરાવ. જ્યોતિરાવનો જન્મ પૂનામાં ઈ. ૧૮૨૭માં. માતા ચિમણાબાઈ એમને એકાદ વર્ષના જ મૂકીને અવસાન પામતાં પિતાએ એમને ઉછેર્યા. સાતમે વર્ષે એમને ગામઠી નિશાળે બેસાડી બેત્રણ વર્ષ ભણાવી ઉઠાડી લઇને ધંધે વળગાડી દીધા. જ્યોતિરાવ ભણવામાં કાચા નહોતા જ. બુદ્ધિશાળી હોઈ ઉત્તરોત્તર પ્રગતિ કરતા હતા. પણ અંગ્રેજોએ કાઢેલી શાળાઓમાં નીચલા સ્તરના છોકરાઓ પણ ભણીગણીને આગળ વધે તેમાં ધર્માવલંબી ઉચ્ચ જાતિઓને પોતાનું અહિત જણાતું, એટલે અંગ્રેજો ભણાવીભણાવીને હિંદીઓને વટલાવી દેશે એ બહાના કે ભય તળે એ ભણતરનો વિરોધ પણ થતો. ગોવિંદરાવને પણ ધર્મભ્રષ્ટ થવાનો ભય લાગ્યો હશે એટલે પુત્રનું ભણતર અટકાવી દીધું.

પણ પાસે જ રહેતા એક મુનશી ગફાર બેગ ને એક મિશનરી લેટિજ સાહેબે આ તેજસ્વી છોકરાનું જીવન વેડફાતું જોઈ ગોવિંદરાવને ભણતરનો મહિમા સમજાવ્યો ને ફરી એમનું શિક્ષણ શરૂ થયું. વખત મળ્યે પિતાના કામમાં પણ એણે સહાય કરવા માંડી ને શરીર કસવાને માટે વ્યાયામની ઉપાસના પણ આદરી. એક વાર બ્રાહ્મણ જ્ઞાતિના એમના એક જાની દોસ્તના લગ્નમાં તે પણ સૌ સાજનમાજન સાથે ઉત્સાહભેર બનીઠનીને મહાલતા હતા. એવામાં એના તરફ ધ્યાન જતાં કોઇએ પૂછ્યું: 'આ કોનો છોકરો છે?' 'ગોવિંદરાવનો.' 'પણ એ તો જાતનો માળી છે, ને આ અહીં બ્રાહ્મણની જાનમાં ક્યાંથી?' 'વાત ખરી છે. આ તો ભ્રષ્ટાચાર ગણાય. ધર્મ વિરુદ્ધની વાત થઈ. જાનૈયાઓમાં કાનફૂસ થવા લાગી. પોતાને ધર્મરક્ષક માનતા કોઇએ અવાજ કર્યો: 'કાઢો સાળાને અહીંથી'. એક સજ્જને જ્યોતિરાવને ઘેર પાછા ફરવા સૂચવ્યું. વાતનું વતેસર થતાં મારામારી થવાની ભીતિ હતી. વરઘોડો તો વાજતેગાજતે આગળ વધ્યો, પણ જ્યોતિરાવને નીચે મોંએ પાછા ફરવું પડયું.

અને એના મનમાં તુમુલ સંઘર્ષ શરૂ થયો. સમાજમાં ઉચ્ચ-નીચના ભેદભાવ આવ્યા ક્યાંથી? આમાં ધર્મ શું—અધર્મ શું? ન્યાય શું—અન્યાય શું? મારુ પોતાનું કર્તવ્ય શું? એમને લાગ્યું કે આ બધાંનું મૂળ અજ્ઞાન છે, ને એ દૂર કરવા જ્ઞાનનો પ્રચાર જરૂરી છે. સૌથી પહેલાં કન્યાઓને કેળવણી આપવી જોઇએ. તેઓ ભવિષ્યની માતા છે. ભાવિ પેઢીને એ અજ્ઞાનમાંથી ઉગારી લેશે. એમ વિચારી એમણે એકવીસમે વર્ષે પૂનાના બુધવાર પેઠમાં કન્યાશાળા શરૂ કરી. ભારતીય દ્વારા શરૂ કરાએલી એ પ્રથમ કન્યાશાળા હતી. ભિડે નામના એક બ્રાહ્મણ મિત્રે એ માટે જગ્યા કાઢી આપી. છોકરીઓને ભણાવવી એ તો ભ્રષ્ટાચાર અને અધર્મ ગણાય એવો ધર્મરક્ષકોએ ઊહાપોહ પણ કર્યો, પણ જ્યોતિરાવે વિરોધને ગણકાર્યા વિના નિષ્ઠાપૂર્વક પોતાનું શિક્ષણકાર્ય આગળ વધાર્યું.

જ્યોતિરાવના પિતા રૂઢિચુસ્ત હતા. એમણે જૂના રિવાજ મુજબ ચૌદમે વર્ષે પુત્રનાં લગ્ન કરી નાખ્યાં હતાં કન્યા સાવિત્રી આઠ વર્ષની હતી. પણ આ સંજોગોને ન ગણકારતાં જ્યોતિરાવે ધીરજપૂર્વક જૂની પદ્ધતિએ ઊછરેલી પત્નીને સમજાવીને જાતે ભણાવવા માંડયું અને પોતાનો શાળાશિક્ષક તરીકેનો વધતો બોજો ઉપાડવા સાવિત્રીને તૈયાર કરી. આમ હવે પતિપત્ની બંનેએ શિક્ષણપ્રચારનું કાર્ય ધપાવ્યું. પછી તો અનેક શિક્ષણપ્રેમી મિત્રોએ પણ એમનું અનુકરણ કરી ઘેર પોતાની અશિક્ષિત પત્નીઓને શીખવવા માંડયું.

પણ કહેવાતા ધર્મરક્ષકો—સમાજ હિતચિંતકોને એમાં નેવનાં પાણી મોભે જતાં જણાયાં. એમણે પતિપત્ની વિરુદ્ધ ઊકળાટ ઠાલવવા માંડયો. માર્ગ પરથી સાવિત્રીબાઈ પસાર થાય ત્યારે ધીમેધીમે ગંદી ગાળો દેવા માંડી. પછી ધૂળ-કચરો અને પથ્થરો પણ ફેંકવા લાગ્યા. પણ સાવિત્રીબાઈ પોતાના કાર્યમાંથી વિચલિત ન જ થયાં. અંતે થોડા માણસો ગોવિંદરાવ પાસે પહોંચ્યા અને ફરિયાદ કરી: 'તમારો છોકરો તો હદ કરે છે. ધણી-બૈરી બેઉ જણ આ શું લઈ બેઠાં છે? એમને કોઈ કહેનારું નથી? તમે એમને અટકાવો નહિ તો તમારો વહેવાર બંધ થશે.'

ગામલોકો સાથે હળીમળીને રહેતા ગોવિંદરાવ ગભરાયા. પુત્રને એમણે વાર્યો, તતડાવ્યો અને છતાં યે જ્યોતિરાવ પોતાના નિશ્ચયમાં અડગ રહેતાં પિતાએ પુત્રને ઘર છોડી જવા કહ્યું. પતિપત્ની બંનેએ એ આજ્ઞાને શિરસામય ગણી તત્કાલ ઘર છોડી દીધું.

પણ સમાજસુધારો કરવા નીકળેલાં દંપતીને ગામમાં એમ તુરત આશરો ક્યાંથી મળે? ખૂબ પ્રયત્ને જગ્યા તો મળી, પણ જીવનનિર્વાહ માટે શું કરવું? કોઈ નોકરીએ પણ રાખે નહિ. છેવટે જ્યોતિરાવે નાનાં-મોટાં બાંધકામના ઠેકા રાખવાનું શરૂ કર્યું. એમાં પણ દિવસે ધંધો કરી રાતે અભણ મજૂરોને એમણે ભણાવવા માંડયું. ગાંઠને ખર્ચે પાટીપેન પૂરાં પાડી જ્યોતિરાવે મરાઠા, માંગ, મહાર, ચાંડાળ, ઢેડ વગેરે કોમના છોકરાઓને શિક્ષણ આપવા માંડયું. સાવિત્રીબાઈએ પણ એમાં સાથ પુરાવ્યો. એ બાઈ રસ્તામાં નીકળે ત્યારે લોકો થૂંકે, પાનની પિચકારીઓ મારે કે એલફેલ બોલીને અનેક પ્રકારે ત્રાસ આપે. છતાં સાવિત્રીબાઈ ન ડગ્યાં. અને પતિપત્નીએ એક વધુ શાળા ખોલી! અસ્પૃશ્યોની એ પ્રથમ શાળાઓ હતી. આમ જ્યોતિરાવે એમના માટે જ્ઞાનપ્રાપ્તિનાં દ્વાર સૌ પ્રથમ ઉઘાડી નાખ્યાં. વિરોધીઓ માટે આ અસહ્ય થઈ પડયું. કોઈ પણ હિસાબે આ ભ્રષ્ટાચાર અટકાવવા તેઓ કટિબદ્ધ બન્યા.

અને એક રાતે જ્યોતિરાવને મારવા બે મારા મોકલ્યા. ત્યારે સાવિત્રીબાઈ થાકીને ઊંઘી ગયાં હતાં અને જ્યોતિરાવ પોતાને ઘેર રાખેલાં અનાથ બાળકો પૈકી એકને ઊંઘાડવા માટે હેતથી પંપાળતા હતા. આ દશ્ય જોઈ મારા ખચકાઈ ગયા. એમને જોઈ જ્યોતિરાવે બંને સાથે જે વાત કરી એનું પરિણામ એ આવ્યું કે બંને જણને પોતાની ભૂલ સમજાતાં એમના પગમાં આળોટી પડયા અને પછી એમની રાત્રિશાળામાં ભણવા લાગ્યા. આગળ જતાં એમાંના એક ધોંડીરામને જ્યોતિરાવે વધુ

મહાત્મા જ્યોતિરાવ ફૂલે

લેખક
ચિમનલાલ
સોમપુરા



જ્યોતિરાવ
ફૂલે
▷

લગભગ સવાસો વર્ષ પૂર્વેના મહારાષ્ટ્રના રૂઢિચુસ્ત સમાજ અને તેના સર્વાધાર ધર્માધ ધુરંધરોનો કપરો કોપ વહોરીને એમણે સ્ત્રી અને પ્રૌઢોના શિક્ષણ માટે શાળાઓ સ્થાપી, 'મહાર, માંગ ઇત્યાદિ લોકાંસ વિદ્યાશિકવણ્યાકરિતાં મંડળી' રચી દલિત હરિજનોના ઉદ્ધારનું કાર્ય કર્યું, વિધવાવિવાહને ઉત્તેજન આપ્યું, ભ્રૂણ હત્યાનું પાપ નિવારવા 'બાલહત્યા પ્રતિબંધકગૃહ' સ્થાપ્યું અને અનેક અનાથ બાળકોને જાતે ઉછેર્યાં, 'સત્યશોધક સમાજ' સ્થાપી ધર્માંધતાનું ખંડન કરવા સાથે પુરોહિત વિના ને મરાઠી ભાષામાં નવા લગ્નવિધિનો પ્રારંભ કર્યો.

અભ્યાસ કરવા કાશી મોકલ્યો, જ્યાં એ કુંભારનો દીકરો ભણીને પંડિત થયો અને ઈ. ૧૮૯૪માં સતારામાં વિદ્વાનોની સભામાં આ કુંભાર પંડિતે પણ ભાગ લઈ શાસ્ત્રાર્થ કર્યો. શૃંગેરીના શંકરાચાર્યે એને 'પંડિત રાવ'ની પદવી આપી. એણે 'વેદાચાર' નામક ગ્રંથ લખ્યો ને એક વેળાનો ખૂની, આમ યોગ્ય સદ્‌ગુરુ મળતાં મહાપંડિત થયો. ભાંગમાંથી તુળસી પ્રગટ્યાં! બીજો ખૂની રામોશી રોડે જે જ્યોતિરાવનો અંગરક્ષક બન્યો હતો તે ભણીગણીને જ્યોતિરાવે શરૂ કરેલા નવયુગના પોવાડા રચી, ગાઈ વગાડીને પુનરુત્થાનના નવવિચારોનો પ્રચાર કરવા લાગ્યો.

ધીમેધીમે જ્યોતિરાવની શાળાની પ્રગતિનો અહેવાલ સરકાર સુધી પહોંચ્યો. વિદ્યાધિકારી સર અર્સ્કિન પેરીએ જ્યોતિરાવનું કાર્ય જાતે નિહાળ્યું. સમાજના પ્રખર વિરોધ સામે ટકી રહીને એમણે બજાવેલી કામગીરીથી એ ખુશ થઈ ગયો. વાત છેક ઇંગ્લૅંડની રાણી સુધી પહોંચી ને આવી સુંદર સુધારક કામગીરી કરનારનું બહુમાન કરવાનું નક્કી થયું. એક વાર નિંદા, ગંદી ગાળો અને અપમાનથી હડધૂત કરનાર એ જ પૂના શહેરના વિશ્રામ બાગની વાડીમાં ઈ. ૧૮૫૨ના નવેમ્બરની સોળમી તારીખે ગવર્નરના પ્રમુખપદે શહેરના નામાંકિત નાગરિકોની હાજરીમાં એમની કામગીરીનાં ગુણગાન ગવાયાં ને એમને પુષ્પહાર સાથે બસ્સો રૂપિયાની કિંમતી શાલ અર્પણ કરવામાં આવી. તાળીઓના પ્રચંડ ગડગડાટ વચ્ચે બહુમાન સ્વીકારી જ્યોતિરાવે નમ્રતાપૂર્વક દૃઢ અવાજે ઉચ્ચાર્યું: 'મેં કાંઈ મહાન કાર્ય કર્યું હોય એમ હું માનતો નથી. હું તો ફક્ત ઈશ્વરેચ્છા પ્રમાણે આજ સુધી ઉપેક્ષિત રહેલું કાર્ય શરૂ કરી રહ્યો છું. એમાં હું આપ સૌનો સહકાર માગું છું.'

પુત્રનું બહુમાન થયાનું પિતાએ જ્યારે જાણ્યું ત્યારે એની અકારણ ઘરમાંથી હકાલપટ્ટી કરવા બદલ એમને અફસોસ થયો. પોતાની ભૂલ સમજાતાં તેઓ પુત્ર પાસે આવી એની સાથે રહેવા લાગ્યા. પણ એ વેળાનો જમાનો તો જુઓ! એ જ ગોવિંદરાવનું અવસાન થયું ત્યારે કોઈ સગું એમની સ્મશાનયાત્રામાં સામેલ થયુ નહિ, કોઈએ સૂતક પાળ્યું નહિ; કારણ જ્યોતિરાવને નાતબહાર કરેલા હતા! જ્યોતિરાવે આ કશાની પરવા કર્યા વિના પિતાની મરણોત્તર ક્રિયા પતાવી, પાછળ આંધળાં પાંગળાંને જમાડયાં ને ગરીબગુરબાંમાં શિક્ષણનાં સાધનો વહેંચ્યાં.

જ્યોતિરાવે વિધવાવિવાહનું પણ સમર્થન કર્યું હતું. વિધવાઓને પતિના મૃત્યુ પછી કરવામાં આવતા મુંડન સામે એમણે વિરોધ ઉઠાવ્યો. મુંબઈમાં વાળંદોની સભા બોલાવી એમાં આ ક્રૂર રિવાજ બંધ કરવાનું ઠરાવ્યું. સ્ત્રીઓ આ ક્રાંતિકારી પગલાથી ખુશ થઈ. વાત છેક ઇંગ્લૅંડ સુધી પ્રસરી ત્યારે ત્યાંની પ્રગતિશીલ સ્ત્રીઓએ અભિનંદનના તાર કર્યા.

અનેક અનાથ બાળકોના આધાર જ્યોતિરાવને પોતાનું સંતાન નહોતું. વડીલોએ ફરી લગ્ન કરવા ખૂબ આગ્રહ કર્યો, પણ એમણે માન્યું નહિ. પત્નીના સહકારથી એમણે ઘરમાં જ અનાથાશ્રમ શરૂ કર્યો. એક પ્રસૂતિ-ગૃહ ખોલ્યું, માર્ગે ભૂલેલી એક બ્રાહ્મણ સ્ત્રીના બાળકને એમણે પાળીપોષી ઉછેર્યો અને એને વિધિસર દત્તક લીધો. એ દત્તક પુત્ર યશવંતે પણ તબીબી અભ્યાસ કરી પિતાના પગલે લોકસેવાનો માર્ગ લીધો.

જમીનદારો અને ખેત-મજૂરો વચ્ચેના સંઘર્ષમાં પણ જ્યોતિરાવે મજૂરોનો પક્ષ લઈ અરજીઓ કરીને તેમજ જરૂર પડયે હડતાળ યોજીને છેવટ એમને ન્યાય અપાવ્યો હતો.

હવે ધીરેધીરે જ્યોતિરાવના કાર્યની શિક્ષિત વર્ગમાં પણ પ્રશંસા થવા લાગી. સમાજના અગ્રણીઓએ મુંબઈમાં ઈ. ૧૮૮૮માં કોળીવાડા હૉલમાં જંગી સભા ભરી. પ્રમુખ હતા ન્યાયમૂર્તિ રાનડે. ડૉ. ભાંડારકર વગેરે પણ હાજર હતા. રાવબહાદુર વડેકરે જ્યોતિરાવને 'મહાત્મા'ની પદવી આપી. પતિપત્ની બંનેનું અપૂર્વ ગૌરવ કરવામાં આવ્યું. એ વેળા જ્યોતિરાવે કહ્યું: 'મિત્રો, હું તો એક સાદોસીધો માણસ છું અને એ રીતે જ હજુ જીવવાનો છું. આવી પદવી આપીને મને લોકોત્તર ન બનાવો. આપણે સૌ એક જ ઈશ્વરનાં બાળ છીએ. સત્ય, સમતા અને સ્વાતંત્ર્યના આપણા સમાજનો સંદેશ આપણે ભૂલવો ન જોઇએ.'

પોતાના માનવતાવાદી સ્વતંત્ર વિચારોના પ્રચાર માટે ઈ. ૧૮૭૩ની ૨૪મી સપ્ટેમ્બરે જ્યોતિરાવે 'સત્યશોધક સમાજ'ની સ્થાપના કરી. ગામેગામ એની શાખાઓ ખૂલી. એમાં બધી કોમના લોકો ભાગ લેતા. તેઓ કહેતા: 'માણસની યોગ્યતા એની જાત પરથી નહિ, પણ એના ગુણ પરથી નક્કી થાય છે. સ્ત્રી પુરુષના ભેદ પણ ખોટા છે. વિદ્યા એ તો પ્રગતિનું પગથિયું છે. સૌ કોઇ એ પ્રાપ્ત કરવાના અધિકારી છે.' પુત્ર યશવંતનાં લગ્ન પણ એમણે આ સત્યશોધક સમાજની પદ્ધતિથી કરેલાં, જ્યાં પ્રતિજ્ઞા, મંત્રો વગેરે મરાઠીમાં હતાં.

પોતાના વિચારોના પ્રચારાર્થે એમણે 'બ્રાહ્મણાચે કસબ', 'ગુલામગીરી', 'ઈશારા', 'સાર્વજનિક સત્ય ધર્મ', 'શિવાજીચા પવાડા', 'શેતકર્યાચા આસૂડ', 'જાતિભેદ', 'વિવેક સાર' અને 'અસ્પૃશ્યાંચી કૈફિયત' વગેરે જેવાં નાનાંમોટાં પુસ્તકો લખ્યાં હતાં. એમાં એમણે વ્યક્ત કરેલા સુધારક વિચારો અંગે મતફેર હોઈ શકે, પણ એમણે સમાજના દલિત વર્ગના ઉદ્ધાર અર્થે જે નીડરતા દાખવી એ જરૂર દાદ માગી લે તેવી છે. અંધશ્રદ્ધાના એ કાળે એમણે ધર્માંધ સમાજના અનેક કપરા અવરોધો સામે આપબળે જે લડત ચલાવી એ કોઈ પણ કાળે પ્રેરક બની રહે તેવી છે.

જીવનના અંત સુધી સમાજના જ ઉત્કર્ષ માટે ઝૂઝતા રહી જ્યોતિરાવ ઈ. ૧૮૯૦ની ૨૭મી નવેમ્બરે અવસાન પામ્યા. આઠ વર્ષ પછી સાવિત્રીબાઇએ પણ વિદાય લીધી. પણ સામાજિક ઉત્કર્ષ માટેની એમની હિંમતભરી કામગીરી ને સેવાની સુવાસ તો આજે યે મહેકી રહી છે. ☐

લેટર-બૉક્સ

શ્રી 'અજ્ઞેય'ની એક વાર્તાનો અનુવાદ

સુકન્યા ઝવેરી

જેમાં આપત્તિ, એ બળતી જનેતા બને છે.

શરણાર્થી કૅંપમાં મારું પોતાનું તો કોઈ નહોતું. હું તો ફક્ત મદદ કરવા જ ગયો હતો. મારે રજા હતી એટલે હું લેટર બૉકસમાં ટપાલ ન નાખતાં પોસ્ટ ઑફિસ જવા તૈયાર થયો હતો. જઇને જોયું તો પોસ્ટ બૉક્સનું પતરાનું ઢાંકણું વાંકું વળીને એવું ફસાઈ ગયું હતું કે પત્રો અંદર નાખવા મુશ્કેલ હતા. પ્રયત્ન કરી જોયો, તો એક એક પત્રને વાળીને ધક્કો દેવાથી એ અંદર જતો હતો. મેં એક પછી એક પત્ર નાખવાનું શરૂ કર્યું. મેં જોયું કે મારાથી થોડે દૂર એક બાળક મારી તરફ જોઈ રહ્યો હતો. હું એમ જ એની સામે જોઈ હસ્યો. બાળકોનાં મનમાં લેટર બૉક્સનું મહત્ત્વ તાજમહાલ-પિરામિડો-સંસારની સાત અજાયબીઓ કરતાં જરા યે ઓછું નથી હોતું એ વાત મને નાનપણથી જ યાદ હતી! લેટર બૉક્સમાં પત્ર નાખો અને તમે જ્યાં ચાહો ત્યાં પત્ર પહોંચી જાય, અને લેટર બૉક્સ તો પાછો ત્યાંનો ત્યાં જ હોય!—આ કંઈ કમ જાદુ છે? એમાં યે આ લેટર બૉક્સમાં તો પત્ર હાથેથી ડેલવો પડતો હતો. છોકરો મારો પત્ર નાખવાનો વ્યાયામ નિહાળી રહ્યો હશે!

અસ્પષ્ટ ભાવે આમ વિચારતાં વિચારતાં છેલ્લો પત્ર નાખી મેં હસતાં હસતાં ફરી તેના તરફ નજર નાખી. એ હજુ યે મારી સામે તાકી રહ્યો હતો. આ વખતે મેં બરાબર ધ્યાન દઇને તેના તરફ જોયું. એના ચહેરા પર કોઈ કુતૂહલ નહોતું, હતો ફક્ત ધૈર્યનો ભાવ—અપાર ધૈર્ય ને પ્રતીક્ષા...

હું જવા માટે તૈયાર થયો, એવામાં એ છોકરાએ સાહસ એકઠું કરી પૂછ્યું: 'આમાં કયા ગામની ટપાલ જતી હશે?'

મેં જવાબ આપ્યો: 'બધા જ ગામની, તારે ક્યાં કાગળ મોકલવો છે!'

'મારા બાબુજીને.'

'હા, પણ ક્યાં? ગામનું નામ શું?' બોલતાં બોલતાં જ મારી નજર તેના હાથમાંના ચોળાએલા પોસ્ટકાર્ડ પર પડી. મેં હાથ લંબાવી કહ્યું, 'જોઉં.'

એણે જરા અવિશ્વાસના ભાવ સાથે મારી સામે પોસ્ટકાર્ડ લંબાવ્યું. મેં જોયું તો પોસ્ટકાર્ડ પર મોટા મોટા અક્ષરોમાં કંઈક લખ્યું હતું, પણ સરનામાની જગ્યા કોરી હતી. મેં હસીને કહ્યું: 'અરે ગાંડા, સરનામું તો લખ. કયે ગામ મોકલવું છે?'

'એ તો બાબુજી જાણે–મને ખબર નથી...' એ રડમસ સ્વરે બોલ્યો. એના હોઠો ધ્રૂજી રહ્યા હતા. મેં નરમાશથી પૂછ્યું: 'તારું ઘર ક્યાં છે?'

'શેખપુરમાં...'

વીજળીના ઝબકારાની જેમ સારી યે પરિસ્થિતિ સમજાઈ ગઈ. મેં ધ્યાનથી જોયું, ઉંમર હશે છ-સાત વર્ષ. ઊજળો ગોરો વાન, જો કે મેલના થરને લીધે ઝાંખો લાગતો હતો. શરીર પર એક ફાટેલું ખમીસ, ઉપર ફાટેલો કોટ, કમર નીચેથી ઉઘાડો. પગ પર જ્યાંત્યાં ઉઝરડા થયા હતા અને પાનીઓ સૂઝેલી હતી. માથું ઉઘાડું, કોરા ભૂખરા વાળ, આંખોમાં ગહનતા: બાળપણની નહિ, કંઈક ગોપનતા, કંઈક કઠોરતા, અને દૂરત્વની મિલાવટમાંથી જન્મેલી એ ગહનતા. મેં ફરી પૂછ્યું: 'શેખપુરમાં ક્યાં?

'વીરાંવાલી.' 'તારા બાબુજી ત્યાં છે?'

'ના, ત્યાંથી તો નીકળી ગયા હતા.'

'તું અહીં કોની જોડે આવ્યો?' 'એક માણસ સાથે.'

'કોણ માણસ? નામ બામ ખબર છે?'

'ના, રસ્તામાં મળ્યો હતો.'

હું પોસ્ટ ઑફિસના બરામદાની રેલિંગને ટેકે બેસી એને વિગત પૂછવા માંડયો. છોકરાનું નામ રોશન હતું. ઘેરથી મા અને કાકા સાથે લાહોર જવા નીકળ્યો હતો. બાપ પણ ગામમાંથી નીકળ્યા ત્યારે સાથે હતા, પણ પછી એનાં વૃદ્ધ ફઈબા અને ફૂઆને લેવા છૂટા પડી ગયા, કેમ કે એ બંને બુઢ્ઢાં હતાં અને બાળબચ્ચાં નહોતાં: એમના બે દીકરા લડાઈમાં માર્યા ગયા હતા. લાહોરમાં ભેળા થવાની વાત હતી. લાહોર તરફ જવા માટે ઘણાં યે માણસો સાથે હતાં, પણ રસ્તામાં કેટલાક હુમલાખોરોએ કેટલા યે લોકોને મારી નાખ્યાં. એમાં કાકા પણ માર્યા ગયા. તો ય લોકો રોકાયા નહિ, જલદી જલદી આગળ ધપ્યા. લાહોરમાં મળવાની વાત હતી. પણ રસ્તામાં બીજા ઘણા લોકો આવી મળ્યા હતા. એમનું કહેવું હતું કે લાહોર જવું સલામત નહોતું એટલે પાછા વળ્યા. બીજે દિવસે વળી હુમલાખોરોએ ગોળીબાર કર્યો. વળી, રસ્તામાં એક જગ્યાએ હુમલાખોરો સાથે હાથોહાથની લડાઈ થઈ. હુમલાખોરોનું ટોળું મોટું હતું. ઘણા બધા માણસો માર્યા ગયા. પેલા લોકો સ્ત્રીઓને ઉપાડી જવા માંડયા, એમાં એની મા પણ હતી. માએ ખૂબ જ ચીસો પાડી. હુમલાખોરોએ એની માનું માથું ખભા પર દાબી દીધું. માએ બચકું ભર્યું. પેલા માણસે એને ભોંય પર નાખી કુહાડીના દાંડા વડે એનું મોઢું છૂંદી નાખ્યું. રોશને આંખો બંધ કરી દીધી. જ્યારે આંખો ખોલી ત્યારે માનું નાક, જડબું કશું જ રહ્યું નહોતું. સાથેવાળા લોકો રોશનને લઇને ભાગી નીકળ્યા. આઠ દસ દિવસે તેઓ જલંધર પહોંચ્યા ત્યારે ઓળખીતું કોઈ જ બચ્યું નહોતું. બધા જ માણસો અજાણ્યા હતા. એમાંનો એક એને અહીં લાવ્યો હતો, એ અને રોશન કૅંપમાં રહેતા હતા, પણ રોશન એના બાપા પાસે જવા ઇચ્છતો હતો.

રોશન રડવા માંડયો. હું એને વધુ સવાલો પૂછી શકત પણ જાણવાનું બાકી જ શું રહ્યું હતું? મેં કહ્યું: 'રોશન, તું કૅમ્પમાં પાછો જા. હું તારું નામ ને કૅમ્પનું સરનામું રેડિયો પર મોકલીશ. ત્યાંથી સમાચારમાં તારા બાબુજી તારું નામ સાંભળશે તો તને જરૂર કાગળ લખશે, અને કૅમ્પમાં તને તેડવા આવશે, સમજ્યો?' કહીને મેં એની પીઠ થાબડી.

'પણ મારો કાગળ? હું પણ એમને લખવા માગું છું.'

હું સ્તબ્ધ થઈ ગયો. 'હા, તારો કાગળ, તારો કાગળ છે ને...' આગળ શું બોલું? બાળકને જૂઠું બોલી ફસાવવું એ મહાપાપ છે. મેં કહ્યું: 'તું આ પોસ્ટકાર્ડ શેખપુરના સરનામે લખી નાખ......'

'ઊહું...ત્યાંથી તો એ ક્યારના યે રવાના થઈ ગયા હતા.'

'ફઈબાને ગામ ગયા'તા ને? તો ત્યાંના સરનામે લખ.'

'ત્યાં તો તેમને તેડવા ગયા'તા, ત્યાં થોડા બેસી રહ્યા હોય?'

'એ વાત તો બરાબર, બેટા.' છોકરાની તર્કશક્તિ સતેજ હતી. વાત સાચી હતી. પણ હું એને શું કહું? કયું સરનામું દઉં કે પત્ર એના પિતાને મળે? મેં કહ્યું: 'ત્યાંનો પોસ્ટ માસ્તર તારા બાબુજીને સરનામે મોકલી દેશે.'

'પણ પોસ્ટ માસ્તરને બાબુજીનું સરનામું ક્યાંથી ખબર હોય? તમને કંઈ જ ખબર નથી, ભાઈસાહેબ, લાવો, મારું પોસ્ટકાર્ડ પાછું આપો.'

મને થયું કે હું એને કહું કે બેટા, તારી વાત સાચી છે, મને સાચે જ કંઈ ખબર નથી...પણ મેં મોંઢેથી ફક્ત એટલું જ કહ્યું: 'લે.'

એણે પોસ્ટકાર્ડ મારા હાંથમાંથી લઈ લીધું. મેં એને મહેનત કરી સીધું કર્યું હતું, એણે ફરી એવી રીતે દબાવીને પકડયું કે ફરી મરડાઈ ગયું. હું ત્યાંથી ધીરે ધીરે ચાલવા માંડયો. મેં ચાલતાં ચાલતાં એના તરફ જોયું. એની આંખોનાં આંસુ સુકાઈ ગયાં હતાં. અને ફરી ધૈર્યનો— અસીમ ધૈર્યનો ભાવ એના ચહેરા પર ઊપસી આવ્યો હતો. વખતે મારા પછી પત્ર નાખવા આવનાર વ્યક્તિને વધુ માહિતી હોય અને એ એને બતાવે કે કયે સરનામે લખવાથી એ પત્ર એના બાબુજીને મળે! □

મુકુન્દરાય પારાશર્ય લિખિત વિશિષ્ટ વ્યક્તિચિત્ર

વૈદ્યરાજ સુંદરજી ઝીણા

મોરબીના સમર્થ જોશી પીતાંબર ભટ્ટે જેમ ઝંડુ ભટ્ટજીના જન્માક્ષર કરી કહેલું કે આ બાળકના ગ્રહ એવા પ્રબલ છે કે તેના ઘરમાં રોજ સવા શેર મીઠું વપરાશે, તેમ તેમણે પોતાના પૌત્ર સુંદરજી ઝીણા વિષે કહેલું કે આ છોકરો સુદામો થશે ને પરગજુ રહેશે. એ ભાખ્યું ત્યારે પીતાંબર ભટ્ટની આર્થિક સ્થિતિ સારી ગણાતી. તેમના પુત્ર ઝીણા ભટ્ટે પણ વૈદ્ય તથા કથાકાર તરીકે પ્રતિષ્ઠા ને સંપત્તિ મેળવેલાં. પીતાંબર ભટ્ટની વરસી વખતે અધમણ વજનની ત્રાંબાની ગોળીઓનું તેમણે નાતમાં ને સંબંધીમાં લાણું કરેલું. આવી એક ગોળી અમારા ઘરમાં હજી છે. એ ઝીણા ભટ્ટના પુત્ર સુંદરજીની આ વાત છે.

સુંદરજી ભટ્ટનો જન્મ ઈ. સ. ૧૮૫૦માં થએલો. બાળપણમાં તે પિતાની સાથે ફરી વનસ્પતિ ઓળખતા થએલા, પણ વૈદું પાછળથી શીખેલા. પંદર-સોળ વર્ષની વયે જામનગરના વૈદ્ય છગનલાલ મહેતાની બહેન ટીડીબાઈ વેરે તેમનાં લગ્ન થએલાં, પણ ઓગણીસ વર્ષના થયા ત્યાં સુધી રમતોમાં જ તેમનો સમય ગએલો. સુંદરજીથી દસ વર્ષે નાના હરિલાલને ભણવામાં રસ ખરો. એ હરિલાલને કવિતામાં સૂઝ દેનાર સુંદરજીને કાવ્યરચનાની ફાવટ હતી. હરિલાલના સહાધ્યાયી બલવંતરાય ક. ઠાકોર હરિલાલની કવિતાઓ મેળવીને સંગ્રહતા. એ હરિલાલ મેડિકલ કૉલેજમાં ભણતા તે દરમિયાનમાં અવસાન પામી ગયા. ભાઈના અવસાન પછી સુંદરજીએ કદી કાવ્ય ન લખ્યું; કાવ્યવાચન સુધ્ધાં છોડી દીધું. એમની કવિતા શબ્દદેહ છોડી દરદીઓને સાજા કરવાના કર્તવ્યના પરિવાહમાં વહી ગઈ.

પરણ્યા પછી યે એમનો સમય રમતોમાં જ જતો. મચ્છુ નદીમાં નાહવા જાય તો ત્રણચાર કલાક વગર પાણીમાંથી નીકળે નહિ. નદીના 'વીજળીએ કૂવે ડૂબકી દા', પાદરનાં ઝાડવે ઓળાંબો-કોળાંબો, નદીની વેળુમાં કુસ્તી ને મયદાનમાં છૂટ દડી, એ એમની પ્રિય રમતો હતી. છછેકાઈ છોડવાની વડીલની સલાહ એમણે કાને ધરી નહિ. એક વાર સાત આઠ ભાઈબંધોને ભેળા કરી ફળીમાં રમતા'તા, એવામાં ઓસરીએ બેસી બાજરો સાફ કરી લઈ તેનાં બાએ તેને બૂમ મારી બાજરો ભરેલી નાંદ ઓરડામાં મૂકી દેવા કહ્યું. બે-અઢી મણ બાજરાથી ભરેલી માટીની નાંદ હતી. જીવ રમવામાં હતો. સુંદરજીએ દોડતા આવી નાંદ ઊંચકી ને ઊંચકતાં તે ફસડાઇને ફૂટી ગઈ! આથી માએ લાકડી મારી કહ્યું: 'મારા બાપ જેવડો થયો તો યે બાળપણું ન ગયું!'

પોતાની પત્નીના દેખતાં માએ લાકડી મારી તેથી સુંદરજીને લાગી આવ્યું. એ એ જ વખતે રીસાઇને ઘેરથી ચાલી નીકળ્યા. ગામમાં બીજે ક્યાંય જવાને બદલે મોરબીથી જામનગર ચાલ્યા ગયા ને કુટુંબી ઝંડુ ભટ્ટજીને ત્યાં જઇ રહ્યા. પણ બેએક માસમાં પોતાની ભૂલ સમજાઈ. થયું કે પરણેલા દીકરાને વહુના દેખતાં માએ લાકડી મરાય કે ન મરાય તો યે પોતે છોકરવેજામાં રે'વું ને માની ભૂલ ગણવી તે તો બરાબર નથી જ. એ ભાન થતાં તે પાછા આવ્યા ને માના પગ પકડી રોયા. તે જ દિવસથી આયુર્વેદનો પદ્ધતિસરનો અભ્યાસ પિતા પાસે શરૂ કર્યો.

આયુર્વેદના વધુ અભ્યાસ માટે સુંદરજી જામનગર રહેતા ત્યારે એક વખત સખત બીમાર થઈ ગયા. મંદવાડ વધ્યો ને લંબાયો. ઝંડુ ભટ્ટજીને ત્યાં તેમની સારવાર તળે રહેવા છતાં રોગ અસાધ્ય થઈ ગયો, એટલે તેમના પિતા ઝીણા ભટ્ટને પત્ર લખી ઝંડુ ભટ્ટજીએ જામનગર તેડાવ્યા. ઝીણા ભટ્ટ આવ્યા ત્યારે સાંજ નમી ગએલી. તેણે દીકરાને જોયો. પથારીમાં જાતે પડખું ન ફરી શકે, કોઈ હાથ આપે તો ફરી શકે અને કોઈ ઊંચકી ખાટલાની બાજુમાં બેસાડે ત્યારે સંડાસે બેસી શકે તેવી દીકરાની હાલત જોઇ ઝીણા ભટ્ટ હેબલભાઈ નિરાશ થઈ ગયા.

અરધી બેભાન અવસ્થામાં રહેતા સુંદરજીની સારવારમાં પત્ની ટીડીબાઈ રહેતાં. મધરાત પછી સુંદરજીએ પૂછ્યું : 'ફળીમાં વારેવારે ફાનસ કેમ આવજા કરે છે? શું છે?' ટીડીબાઈએ કહ્યું: 'બાપુજી મોરબીથી આવ્યા છે ત્યારથી તમને જોઈ હેબતાઈ ગયા છે. ઝાડા છૂટી પડયા છે. હવે તો લે-મે છે. ભટ્ટજી પડખે છે.' આ સાંભળીને સુંદરજી પથારીમાં બેઠા થઈ ગયા. સ્ત્રી હાથ દઈ રોકવા ગઈ પણ હાથ ન લીધો. ઓરડામાંથી ઓસરીએ આવ્યા ને બીજા ઓરડે દીવો જોઇ ત્યાં ગયા. ત્યાં પિતાને ખાટલામાં પડેલા જોઈ ઊંબરામાંથી જ ઉતાવળે અવાજે બોલ્યા: 'બાપુજી, બાપુજી, મને કંઈ નથી; હું સાજો છું.' એને જોઈ ઝંડુ ભટ્ટજી દોડી આવ્યા. સુંદરજીને બથમાં લઈ કહ્યું : 'ભાઈ, તને કાંઈ નથી, ને તારા બાપને ય કાંઇ નથી. થોડીક સમયની જરૂર છે. સાજા જ છો ને સાવ સાજા થઈ જશો.' આમ કહી તેને દોરી જઈ પાછા ખાટલે સુવડાવી દીધા.

વળતા દિવસથી બાપ-દીકરાની બન્નેની તબિયત ઝડપથી સુધરવા લાગી ને પંદરવીસ દિવસે તો સુંદરજી હરતાફરતા થઈ ગયા.

અભ્યાસ પૂરો થયે પિતાની સાથે રહી તે વૈદું કરતા. એ એટલું સારું વૈદું જાણતા કે દેશી રજવાડાંઓ પોતાને ત્યાં સારો વૈદ્ય રાખવા માટે વૈદ્યરાજ ઝંડુ ભટ્ટજીને પૂછતા. એવી એક પૂછા વખતે ઝંડુ ભટ્ટજીએ એમને રાજસ્થાન જવા પુછાવેલું, પણ પિતાની સેવા કરવાની ઇચ્છાએ સુંદરજીએ દૂર જવાનું ન સ્વીકાર્યું. એ આમરણના દરબારના રાજવૈદ્ય તરીકે રહ્યા ને ઘણી પ્રતિષ્ઠા પામ્યા.

જામશ્રી લાખાજી જે ઈ. ૧૭૪૩ થી ૧૭૬૮ જામનગરની ગાદીએ હતા તે હળવદનાં કુંવરી દીપાંજીબાઈ વેરે પરણેલા. તેના વેલડા સાથે આવેલો ખવાસ મેરૂ (મહેરામણ) પોતાની અક્કલ હુશિયારીથી જામનગરના લશ્કરનો ઉપરી ને કર્તાહર્તા થઈ પડેલો જામને પણ ગાંઠતો નહિ. તેને કાઢવા દીપાંજીબાઇએ બીજાં રજવાડાંની મદદથી યત્ન કર્યા, પણ તેને નિષ્ફળ બનાવી તેણે એ જ રાણી દીપાંજીબાઈનું જામનગરના રસ્તા પર ધોળે દિવસે ખૂન કરાવી તેની લાશ રસ્તામાં ઉકરડા ઉપર ત્રણ દિવસ સુધી રઝળાવી હતી. જામ લાખાજી પછી ગાદીએ આવનાર તેના પુત્ર જામ જશાજીને પણ તેણે કેદમાં રાખેલા. એવા એ મેરૂ ખવાસે જામનગર રાજ્યમાંથી પોતાની જાગીર તરીકે જોડિયા, બાલભા તથા આમરણના ત્રણ કિલ્લા સહિત છત્રીસ ગામો લઈ લીધેલાં, જે મેરૂ ખવાસ ઈ. સ. ૧૮૦૦માં ગુજરી ગયા પછી તેના વંશજો આમરણમાં રહી ભોગવતા.

મેરૂ ખવાસે જામનગર રાજ્યનું રક્ષણ કરેલું, તેને વિસ્તારી આબરૂ વધારેલી; પણ તેણે જે રીતે રાજ્યકુટુંબ સાથે વ્યવહાર કરેલો તેથી એ કુટુંબની દરેક વ્યક્તિને તેના પર રોષ હતો. જામ રણજિતસિંહજી ઈ.સ. ૧૯૦૭માં ગાદીનશીન થયા. એ રાજવીને અંગ્રેજ અમલદારો સાથે ગાઢો મૈત્રીસંબંધ હતો, અને એ સંબંધનો તે લાભ લેતા. જામ રણજિતને ભૂતકાળ કઠતો હતો. એવામાં આમરણ દરબાર પોતે ખવાસ હોવા છતાં ગરાસિયાની કુંવરી વેરે લગ્ન કરવા માગતા હતા. તે સામે જામસાહેબની ના હોવા છતાં તેમની ઉપરવટ જઈ રાતોરાત લગ્ન કરી લીધાં. આથી નારાજ થએલા જામસાહેબને તાત્કાલિક કારણ મળી ગયું. તેમણે આમરણ દરબારને ગિરફ્તાર કરી જાગીર ખાલસા કરી.

એ અરસામાં આમરણ દરબાર બીમાર પણ હતા. સુંદરજી વૈદ્યે

કહ્યું: 'દરબાર બીમાર છે. તેની દવા હું કરું છું. મને પણ સાથે લઈ જાઓ.' જામ રણજિતને આમરણ દરબાર પરની નફરતને લીધે વિચાર કરવાનું ન સૂઝ્યું. તેમણે વૈદ્યની દવાને બદલે ઉપચાર માટે ડૉકટરની ગોઠવણ કરી. દરબારે દેશી દવાથી ઠીક રહે છે એમ જણાવ્યું એટલે જામ સાહેબે ઝંડુ ભટ્ટજીના પુત્ર અને પોતાના રાજવૈદ્ય શંકરપ્રસાદને મોકલ્યા. શંકરપ્રસાદને ત્યારે જ ખબર પડી કે સુંદરજી વૈદ્ય પણ કેદમાં જ છે.

વૈદ્યરાજ શંકરપ્રસાદે જામસાહેબને મળી જણાવ્યું કે 'આવા પવિત્ર અને સમર્થ વૈદ્યને વિના વાંકે કેદમાં રાખવા યોગ્ય નથી, તેમ જ દરબારને એમની દવાથી ઠીક રહે છે તો એમની જ દવા કરવા દેવી. ઝંડુ ભટ્ટજીને તેમની ચિકિત્સા શક્તિ માટે ઘણું માન હતું.' જામસાહેબે વધુ વિગતો મેળવી જાણ્યું કે એ વૈદ્ય ચુસ્ત બ્રાહ્મણ ધર્મ પાળી, નિત્ય નૈમિત્તિક કર્મ કરી, નાહી, જાતે રોટલો ઘડી ખાય છે તથા બહારથી વનસ્પતિ લાવી તે કેદીઓને આપી સાજા કરે છે. અને રાત્રે તેમની પૌરાણિક કથામાં રસ પડવાથી કેદીઓ સાથે જેલર અને બીજા હોદ્દેદારો પણ બેસે છે. જામ સાહેબે તત્કાલ તેમને છોડી મૂકવા તથા જામનગરનાં માગે તે ગામે, આમરણમાં મળતા તેથી ત્રણ ઘણા વધારે પગારથી વૈદ્ય તરીકે રહેવા કહેણ મોકલ્યું. પણ સુંદરજી વૈદ્યે વળતું કહેવડાવ્યું કે 'જામનગરનું અથવા જામસાહેબનું જે કંઈ બગાડયું હોય તે તો મેરૂ ખવાસે બગાડયું'તું. એને મરી પરવાર્યે સો વર્ષ થઈ ગયાં. તેના વંશજોમાંથી તો કોઇએ કંઈ બૂરું કર્યું નથી. એણે લગ્ન કર્યાં તે એવડો દોષ નથી કે જાગીર આંચકી લઈ કેદમાં રાખવા પડે. મને લાગે છે કે જૂની વાતો યાદ કરી (વેર વાળવા) જાગીર આંચકી લઈ તેને કેદમાં રાખ્યા છે. મારા અનુમાનમાં હું ખોટો હોઉં, પણ બીજું કોઈ કારણ સાંભળવા મળતું નથી. ત્યારે મારી એ ફરજ છે કે મારે પણ તેમની સેવામાં સાથે રહેવું. એ કેદમાં હોય ને હું છૂટી જાઉં એ મારાથી બને એવું નથી. એમની વાંસે જ હું છૂટો થઈશ. ને નોકરી સંબંધમાં જામ સાહેબ મને માફ કરે. કરી એ એકની કરી, ધણી બે ન હોય.'

આ વાટાઘાટો દરમિયાન જ્ઞાતિના કુટુંબમાંથી સુંદરજીને જેલમાં થાળી પહોંચાડવાની ગોઠવણ જામસાહેબની મંજૂરી મેળવી વૈદ્યરાજ શંકરપ્રસાદે કરેલી. બેશક, પાણીમાં રાંધેલી રસોઈ રસ્તા પર થઇને આવી હોય તે રસોઇ તે સમયમાં એ જ્ઞાતિમાં કોઈ ન ખાતા. દૂધમાં બનાવેલા ઘઉં કે મગજના લાડુ, ક્યારેક દૂધપાક, નહિ તો સામાન્ય રીતે દૂધમાં બનાવેલા ઘઉંબાજરાના ખાખરા અને પાણી છંટકાર્યા વગરનું કોરુ શાક હોય. પણ પોતે કેદમાં હોય અને કોઇએ તેમને માટે તકલીફ લેવી પડે એ સુંદરજી વૈદ્યને ન રુચ્યું. શંકરપ્રસાદભાઈનું માન રાખવા ક્યારેક એ એવી થાળી સ્વીકારતા.

છેવટ એક દિવસ જામસાહેબે વૈદ્યરાજ શંકરપ્રસાદની સાથે સુંદરજી વૈદ્યને મળવા બોલાવ્યા. એમની સાથે રૂબરૂ વાત થયા પછી જામસાહેબે આમરણ દરબારને મુક્ત કર્યા. સુંદરજી વૈદ્ય જામસાહેબના આગ્રહને માન ન આપી શક્યા; એ દરબારની સાથોસાથ નીકળી ગયા.

જાગીર ગઈ એટલે નિરુપાયે દરબાર રાજકોટ સદર (કૅમ્પ)માં જઈ વસ્યા. એ દરબાર તરફથી હવે પગાર મળે તેમ ન હતું; પણ આપદમાં આવી પડેલા દરબારને છોડી દેવામાં પોતાને જ એટલું દુ:ખ હતું કે સુંદરજી વૈદ્યે રાજકોટમાં એ દરબારના ઘર નજીક મકાન ભાડે રાખ્યું ને જીવ્યા ત્યાં સુધી એ દરબારની વિના વેતને સેવા કરી.

બાપદાદાની સંપત્તિ અગાઉ હતી, પણ સ્વભાવ એવો હતો કે એ સંપત્તિ સંગ્રહવામાં પાપ સમજતા. પશુપંખી અણસમજુ જીવ છે. એ કૈં સંઘરતાં નથી છતાં એને ખાવાનું મળી રહે છે ને જીવે છે. કોણ જિવાડે છે? ત્યારે માણસ તો સમજુ છે. સરજનહાર કોઇને ભૂખ્યો સુવડાવતો નથી, તો માણસે શા માટે સંઘરો કરવાનું પાપ કરવું? આમ વિશ્વભરની દયામાં સુંદરજી વૈદ્યને અપાર શ્રદ્ધા હતી. આથી જેને ન હોય કે જરૂર હોય તેને દેવામાં એ પાછું વાળી જોતા નહિ. પોતાના સ્વર્ગસ્થ ભાઈ હરિલાલને પ્રતાપરાય નામે એક પુત્ર હતો તેને પોતાના ભાગનાં મોરબીનાં ઘર, ખેતરો તથા કથાનો પાટલો બધું જ આપમેળે આપી દીધું. પોતાનાં સંતાનો માટે શું રહેશે, એવો યે તેમણે વિચાર ન કર્યો. આથી આમરણમાં હતા ત્યારથી જ આર્થિક બાજુ નબળી થએલી. પણ દરબારનો નિયમિત પગાર હતો અને ગામલોકમાં એ પૂજ્ય હતા તેથી વ્યવહાર સરળતાથી નભી રહેતો. આમરણમાં પાછા જઈ રહે તો પગાર ન હોવા છતાં આજીવિકા સરળતાથી ચાલે તેમ હતું એ સમજતા હતા; ત્યાંના લોકોએ પણ આગ્રહ કર્યો હતો; છતાં તે ત્યાં ગયા નહિ.

નોકરી ન રહી; ઉપરાંત ઘર ભાડે રાખી રાજકોટ જેવા શહેરમાં રહેવાનું થયું. ગામ નવું હતું. કોઠી સરકારના નોકરોથી મોટે ભાગે સદર વસેલું હતું, ને એ વસતિનું વલણ સરકારના ડૉકટરી દવાખાના તરફનું હતું. તો તે સાથે વૈદ્યને વળગી રહેનારા માટે ઝંડુ ભટ્ટજીના નાના ભાઈ પ્રસિદ્ધ રસેશ્વરાચાર્ય મણિશંકરભાઈનું દવાખાનું વર્ષોથી સદરમાં હતું ને સારું ચાલતું. તેમાં સુંદરજી વૈદ્યની કૌટુંબિક પરંપરાગત રીતે વૈદું કરવાની ટેવ, અતિથિ-અભ્યાગતોની સેવા માટે તત્પરતા, વ્યવહારમાં કરી છૂટવાની ભાવના વગેરે તેના સ્વભાવમાંથી છૂટે તેવાં ન હતાં. વળી, નાનો પુત્ર વ્યવસાયમાં સ્થિર થઈ શકેલો નહિ. જે કોઈ દવા કરાવે તેની સુંદરજી વૈદ્ય દવા કરતા, તબિયત જોવા જતા પણ કોઈ જાતની ફી ન લેતા કે દવાનું બિલ ન કરતા; તેમજ દરદીઓએ તે જાતે સમજી કંઈક આપવું જોઈએ એવું અણસારાથી યે જણાવવાની એમને ઇચ્છા નહિ થએલી.

એ એક જ એવા વૈદ્ય હતા એમ કહેવાનું તાત્પર્ય નથી. એવી જ પ્રણાલીથી વૈદું કરનાર એ વખતે રાજકોટમાં બીજા વૈદ્ય હતા: ઝંડુ ભટ્ટજીના ભત્રીજા વૈદ્યરાજ પાર્વતીપ્રસાદ વિશ્વનાથ. પલટાતા જમાનામાં યે પોતાની જૂની ભાવનાને સાંસ્કારિક મહત્ત્વનો ધર્મ સમજી પરાણે વળગી રહેવાથી શું પરિણામ આવશે તે સ્પષ્ટ સમજવા છતાં એને વળગી રહ્યા અને પરિણામે તેના પર આર્થિક સ્થિતિપલટો ઘણો વિષમ થયો, છતાં એ જે હતા તે રહ્યા તેની આ નોંધ છે. જૂના વખતમાં ઘણા વૈદ્યો પૈસા ન લેતા, પણ જૂના કાળમાં લોકો યે જૂનવાણી માનસનાં હતાં. તેઓ કંઈક નિમિત્ત કાઢી અથવા બતાવીને અવસરે વૈદ્યને કંઈક આપી જતા. સુંદરજીની જ્ઞાતિમાં વૈદ્ય સાથે પૌરાણિક કથાનો વ્યવસાય હતો. દવાના પૈસા ન આપે પણ વૈદ્ય ભાગવતસપ્તાહ કરે ત્યારે ગામલોક યથાશક્તિ ભાગવત્ આગળ પુરસ્કાર ધરી જતા, તેમાંથી વૈદ્યનો નિર્વાહ થતો. પણ એ સંભવ નવા સંસ્કારવાળા વિકસતા રાજકોટમાં ન હતો. ઊગતા ડૉકટરોમાંથી કોઈ કોઈ તો કહેતા કે પૈસા ન લેનારા વૈદનું અમે પણ મુકાવી દેશું; એ જૂનવાણી માનસ જવું જોઇએ. વાત ખરી છે. આજે તો એ માનસ ગયું જ છે. પણ વૈદ્ય સુંદરજી અવસાન પામી ગયા ત્યાં સુધી એમના માનસમાં જરાકે ફેરફાર થઈ શક્યો નહિ!

રાજકોટમાં એ 'વૈદ્ય પોપટ ભટ્ટ' નામથી ઓળખાતા. એ નામ કેમ પડયું તેની મને ખબર નથી. પોપટની ચાંચ જેવા લાંબા અણિયાળા નાકને કારણે હોય તો એ સંભવ નકારી ન શકાય. પણ એ પોપટ જેવા વાચાળ ન હતા. જરૂર પૂરતું જ બોલતા. સ્વભાવે નમ્ર હતા. પહેરવેશ પણ સાદો—ઘણો સાદો, ને સ્વચ્છ ન કહેવાય તેવો હતો. દરદીને દવા દઈ વાત કરતા હોય ત્યારે જાણે વાત્સલ્યનો લ્હાવ લેતા હોય તેવું ભાસતું. એ તબિયત જોવા જાય ત્યારે સાથે પેટી ન રાખતા, પાઘડીના વળમાં વચમાં થોડાં પડીકાં રાખતા. દરદીને ત્યાં પાઘડીમાંથી કાળજીથી પડીકાં કાઢવા છતાં ક્યારેક એ પાઘડીના લીરા નીકળી આવતા તે એમની નબળી થઈ ગએલી આર્થિક સ્થિતિનો ખ્યાલ આપતા. પણ એવે વખતે એમની મુખમુદ્રા બદલાતી નહિ. એ દરદીમાં જ પરોવાએલા રહેતા. તબિયત

જોઈ તરત ચાલી ન નીકળતા. સમાધાન થાય, રાહત થાય તેટલું બેસતા.

એમની સ્થિતિનો ખ્યાલ આપતાં પૂર્વાશ્રમના ઍડવોકેટ શ્રી જયસુખલાલ હાથી અને હાલના સ્વામીશ્રી રાજેશ્વરાનંદજી મહારાજે મને આવું કહેલું: 'પોપટ ભટ્ટની પૈસા નહિ માગવાની વાત અમારી નાગરી નાતના વડીલો જાણતા, એટલે માંદાં બાળકોને ઘરની સ્ત્રીઓ સાથે પોપટ ભટ્ટ પાસે મોકલી દેતા; પોતે ઘેર ન હોય એવા સમયે વૈદ્ય તબિયત જોઈ જાય તેમ ગોઠવતા. જરાક આપો ત્યાં સંતુષ્ટ રહે એવા પોપટ ભટ્ટને અમે ઘણો અન્યાય કર્યો છે.'

સ્વામીજી મારા પૂજ્ય છે, માન્ય છે. છતાં એમનાથી જુદો મારો અભિપ્રાય દેવો ઉચિત ધારું છું. સ્વામીજીના આ કથનમાં અતિશયોક્તિ છે ને તે અલંકાર છે. તેમાં જેમ વૈદ્યની સ્થિતિ સચોટ ઊપસી આવે છે તેમ તેમાં સ્વામીજીના પોતાના પૂર્વાશ્રમની જ્ઞાતિના જીવન વ્યવહારનો આદર્શ મૂક્યો છે. સ્વામીજીએ તો પોતે સંસારનો ત્યાગ કર્યો છે. તેઓ પોતાના આપ્તવર્ગમાં એ આદર્શ અનુસાર વ્યવહારની અપેક્ષા રાખે એ અસ્થાને નથી. પોતાના સરસવ જેવડા અવગુણને પર્વત સમાન મોટો કરી જોવાની ટેવ સાધુ-સંતો ને સજ્જનોમાં હોય છે. તેવા આદર્શવાદીનું આ કથન છે. સ્વામીજીએ પોતાના યૌવનમાં સુંદરજી વૈદ્યને જોએલા. ત્યારે હું બાળક હતો, પણ સદરમાં જ રહેતો ને વૈદ્યને મળવાનું ઘણી વાર બનતું. વાત ખરી કે સ્વામીજી જેટલી ઝીણી વિગતોની મને ખબર ન હોય, તેમ એવી નજર અને પકડ પણ ન હોય; છતાં મને એવી છાપ રહી છે કે રાજકોટનાં નાગરો સામાન્યતઃ સૌજન્યશીલ, વ્યવહારદક્ષ અને પરગજુ હતા, સર્વહિતલક્ષી આચરણથી પોતાની પ્રતિષ્ઠા જાળવતા.

એક વખત ગામના એક વેપારી સદ્‌ગૃહસ્થના છોકરાને ક્ષયરોગ થએલો. ડૉક્ટરોની દવા કામયાબ ન નીવડ્યા પછી બીજા વૈદ્યની યે દવા કરી. પણ દરમિયાન એક તરફથી એ વેપારીની પેઢીમાં ભારે નુકસાન આવ્યું અને બીજી તરફથી દીકરાની તબિયત લથડતી ગઈ. કોઈએ તેને સુંદરજી વૈદ્યની દવા કરાવવા કહ્યું. વેપારી સુંદરજી વૈદ્ય પાસે ગયા અને છોકરાની દવા કરવા વિનંતી કરી, સાથે પોતાની આર્થિક સ્થિતિનો થોડો ખયાલ આપી દીધો. સુંદરજી વૈદ્યે દવા કરી. જેમાં સોનું, મોતી વગેરે કિંમતી દ્રવ્યો આવતાં તથા બનાવવામાં બહુ કઠિન ને મોંઘી પડે તેવી સહસ્રપુટી અભ્રકભસ્મ જેવી દવાઓ આપી સુંદરજી વૈદ્યે તેને સવા વર્ષે સાજો કર્યો. પોતે ન બનાવી શક્યા હોય તેવી દવા ઝંડુ ભટ્ટજીની જામનગરની રસશાળામાંથી વેચાતી મંગાવી દરદીઓને મફત આપતા.

આમ સુંદરજી વૈદ્ય ઉત્તરોત્તર આર્થિક રીતે ઘસાતું જીવન જીવી ગયા. ભૂતકાળ સાથે સરખામણી એ ન કરતા, તેમ ભૂતકાળ સંભારતા નહિ. વળી પલટાએલી સ્થિતિનું દુઃખ એમણે ગાયું ન હતું, કદાચ એ કહેવાપણું તેમને ન હતું. અનન્યપણે જે પ્રભુને સ્મરે છે તેનો વ્યવહાર પ્રભુ ચલાવે છે એવી એમની દૃઢ શ્રદ્ધા હતી. એ ચાલુ જપમાં કે અનુષ્ઠાનમાં બેસતા તેવું ન હતું. પ્રભુમાં અનન્ય શ્રદ્ધાથી એ વ્યવહારમાં પરોવાએલા રહેતા. તેમના દોહિત્ર પ્રવીણરાય ઉમિયાશંકર પટ્ટણીએ મને કહેલું કે કોઈ વ્યવહાર આવી પડે ને પૈસાની તાત્કાલિક જરૂર ઊભી થતાં ઘરમાં સહુને ચિંતા થવા લાગે ત્યારે દાદા કહેતા કે વ્યવહાર ભગવાન ચલાવે છે, એ ટાણાસર આપી રહેશે. ને બનતું પણ એમ જ. કોઈ ને કોઈ દરદી ટાણે આવી સામટી રકમ આપી જતો ને પ્રસંગ સરળ રીતે ઊકલી જતો.

વૈદ્યરાજ સુંદરજીના પૌત્ર શ્રી ગુણવંતરાય શંભુપ્રસાદને થોડા પ્રસંગો યાદ છે તેમાંથી એક આ છે. ઈ.સ. ૧૯૨૫–'૨૬માં રાજકોટમાં પ્લેગ ફાટી નીકળેલો. ગામ ખાલી થઈ ગએલું. જ્યાં રહેતા તે ઘરનું ભાડું ચડી ગએલું. મકાનમાલિક બહારગામ રહેતા. તેનો કાગળ આવ્યો કે ભાડું લેવા હું અમુક દિવસે જાતે આવીશ, એ માટે જ આવું છું તો ભાડું તૈયાર રાખશો. આ કાગળ મળતાં ઘરનાં સહુને પૈસા ક્યાંથી દેશું એ ચિંતા

હરિઃ ૐ આશ્રમ તરફનાં

જૂન અંક માટેનાં રૂ. ૫૦–૫૦નાં બે પારિતોષિકો

જીવનચરિત્ર 'જેઈન ઍડમ્સ' માટે કમલા પરીખને

વ્યક્તિચિત્ર 'પ્રભાશંકરની શિક્ષકવૃત્તિ' માટે મુકુંદરાય પારાશર્યને

થઈ, પણ દાદાને કંઈ અસર પણ નહિ. સવારે ટ્રેઈનમાંથી ઊતરી પોતાના સંબંધીને ત્યાં જતાં રસ્તામાં ઘર પાસે ગાડી રોકી મકાનમાલિક કહી ગયા કે પોતે અત્યારે સંબંધીને ત્યાં જાય છે; જમીને વળતાં સ્ટેશને જતી વખતે ભાડું લઈને જશે. એ ગયા ત્યાં સુધી ઘરમાં કંઈ ન હતું. બપોરે લગભગ એક વાગ્યે ભાટિયા ધર્મશાળાના મુનીમજી આવ્યા ને દાદાની માફી માગતાં કહ્યું: 'મુંબઈના અમુક શેઠ જે આપની અહીં દોઢ વર્ષ પહેલાં દવા કરાવી ગએલા તેનો મારા પર બે દિવસ અગાઉ મનીઑર્ડર આવ્યો છે, પણ હું બીમાર હોવાથી આવી શક્યો ન હતો. આ એ પૈસા.' એ દઈને ગયો અને બે વાગ્યે મકાનધણી આવતાં તેને ભાડું આપી દીધું. જો આ પૈસા આગલે દિવસે આવ્યા હોત તો દાદા પોતાની ટેવ મુજબ ગુપ્તદાનમાં, કોઈ ધાર્મિક કાર્યમાં કે વ્યવહારમાં વાપરી નાખત!

આર્થિક બાબતમાં જ ઈશ્વર પર તેમને શ્રદ્ધા હતી તેમ ન હતું. જીવનની દરેક બાબતમાં તેમની અખૂટ શ્રદ્ધા હતી. પ્લેગ ફાટી નીકળતાં લોકો ગામ છોડી જતાં ત્યારે તેમણે સગાંઓને કહેલું કે ઈશ્વર પર શ્રદ્ધા હોય તેણે ગામ છોડવાની જરૂર નથી. પરિણામે ઘણાં સ્વજનો, સગાંઓ પોતાના કુટુંબપરિવાર સહિત ત્યાં જ રહ્યાં અને વૈદ્યરાજ સહુને સૂર્યોદય પહેલાં લીમડાનાં કૂણાં પાન ઉતરાવી, વટાવી, તેનો રસ પાતા. કોઈને કંઈ મુશ્કેલી કે માંદગી આવી નહિ.

સુંદરજી વૈદ્ય પોતાની વિદ્યામાં અત્યંત પ્રવીણ હતા. એનો તેમને સંતોષ હતો. વૈદ્યરાજ મણિશંકર જતાં તેના પુત્ર ત્રંબકલાલ તથા તેના પિત્રાઈ ભાઈ પાર્વતીપ્રસાદ વિશ્વનાથ કાઠિયાવાડના સમર્થ વૈદ્ય તરીકે પંકાએલા હતા છતાં તેઓ સુધ્ધાં ક્યારેક મૂઝાય ત્યારે પોતાના દરદીઓને સુંદરજી વૈદ્યને બતાવી માર્ગદર્શન મેળવતા. વૈદ્યરાજ પાર્વતીપ્રસાદ વધુ મર્મજ્ઞ હતા. એ તો પોતાના દરદીઓને બતાવી સુંદરજી વૈદ્ય સાથે નિદાન પરત્વે લંબાણથી ચર્ચા કરતા એ ચિકિત્સા પૂછીને એ ચિકિત્સાનો પ્રાચીન ગ્રંથોમાંથી આધાર જાણી ખાતરી કરતા, તેમજ એવા બીજા કેઈસોની વિગતો પૂછતા. સુંદરજી વૈદ્ય તેમને આધાર બતાવતા. તેમની પાસે તાડપત્રી પર લખેલો કોઈ અપ્રકટ ગ્રંથ હતો તેમાંથી યે વંચાવતા. એ તાડપત્રીઓનું શું થયું, કોઈને ખબર નથી.

મારાં મોટીબા પાસે એ ક્યારેક આવતા ત્યારે કલાક દોઢ કલાક બેસી જતા. એમની પારમાર્થિક વાતોમાં મારા પિતા ઊંડો રસ લેતા. મને તો તેમનું એકવડું, ઊંચું ને કૃશ શરીર, કરચલીઓથી ભરપૂર મુખ, મોટા કપાળ નીચે સફેદ ભમરોની તળે પલકતી પ્રસન્ન ઊજળી વત્સલ આંખો નજરે તરે છે. એવડી અવસ્થાએ એવી નિર્મળ ને ઉજ્જ્વળ આંખો મેં ફક્ત જૂનાગઢના સંત વ્યાસબાપાની જોઈ છે.

પોતાનો ખોરાક કે વસ્ત્ર અમુક પ્રકારનાં હોવાં જોઈએ કે અમુક સગવડ જળવાવી જોઇએ એવું ઘરમાં યે કદી કહેતા નહિ, જણાવા દેતા નહિ. ઈ. સ. ૧૯૨૬–'૨૭માં એમનાં પત્નીનું અવસાન થયું. પોતાના અવસાન પછી સંતાનો પર કારજનો ભાર ન પડે તે ઈરાદે આતુર સંન્યાસ લેવાની ઇચ્છા તેમણે બતાવેલી, પણ સંતાનો સહમત ન થતાં છોડી દીધી. ઈ. સ. ૧૯૨૯માં એમનું અવસાન થયું. □

વેગની મર્યાદા

ડૉ. યશવંત ગુ. નાયક

આજે માનવી એટલો બધો પ્રવૃત્તિશીલ થયો છે કે એને બને તેટલા ટૂંકા સમયમાં વધુ મુસાફરી કરવી પડે છે. આથી છેલ્લાં સો વર્ષમાં એણે મુસાફરી કરવાનાં ઝડપી સાધનો પેદા કરવામાં ખૂબ પ્રગતિ કરી છે. યાંત્રિક સાધનો શોધાયાં તે પહેલાં મનુષ્ય બળદ, ઘોડા, હાથી, ઊંટ, વગેરે પશુઓનો વાહન તરીકે ઉપયોગ કરતો હતો. બળદ કલાકના ૮ માઈલ, ઘોડો કલાકના ૨૦ માઈલ, હાથી કલાકના ૧૬ થી ૨૫ માઈલ અને ઊંટ રણમાં કલાકના ૧૦ થી ૧૨ માઈલ મુસાફરી કરી શકે છે. કૂતરો, સસલું, હરણ, ચિત્તો વગેરે પ્રાણીઓની ઝડપ અનુક્રમે કલાકના ૨૯, ૨૫, ૪૦, અને ૬૦ માઈલની હોય છે. સમડી અને ગરુડ પક્ષીઓની ઝડપ કલાકના ૧૦૦થી ૧૭૫ માઈલ સુધીની માલૂમ પડી છે.

જીવંત પ્રાણીઓની ઝડપનં મર્યાદા હોય છે અને તે એકીસાથે બહુ લાંબા અંતરે જઈ શકે નહિ. એને વચ્ચે વચ્ચે વિસામો તો લેવો જ પડે. સાઈકલની શોધ થવાથી માણસે મુસાફરીની ઝડપ વધારી, પરંતુ યાંત્રિક વાહનોથી એ ઝડપમાં ઘણો વધારો થયો. વરાળયંત્રથી ચાલતી ટ્રેઈનની ઝડપ કલાકના ૫૦થી ૭૫ માઈલ સુધીની થઈ શકી. મોટરગાડી વડે તેમાં વધારો થયો અને ૭૫ થી ૧૦૦ માઈલની ઝડપ સહજ બની. વીસમી સદીની શરૂઆતમાં વિમાનની શોધ થવાથી આ ઝડપમાં ક્રમશઃ વધારો થતો રહ્યો. કલાકના ૧૫૦ માઈલ ઊડતાં વિમાનોની ઝડપ ૩૦૦થી ૪૦૦ માઈલ સહેજે થઈ શકી. છેલ્લાં વીસ વર્ષમાં જેટ વિમાનોએ આ ઝડપમાં ખૂબ વધારો કર્યો અને કલાકના ૬૦૦ માઈલની ઝડપ સહજ બની છે. અવાજનો વેગ કલાકના ૭૫૦ માઈલ જેટલો હોય છે, એટલે આ બધાં વાહનોનો અવાજ તે આપણી પાસે આવે તે પહેલાં આપણે સાંભળીને ચેતવણી લઈ શકીએ છીએ. બંદૂકની ગોળીનો વેગ અવાજના વેગ કરતાં વધુ હોવાથી તેનો અવાજ તે પસાર થાય ત્યાર પછી આપણને મળે છે. હવે અવાજથી વધુ વેગવાળાં જેટ વિમાનો પણ તૈયાર થયાં છે. અને તે 'અવાજ-મર્યાદા' (Sound-barrier) એટલે કે અવાજના વર્ગની મર્યાદા પાર કરી કલાકના ૮૦૦, ૯૦૦ કે ૧૦૦૦ માઈલની ઝડપે પણ ઊડી શકે છે! આ વિમાનોની ઝડપ વધીને 'અવાજ-મર્યાદા'ની પાર જાય છે ત્યારે એક ભયાનક કટાકો થાય છે અને ત્યાર બાદ એનો અવાજ વિમાનની પાછળ પાછળ આવે છે.

અવકાશમાં ઊડતાં રૉકેટોની ઝડપ તો એથી પણ વધુ હોય છે. પૃથ્વીની ફરતે પ્રદક્ષિણા કરતાં રૉકેટ કલાકના ૧૮,૦૦૦ માઈલની ઝડપે મુસાફરી કરે છે. ચંદ્ર ઉપર જનાર અને અવકાશમાં મુસાફરી કરનાર રૉકેટોને પૃથ્વીના ગુરુત્વાકર્ષણ-બળને ભેદી જવા માટે દર સેકન્ડે ૬·૭ માઈલની ઓછામાં ઓછી ઝડપ પ્રાપ્ત કરવી પડે છે. એટલે પૃથ્વીને છોડીને અવકાશમાં ગુરુત્વાકર્ષણના અવરોધ વિના મુસાફરી કરતું વાહન કલાકના ૨૪,૧૨૦ માઈલ (આશરે ૨૫,૦૦૦ માઈલ)ની ઝડપે સફર કરે છે. યાંત્રિક વાહનોએ પ્રાપ્ત કરેલી ઝડપમાં આ સૌથી વધુમાં વધુ ઝડપ કહી શકાય. આટલી ઝડપથી કોઈ પણ વાહન પૃથ્વીના વાતાવરણમાં મુસાફરી કરી શકે નહિ, કારણ કે પૃથ્વીની સપાટીની નજીક હવા એટલી ઘટ્ટ છે કે જેમાં આ વાહન તેના ઘર્ષણથી બળીને ભસ્મીભૂત થઈ જાય! ચંદ્ર અથવા સ્પુટનિક ઉપરથી પૃથ્વીની સપાટી ઉપર પાછા વળતાં જે વાહનમાં માણસ આવે છે તેની ઝડપ ઘણી ઓછી કરવા છતાં તેની સપાટી લાલચોળ થઈ જાય છે અને તેથી ઉપલી ધાતુ બહુ ઊંચા ઉષ્ણતામાને પણ ન પીગળે તેવી રાખવામાં આવે છે. વળી એ ગરમી વાહનની અંદર ન જાય તે માટે અનેક ઉષ્મા-અવરોધક પડો રાખવાં પડે છે. વધુ ઝડપે જતાં જેટ વિમાનોને પણ આવાં જ કારણસર ઘણી ઊંચી સપાટીએ, જ્યાં હવા ખૂબ પાતળી હોય, ત્યાં ઉડાડવાં પડે છે. આમ છતાં આજે જેટ વિમાનથી મુસાફરી કરતો માણસ સવારે ચાપાણી નાસ્તો કરી મુંબાઈથી નીકળે તો તે બપોરે લંડનમાં ભોજન લઈને રાતે ન્યૂ યૉર્કમાં સાંજનું વાળુ કરી શકે તેવી શકયતાઓ પેદા થઈ છે.

આમ છતાં માણસને જેમ વયની મર્યાદા છે તેવી જ પૃથ્વી ઉપર ઝડપને પણ મર્યાદા આવશે એમાં શકા નથી. પરંતુ અવકાશમાં મુસાફરી કરતા રૉકેટને આવી મર્યાદા રાખવાની જરૂર રહેતી નથી કારણ કે ત્યાં શૂન્યાવકાશ હોવાથી ગમે તેટલી ઝડપ પ્રાપ્ત કરવી હોય તો પ્રાપ્ત કરી શકાય છે. આથી અવકાશમાં દૂરદૂર મુસાફરી કરવી હોય તો મનુષ્યે એના અવકાશી વાહનોની ઝડપ વધારવી જ પડશે. કલાકના ૨૫,૦૦૦ માઈલની ઝડપે મુસાફરી કરતા વાહનને ચંદ્ર ઉપર પહોંચતાં ૨॥ દિવસ થાય છે, પરન્તુ મંગળ ઉપર જતાં ૬ માસ લાગશે. અને જો સૂર્યમંડળના છેલ્લા ગ્રહ પ્લુટો ઉપર જવું હોય તો આ વાહનમાં એને આશરે ૪૦થી ૫૦ વર્ષ મુસાફરી કરવી પડે. આથી મનુષ્ય જન્મે ત્યારે રૉકેટમાં મુસાફરી કરે તો તે સાજોસમો પાછો વળે ત્યારે તેની ઉમર ૯૦થી ૧૦૦ વર્ષની થાય. આનો અર્થ એ થયો કે આપણા સૂર્યમંડળના દૂરના ગ્રહોની માંડ મુસાફરી કરી શકે, પરંતુ જીવતો પાછો આવે તેવી શકયતા પ્રમાણમાં ઓછી રહે છે. આથી આપણા હાલના અવકાશી રૉકેટની ઝડપ હજી પણ ઘણી બધી વધારવી પડશે. આપણા સૂર્યમંડળને છોડીને સૌથી નજીકના 'જય'ના તારા ઉપર જવું હોય તો તે માટે કલાકના ૨૫,૦૦૦ માઇલે જનારા રૉકેટને આશરે ૧,૨૦,૦૦૦ વર્ષ થાય. આનો અર્થ એ થયો કે આપણે અવકાશમાં હાલનાં રૉકેટો વડે સૂર્યમંડળથી બહાર જઈ શકીએ તે અશકય જ છે. જો આ નજીકના તારા ઉપર જઈને પાછા આવવું હોય તો રૉકેટની ઝડપ ૫૦થી ૬૦ હજાર ગણી વધારવી પડે. આ શકય બ . તો પણ અવકાશમાં ઝાઝા અંતરના તારા ઉપર પહોંચવું અશકય લાગે છે. એટલે આપણે આપણા વાહનનો વેગ કેટલો વધારી શકીએ અને એવા વેગને કોઈ મર્યાદા છે કે કેમ તેવો એક પ્રશ્ન સહજ થાય છે.

આઈન્સ્ટાઇને સાબિત કર્યું હતું કે આ વિશ્વમાં સૌથી વધુ વેગ પ્રકાશનો છે અને તે સેકન્ડના ૧,૮૬,૦૦૦ માઈલ. કોઈ પણ દ્રવ્યના કણો અથવા દ્રવ્યનું સાધન આટલો વેગ પ્રાપ્ત કરી શકે નહિ. ઇલેક્ટ્રોન જેવા સૌથી હલકામાં હલકા દ્રવ્યના કણોની ઝડપ તપાસતાં માલૂમ પડે છે કે તેની ઝડપ બધા પ્રાથમિક કણોમાં સૌથી વધુ હોય. દાખલા તરીકે હાઇડ્રોજન જેવા પરમાણુની પ્રદક્ષિણા કરતા ઇલેક્ટ્રોનનો વેગ દર સેકન્ડે ૧૪૦૦ થી ૧૫૦૦ માઈલ હોય છે. નિયોન લાઈટની નળીમાં જે ઇલેક્ટ્રોન વહે છે તેનો વેગ દર સેકન્ડે ૩૦,૦૦૦ થી ૪૦,૦૦૦ માઈલ થાય છે. વીજવાહક તારમાં જે ઇલેક્ટ્રોન વહેતા હોય છે. તેનો વેગ દર સેકન્ડે ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ માઈલ હોય છે. રેડિયમ જેવા કિરણોત્સારી પદાર્થના નાભિ(ન્યુક્લિયસ)માંથી નીકળતા ઇલેક્ટ્રોનનો વેગ સૌથી વધુ હોય છે અને તે લગભગ ૫/૬ ભાગ જેટલો એટલે કલાકના ૧,૫૦,૦૦૦ માઈલ જેટલો થાય છે.

આ પરથી એમ લાગે છે કે માત્ર ઇલેક્ટ્રોનનું બનેલું કોઈ વાહન હોય તો તે પ્રકાશના વેગની પાસે પહોંચી શકે. પરંતુ એકલા ઇલેક્ટ્રોનનું કોઈ દ્રવ્ય પેદા થઈ શકે નહિ. આપણી સૃષ્ટિમાં દેખાતા દરેક દ્રવ્યના ૯૨ પ્રકારના પરમાણુ થાય છે અને તે દરેકમાં ઇલેક્ટ્રોન ઉપરાંત તેનાથી આશરે ૨,૦૦૦ ગણા ભારે પ્રોટોન તથા ન્યુટ્રોન નામના પ્રાથમિક કણો હોય છે.

આથી જુદાંજુદાં તત્ત્વોના પરમાણુ ઇલેક્ટ્રોન કરતાં ૨,૦૦૦થી ૪૦,-૦૦૦ જેટલા ભારે હોય છે. એટલે સરેરાશ ૨૦,૦૦૦ ગણા ભારે પરમાણુનાં તત્ત્વોનું બનેલું વાહન ઇલેક્ટ્રોનના જેટલો વેગ કદી પ્રાપ્ત ન કરી શકે. કલાક કલાકના ૫૦,૦૦૦ માઈલથી વધુ વેગ પ્રાપ્ત કરવો અશક્ય છે.

[illegible] વેગની મર્યાદાનું બીજું કારણ એ છે કે જેમ પદાર્થનો વેગ વધે છે તેમ તેના વજનમાં વધારો થાય છે. ઓછા વેગે આ વધારો જણાતો નથી પરંતુ ઇલેક્ટ્રોનના કલાકના ૧૫,૦૦૦ માઈલના વેગે તેનું વજન લગભગ બમણું થઈ જાય છે. એથી વધુ વેગવાળા ઇલેક્ટ્રોન પણ પેદા કરી શકાય છે. જો કોઈ પદાર્થ પ્રકાશના વેગથી મુસાફરી કરે તો તેનું દ્રવ્યમાન અનંત થઈ જાય. આથી આઈન્સ્ટાઈને પ્રતિપાદન કર્યું હતું કે કોઈ પણ દ્રવ્યનો કણ પ્રકાશ જેટલા વેગથી મુસાફરી કરી શકે નહિ.

આ ઉપરથી સ્પષ્ટ લાગે છે કે અવકાશમાં મુસાફરી કરવાના વાહનો-ના વેગને મોટી મર્યાદા સદાને માટે રહેવાની છે, ને એ વધુમાં વધુ કલાકે ૫૦,૦૦૦થી ૬૦,૦૦૦ માઈલ વેગથી જ મુસાફરી કરી શકશે. આથી આવા અવકાશી યાનથી અંતરીક્ષમાં મનુષ્યની ૧૦૦ વર્ષની વય મર્યાદામાં આપણે કદી પણ સૂર્યમંડળ બહારના કોઈ તારા પાસે પહોંચી શકીશું નહિ.

આમ છતાં ધારો કે ભવિષ્યમાં પ્રકાશના વેગની નજીકનો એટલે કે ઇલેક્ટ્રોનના જેટલો (કલાકે ૧,૫૦,૦૦૦ માઈલ) વેગ પ્રાપ્ત કરતાં વાહનો પેદા કરી શકાય તો આપણી અવકાશયાત્રાનો વિસ્તાર કેટલો વધશે તે પણ જોઈ લઈએ. આવા પ્રકારના જેટલી ઝડપે જતા વાહનને પ્રકાશયાન કહેવામાં આવે છે. એ પ્રકાશયાનમાં આપણે સૂર્યથી નીકળી અવકાશ તરફ પ્રયાણ કરીએ તો પૃથ્વી ઉપર આવતાં આશરે ૮ મિનિટ લાગે, અને સૌથી દૂરના ગ્રહ પ્લુટો ઉપર જતાં આશરે ૧૧ કલાક લાગે, ત્યાંથી નીકળી જયના તારા ઉપર પહોંચતાં ૪·૩ વર્ષ લાગે. ધ્રુવના તારા ઉપર પહોંચતાં ૪૦૦ વર્ષ લાગે અને આપણા તારામંડળના એક છેડાથી બીજા છેડે જતાં ૧ લાખ વર્ષ લાગે! આપણા તારામંડળ અને આસપાસનાં બીજાં તારામંડળ તથા નિહારિકાઓ વચ્ચેનું સરેરાશ અંતર ૧૦ લાખ પ્રકાશ-વર્ષ હોવાથી આપણે આપણું તારાવિશ્વ છોડી નજીકના બીજા તારાવિશ્વમાં જવું હોય તો તે માટે ૧૦ લાખ વર્ષ લાગે. એક સેકંડે ૧,૮૬,૦૦૦ માઈલના વેગે મુસાફરી કરતો પ્રકાશ એક વર્ષમાં જેટલું અંતર કાપે તેને એક પ્રકાશ-વર્ષ અંતર કહેવામાં આવે છે અને તે અંતર આશરે ૫,૮૦૦ અબજ વર્ષ જેટલું થાય છે. આ ઉપરથી આપણને અવકાશમાં વિસ્તરેલાં તારામંડળો, નિહારિકાઓ અને બીજા આકાશી પદાર્થો વચ્ચે-નાં અંતરની પ્રચંડતાનો કંઈક ખ્યાલ આવે છે. તે સાથે એટલું પણ સ્વીકારવું પડે છે કે મનુષ્યના જીવનની મર્યાદાને લક્ષમાં લઇને જોતાં તે નજીકના ભવિષ્યમાં એ અંતરીક્ષમાં વધુમાં વધુ સૂર્યમંડળના છેલ્લા ગ્રહ ઉપર પહોંચી શકે, પરંતુ તેનાથી દૂર મુસાફરી કરવા જાય તો તે કદી જીવતો પાછો આવી શકે નહિ. હા, કદાચ અંતરીક્ષમાં તેનું યાન અને તેનું શબ અનંત કાળ સુધી ભ્રમણ કરતું થઈ જાય. □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૪૩

વાળો

વાળાના રોગને આયુર્વેદની પરિભાષામાં 'સ્નાયુક' કહે છે.

બંધિયાર અને ગંદા પાણીવાળા તળાવ, વાવ, કૂવા જેવાં જળાશયોનું પાણી પીવાથી વાળાનો રોગ થાય છે. જે પ્રદેશમાં ને જે સમયે વાળાનો રોગ પ્રસાર પામ્યો હોય ત્યાં ત્યારે જળાશયોમાં વાળાના રોગી જવા-આવવાથી પ્રચુર પ્રમાણમાં પ્રસરે છે અને સતત વૃદ્ધિ પામે છે. આવું દૂષિત પાણી પીવાથી આ જંતુઓ શરીરમાં પ્રવેશે છે અને શરીરના નીચેના ભાગ પગ તરફ પ્રયાણ કરે છે. પખવાડિયા પછી મોટે ભાગે રોગીને પગ ઉપર ગાંઠ થાય છે અને સહેજ તાવ આવે છે. થોડા દિવસે આ ગાંઠ પાકીને ફૂટે છે અને તેમાંથી વાળો બહાર આવે છે. આ વાળો સૂતર જેવો સફેદ પાતળો અને લાંબો હોય છે. નીકળતાં નીકળતાં જો તે તૂટી જાય તો બીજી જગ્યાએ સોજો કરી ત્યાંથી બહાર નીકળે છે. વાળો હાથમાં અને શરીર પર અન્યત્ર પણ નીકળે છે. કેટલીક વાર વિશિષ્ટ જગ્યાએ તેનો ઉપદ્રવ થવાથી તે અંગમાં ખોડ ઉત્પન્ન કરે છે. વાળાને લીધે અસહ્ય પીડા, કાળી બળતરા, તાવ અને જે તે અંગની ખોડ થઈ જાય છે.

ઉપચાર

૧) વાળો ફૂટીને બહાર નીકળે તો તેના ઉપર સતત પાણીની ધાર કરતા રહી ધીરે ધીરે તેને બહાર કાઢતા જવો. જો વાળો પૂરો બહાર નીકળી જશે તો રોગ શાંત થઈ જશે. વાળો દીવાસળીને વીંટી લેવો જોઈએ. બહાર કાઢતાં કાઢતાં તૂટી ન જાય તેની ખાસ સાવચેતી રાખવી જોઈએ. ૨) કુવેચની રૂવાંટીમાંથી ભિત્રણ રુંવાટી વાળાની જગ્યાએ મૂકતાં વાળો તરત જ બહાર આવશે. ૩) હિંગના પાણીનાં પોતાં મૂકવાથી અને હિંગને ફાકવાથી વાળો નાશ પામે છે. હિંગ ફાકવાથી ઊબકા આવતા હોય તો ખાલી કૅપ્સ્યુલમાં ભરીને ગળી જવી. ૪) ત્રણ દિવસ તોલો તોલો ચોખ્ખું ઘી પીને પછી ત્રણ દિવસ નગોડના પાનનો રસ બબ્બે તોલા પીવો. ૫) ફુલાવેલી ફટકડી ૪ ગ્રામની માત્રામાં ગોળ સાથે દિવસમાં બે વાર આપવી. ૬) વડની કુમળી વડવાઈની બે તોલા જેટલી ચટણી એટલા જ ગોળ સાથે ખાવી. ૭) સાપની કાંચળીની ગોળમાં ગોળી વાળી તેનું સેવન કરવું. ૮) નવસાર ૩ ગ્રામ ઘી ૫ ગ્રામ સાથે મેળવી ચાટવું. ૯) નારિયેળને કોચી તેમાં ૩ થી ૪ ગ્રામ નવસાર ભરી રાખવું. બીજે દિવસે તે પાણી પીવું અને નારિયેળ ખાઈ જવું. ૧૦) મરી ગએલા વાળાને કાઢવા ઝેરકચોલા અને સોમલનો લેપ કરવો. ૧૧) બાવળનાં બી ગોમૂત્રમાં વાટીને, અશ્વગંધા છાશમાં પીસીને, સરગવાનાં મૂળ તેલમાં ઘસીને કે હળદર માનવમૂત્રમાં મેળવીને લેપ કરી શકાય. ૧૨) વાળાના વાયરા વખતે ઉકાળેલું પાણી જ પીવું. અને રોગીને જળાશય પાસે જવા ન દેવો.

વૈદ્ય નવીનભાઇ ઓઝા

અનુસંધાન] **અંગ્રેજી સાહિત્યનું આચમન** [પૃષ્ઠ ૨૨૫ થી

નાટકનું મૂળ પ્રાચીન અંગ્રેજી ઇતિહાસ અને દંતકથાઓમાં છે. તેમાં રાજવારસો વચ્ચેના ઝગડા અને આંતરયુદ્ધનો ચિતાર—રાણી એલિઝાબેથને ચીમકી રૂપ—છે. અંગ્રેજી ટ્રૅજેડીનું સ્વરૂપ સૌપ્રથમ આ કૃતિમાં પામી શકાય છે. આજે જોકે એનું મૂલ્ય નહિવત્ છે, પણ સોળમા સૈકામાં તો એ સિદ્ધિરૂપ મનાઈ હતી.

'ગોર્બોડક'ના અનુકરણરૂપે પછી ગૅસ્કૉઈન ને કિન્વેલમાર્શ (Kinwelmarsh) એ બે નાટયકારોએ 'જોકાસ્ટા' (Jocasta)ની રચના કરી. એમાં પણ બ્લૅન્ક વર્સનો પ્રયોગ છે. એક તરફ રૂવાં ખડાં કરે તેવી ભયાનક ઘટના અને બીજી તરફ નીતિબોધ બંને એમાં સાંથેસાથે ચાલે છે. એ જ પ્રકારની બીજી એક ટ્રૅજિક રચના 'ગિસ્મન્ડ ઍન્ડ સૅલર્ન' (Gismond and Salern) રૉબર્ટ વિલ્મૉટે (Robert Wilmot) રજૂ કરી હતી. એનું વસ્તુ સીધું બોકૅશિયોના 'ડેકેમેરન' (Dacameron)-માંથી લેવામાં આવ્યું છે.

અને છેલ્લે 'ધ મિસફૉર્ચ્યુંન્સ ઑવ આર્થર' (The misfortunes of Arthur)નો નિર્દેશ કરવો ઘટે. તેમાં વસ્તુ ઐતિહાસિક છે અને શૈલી સેનેકાનાં નાટકોની છે. (ચાલુ)

સ પ્રદર્શનો દ્વારા જાગૃતિ

ગુજરાતમાં કલાનાં પગરણ

રવિશંકર રાવળનું

આત્મકથાનક અને 'ગુજરાત કલાસંઘ'ની કથા

[૮]

સુરતનું પ્રદર્શન (જેની વાત અગાઉ આવી ગઈ છે) તે જ વર્ષના ઑક્ટોબરની ૧૭મી તારીખે થયું હતું. ઉમરેઠમાં પણ ત્યાંના વિદ્યાર્થી મંડળે 'ગ્રામ કલા પ્રદર્શન' ભરી એક નવી શરૂઆત કરી હતી. આ પ્રસંગે પણ કલાભક્ત મિત્ર ડૉ. હરિપ્રસાદ દેસાઈએ કલા પર વ્યાખ્યાન આપતાં, અજંતાની વાત કરતાં બે કલાક સુધી શ્રોતાઓને રસસમાધિમાં રાખ્યા હતા. એ સપ્તાહના પ્રમુખપદે દક્ષિણામૂર્તિવાળા નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ (નાનાભાઈ) હતા. ઉપરાંત એ જ વર્ષે અમદાવાદમાં યુવક સપ્તાહ ઊજવાયું તેને અંગે કલાવિવેચક કનૈયાલાલ વકીલ અને પ્રા. મલકાનીના ઉત્સાહથી જૂના વસ્ત્ર-નમૂનાઓનું પ્રદર્શન આકર્ષક થયું હતું. કારીગરની વધુ સમીપ જઈ તેની કૃતિઓની યોગ્ય કદર વિદ્વાનો કરે એવો તેમાંથી સંકેત મળતો હતો. ઉપરાંત પ્રેમચંદ રાયચંદ ટ્રેઇનિંગ કૉલેજ (અધ્યાપન મંદિર)માં શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓની કૃતિઓ અને હસ્તકલા તથા કલાવસ્તુઓનાં સંગ્રહોનું પ્રદર્શન થયું હતું. કેળવણી અને શિક્ષણનું આમ ઘેલા આવું પ્રદર્શન બહુ ઉપયોગી ગણાય. વ્યવસ્થા, સ્વસ્થતા, માપશક્તિ, ચીવટ, કલ્પના, સૌન્દર્યદૃષ્ટિ અને સ્વયંભૂ પ્રેરણા વિદ્યાર્થીઓમાં કેટલા અંશે છે તે જાણવાની એ સરસ તક હતી. રંગોળી, વસ્તુ-આયોજન કે સુશોભનના પ્રકારો નજરે ચડ્યા નહિ. વળી પ્રદર્શનની ગોઠવણમાં સુરચના અને કરનારનાં વય-પરિચય પણ જરૂરનાં હતાં. પણ તેની જરૂર શિક્ષકોને લાગી નહિ હોય.

જામનગરની કલાપ્રવૃત્તિ

જામનગર નરેશ શ્રીમાન રણજિતસિંહજી જગમશહૂર ક્રિકેટખેલાડી હતા તેવા જ કલાપરીક્ષક તરીકે જાણીતા થયા હતા. તેમણે ઇંગ્લૅંડમાં ઘણાં વર્ષો કેળવણી લેતાં તે દેશના નાગરિકોમાં અગ્રપદ મેળવ્યું હતું. તેમને જામનગરની ગાદી પ્રાપ્ત થતાં જ વિક્ટોરિયન યુગની શ્રેષ્ઠ કલાકૃતિઓની એક વિશાળ સમૃદ્ધ આર્ટ ગૅલેરી કરી હતી, પણ પ્રજામાં તેની પ્રેરણાથી કોઈ પ્રતિભા પ્રકટી હોય તેમ જણાયું નથી. જોકે તેમની તો ભાવના હતી કે કોઈ સારો ચિત્રકાર આ યુગની કલામાં નિપુણતા મેળવે. તેમણે એક બ્રાહ્મણ યુવકને પારી(સ)ની અકાદમીમાં તાલીમ લેવા સ્કૉલરશિપ આપી મોકલેલો પણ ખરો; પરંતુ ભારતની સંસ્કૃતિ અને વિચારધારાઓ નહિ જાણનારા તે યુવકને કદાચ ત્યાં સ્ટૂડિયોની ગતો પ્રાપ્ત થઈ હશે, પરંતુ ચિત્રનિર્માણમાં કોઈ આવેશ કે સ્વદેશી ઇતિહાસનું દૃશ્ય તેણે આપ્યું નથી. જામનગરની આર્ટ ગૅલેરીમાં લટકતું તેનું એકમાત્ર 'ઍસ્ટ્રૉલૉજર' (જ્યોતિષી) નામનું મોટું ચિત્ર પણ ખરેખરા ભારતીય વાતાવરણવાળું નથી. તે ભાઈ અકાળે સ્વર્ગવાસ પામ્યા હોવાથી બીજી કૃતિઓ આપી શક્યા નહિ, પરંતુ જામનગર હાઈસ્કૂલના ચિત્રશિક્ષક શ્રી કેશવરાવ કારખાનીસ એક કુશળ તસ્વીરબાજ હતા ને દૃશ્યચિત્રોમાં પણ સચોટ પીંછી ચલાવી શકતા. આ બંને પ્રકારો માટે ઉદાર આશ્રયદાતાઓ ન મળતાં એ ભદ્ર કલાકાર રજા દરમિયાન દેશી રાજ્યોમાં જઈ સન્માનપૂર્વક કામ કરી આવતા. ઉદયપુરમાં રાજા રવિવર્માએ કરેલા રાણા પ્રતાપના ચિત્રની નકલ તેમણે લીમડી રાજગઢ માટે કરેલી તે મેં જોઈ હતી. તેમની પાસે કેટલાક તરુણો ચિત્રકામ શીખતા. તેમાંના એક લીમડીના વિજયશંકર જાની હતા. તે જામસાહેબ પાસે આવતા કોઈ યુરોપિયન પાસેથી શીખેલા તે રીતે એન્લાર્જ કરેલા ફોટોગ્રાફો પર રંગ ઘસી પછી મોટા એન્લાર્જ પેઇંટિંગ જેવું બનાવતા અને તેનો ધંધો કરતા. એવા તરુણો પૈકી શ્રી ગુલાબભાઈ જોશી અને શ્રી પંચાણભાઈ વારાનો મને પરિચય થએલો અને તેમની જ સંગે મેં જામસાહેબની આર્ટ ગૅલેરી જોએલી. ત્યાં મહારથી ચિત્રકારોનાં અસલ ચિત્રો જોઈ હું અત્યંત મુગ્ધ બની વિચારતો થએલો કે આવી વિશ્વવિમોહક ચિત્રકળા ભારતમાં શી રીતે થઈ શકે! યુરોપમાં સૈકાઓથી વિકસતી આવતી. ઈટાલિયન, ફ્રેન્ચ, જર્મન આદિ કળાઓના કલાસ્વામીઓની આવી સમૃદ્ધિ અને સ્કેચબુકોની વચ્ચે આપણા પ્રતિભાસંપન્ન યુવાનો માટે એક કલાવર્ગ ઊભો કરી આપવાનું જામસાહેબને કેમ સૂઝ્યું નહિ હોય તેનું મને આશ્ચર્ય થયું. ત્યાંના કુશળ રાજદ્વારી જનોમાં પણ તે માટે જરા યે ખટક નહોતી. ક્રિકેટના ક્ષેત્રમાં નામ કરેલું એટલે માત્ર 'પ્રિન્સ રણજી' તરીકે જ જગતમાં એમની વાહવાહ હતી. પણ તેઓ યુરોપી કળાના ખરેખરા પારખુ અને ઉત્તમ રુચિથી જીવન જીવનાર સજ્જન લાગ્યા. તે માટે પ્રતીતિ આપનાર એક દૃષ્ટાંત પણ મારા મિત્ર પંચાણભાઈએ મને બતાવેલું. યુરોપની પેઠે નગરની શોભા કરવા તેમણે મુખ્ય માર્ગો પર આકર્ષક મકાનો ને મંદિરો દેખાય તેવી નગર-રચનાઓ કરવા પ્રજાને તે ફરજ પાડતા અને પુરાણાં મકાનો, કોઠા, દેવમંદિરો વગેરે મુલાકાતીઓને સહજ નજરે પડે એમ ખુલ્લાં કરાવતા. વળી લાખોટાની પાસેના તળાવની વચ્ચે પૂર્વજ જામ રાજવીની ઘોડેસવારીવાળા પૂરા કદની ઘોડા સાથેની પ્રતિમા કરાવી મૂકેલી. એ કામ સમજવા યુરોપ અને ઈંગ્લૅન્ડના વિખ્યાત પશુશિલ્પ-વિશારદ હર્બર્ટ હેઝલટાઈન ખાસ જામનગર આવ્યા ત્યારે જામસાહેબે સ્પષ્ટ કહ્યું કે મારા પૂર્વજો યુરોપિયન કે સ્કૉટિશ ઘોડા પર ન જોઈએ. અને તે માટે તેમણે પોતાનો અશ્વિનિકુમાર નામનો અસલ કાઠી ઘોડો ઈંગ્લૅન્ડ મોકલેલો, જેના ઉપરથી હૂબહૂ ઘોડેસવાર-આકૃતિ પકડી શિલ્પકારે પૂર્ણ કદની પ્રતિમા બનાવેલી. તે હજી આજે મોજૂદ છે.

દેશી રાજ્યોની નિષ્ફળતા

મને માત્ર ખેદ એ થયો કે તે કાળે એ કામનું બીડું ઝડપી લે એવા ભારતીય શિલ્પીઓ બહાર કેમ આવ્યા નહિ હોય? પાછળના કાળમાં શ્રી વિનાયક કરમારકર અને બીજાઓ એવું જ કામ કરી શકત, પણ ત્યારના રાજવીઓમાં ભારતીય કલા પ્રતિ જરા પણ જાગૃતિ જણાતી નહોતી. ભાવનગરના મહારાજાએ રાજકુમાર કૉલેજમાં યુરોપિયન પ્રિન્સિપાલના હાથ નીચે તાલીમ લીધેલી, એટલે તેમણે ગ્રીક મહાકાવ્ય 'ઇલિયડ' ઉપર કવિ કાન્ત (મણિશંકર રત્નજી ભટ્ટ) પાસે કાવ્યો કરાવી, ઈંગ્લૅંડના ચિત્રકાર લૅન્સીલૉટ સ્પીડ પાસે મોંઘી કિંમતે તેનાં ચિત્રો કરાવી છપાવવામાં મોટો ખર્ચ કર્યો છે. પરંતુ મહાભારત કે રામાયણનાં શિલ્પો કે ચિત્રો ક્યાંયે કોઈએ કરાવ્યાનું જોવા સાંભળવા મળતું નહિ. એકએક રાજવી એકએક આર્ટ-સ્કૂલ સહજ સ્થાપી શકાત. પણ પ્રજાનો સાંસ્કૃતિક વિકાસ થાય એવી ઇચ્છા તો માત્ર વડોદરા-નરેશમાં જ જોઈ. જો કે વડોદરામાં પણ મહારાજા સયાજીરાવે લાખોના ખર્ચે યુરોપિયન ચિત્રો એકઠાં કર્યાં હતાં, જેમાં કદાચ ચિત્રોના દલાલોનો પણ હાથ હશે. પાછળથી દીવાનના આગ્રહથી રાજા રવિવર્માનો તેમણે સત્કાર કર્યો હતો. પણ જાહેર જગ્યામાં, બાગોમાં તો ગ્રીક પૂતળાં જ મુકાવ્યાં છે. કલાભવનમાં એમણે ચિત્રકળાનો વર્ગ કરાવ્યો પણ તેની પાછળ કે નિર્ધારિત ઉદ્દેશ કે આદર્શ જણાતો નહોતો. ત્યાંના ચિત્રકળાના મુખ્ય શિક્ષક શ્રી બુધવારકર ઈંગ્લૅંડ જઈ આવ્યા, પણ પરિણામે વડોદરામાંથી અંગ્રેજી કે દેશી શૈલીની કોઈ પ્રૌઢ કૃતિ પ્રજાને પ્રાપ્ત ન થઈ. એનું કારણ મને એ સમયની કેળવણી જ લાગે છે. વિદ્વાનો, સ્કૂલો, કૉલેજો અને

લાયબ્રેરીઓમાં પાશ્ચાત્ય સાહિત્ય અને શિક્ષણ એટલાં સામાન્ય અને પ્રબળ હતાં કે કોઈમાં દેશમાં પડેલી હજારો વર્ષની પરંપરાગત કલાનાં ઉત્તમ સ્થળો અને નમૂનાઓની પરીક્ષા કે કદર સુધ્ધાં કરવાની તાકાત નહોતી. ટોપી-સાહેબોનું જેને પ્રમાણ ન હોય તે બધી રચનાઓને ગામઠી કે અણઘડ માનવાની ત્યારે પ્રથા પડી હતી.

અજંતાનું ઋણ

હું અજંતાના પાઠ લઈ આવ્યો કે તરત મારી સાથે આણેલા સ્કેચો અને ટ્રેસિંગોની સહાયથી પૂર્ણ ચિત્રો કરવા લાગ્યો. ઈ. સ. પૂર્વેની બીજી સદીમાં સર્જાએલાં એ બધાં રૂપ, લાવણ્ય, ભાવો, અંગભંગિ અને રેખા-સૌન્દર્ય દાખવતી એ કળા પછી જ યુરોપમાં ઈ. ૧૨૦૦ બાદ ધીરેધીરે વિકસતી રેનેસાં (નવોત્થાન) પામેલી. છતાં ત્યારે પણ તેનું ધ્યાન ને ધ્યેય પૃથ્વીના પદાર્થો હૂબહૂ પ્રતીત કરાવવા પર જ કેન્દ્રિત હતાં, જ્યારે અજંતાનું સર્વ કામ મન-સંકલ્પના બળ ઉપર નિર્ભર હતું. એવી મનો-શક્તિની સાધના વિના પહાડમાં ૧૫૦ ફૂટ ઊંડે સુધી કોતરાએલાં આ શિલ્પો અને સર્જાએલાં ભીંતચિત્રોની બરોબરી કરવા બીજે ક્યાંય પણ પ્રતિભા નહોતી. હું તો તેની નકલો કરતાં જ મુગ્ધ થઈ રહ્યો હતો. ત્યાંના કામના પુરસ્કાર રૂપે શ્રી ઔંધ નરેશે મને યત્કિંચિત આપ્યું પણ મને ત્યાં જવાનો જિંદગીનો જે અમૂલો અવસર મળ્યો તે જ મોટી વાત હતી. એમાંનાં મારાં કેટલાંક નકલ-ચિત્રો સારી કિંમતે વેચાઈ ગયાં. કેટલાંક 'કુમાર'માં પણ છપાયાં અને અજંતા ઉપર જે લેખ લખાયો તે વિદ્યાર્થીઓ તેમજ વિદ્વાનોને પ્રિય થઈ ગયો.

આ સ્થળે મારે એક શુભ સંયોગની યાદ કરવી જ પડશે. સર ચિનુભાઈના પરિવારનો હું ચિત્રગુરુ થયો હતો, ત્યાં એમની વિશાળ લાયબ્રેરીમાં કલાના ઘણા મોટા ગ્રંથો ને સંપુટો છે તેની જાણ થતાં ભોંયરામાં આવેલા એ ગ્રંથાગારમાં ઊતરી મેં એ ભંડાર ઉઘાડ્યો તો મોટા માપનાં મૂલ્યવાન ચિત્રસંપુટોને ઊધઈ લાગેલી જોઈ! કોઈ બૅરન (અમીર)ના ઘરને શોભાવે એવાં ગ્રીસ, રોમ, ફ્રાન્સ ને ઇંગ્લૅન્ડનાં સર્વોત્તમ પ્રકાશનો ત્યાં જોઈ, કળાનો આ ભરપૂર મધપૂડો ક્યારે વસાવવામાં આવ્યો હશે અને વર્ષોથી તેની કોઈએ ભાળ કેમ લીધી નહિ હોય તેની પંચાતમાં ન પડતાં મેં તેની સાફસૂફી ને મરામત હાથમાં લીધી. જે કાળે ચિત્રમુદ્રણની શરૂઆત પણ થઈ ન હતી ને માત્ર ફોટોગ્રાફી તથા કોલોટાઈપ અને ઈન્ટાલિયો રીતથી જ છબીઓ છપાતી તે કાળમાં સર્જાએલા આ અતિ મૂલ્યવાન ખજાનામાંથી 'કુમાર' માટે અપાર ચિત્રસાહિત્ય મળ્યું છે તેની નોંધ લેવી જોઈએ.

દાર્જીલિંગ

હું અજંતાથી આવી ગયો પછી સર ચિનુભાઈ તરફથી નોટિસ મળી કે એ ગ્રીષ્મમાં મારે તેમના કુટુંબ સાથે દાર્જીલિંગ જવાનું છે, માટે તેની તૈયારી કરી રાખવી. તદનુસાર ઉનાળાના આરંભમાં તેમણે અમદાવાદથી જ એક ખાસ ખાગી (સગવડવાળો ડબો) ફર્સ્ટ ક્લાસના બે ડબ્બા, નોકરો તથા રસોડા સાથે, જોડાવેલી. તેમાં તેમના પરિવારમાં હું સામેલ થઈ ગયો. ડૉ. હરિપ્રસાદ તો સાથે હોય જ. ઉપરાંત સંગીતવિશારદ શ્રી નારાયણરાવ વ્યાસ પણ ગોઠવાયા. રસ્તામાં ટ્રેઈનમાં અવારનવાર ડૉ. હરિપ્રસાદ પોતે રચેલાં રમૂજી ગીતો ગાતા અને સાથે સૌ પાસે તે ઝીલાવી પ્રસન્નતાનું વાતાવરણ જમાવતા. એવામાં વચ્ચે મુઝફ્ફર નગર સ્ટેશન આવતાં ખબર મળ્યા કે કલકત્તા તથા ચારે કોરના પ્રદેશમાં કોમી જ્વાળાએ રમખાણો કર્યાં છે અને સારાં કુટુંબોની માલમત્તા જોખમાઈ છે. આથી અમારી મંડળીએ જતી વખતે કલકત્તામાં રાત પણ ન રોકાતાં સીધા દાર્જીલિંગ જવાનું ઠરાવ્યું. ત્યાં મુઝફ્ફર નગરના સ્ટેશનની બહાર લોકો સામેના ઝાડ નીચે બેઠેલી એક પ્રૌઢ બાઈ અને તેના ખોળામાં મોં સંતાડી બાઝી પડેલા આઠેક વર્ષના છોકરાને જોઈ રહ્યા હતા. હું પણ ટ્રેઈનમાંથી ઊતરી રેલવેની રેઇલિંગ આગળ નજીક જઈ તે દૃશ્ય જોતો રહ્યો. કોઇને પૂછતાં જાણ્યું કે રમખાણોની ભાગાભાગમાં બે દિવસથી એ બાઇનો આ છોકરો ગુમ થયો હતો, તે અહીં અચાનક સ્ટેશન આગળ મા-દીકરો મળી ગયાં છે. એટલે માને પોતાનો પુત્ર અને છોકરાને પોતાનો આશ્રય સાંપડ્યાં છે. માની નિરાંતભરી ગોદમાં તે ભરાઈ ગયો હતો. વિશ્વમાં બાળક માતાના ખોળા સિવાય ક્યાં આશરો પામે!

મારા મનમાં એ દૃશ્યે અપાર કરુણા સરજાવી અને તરત મારી સ્કેચ બુકમાં એક સાદું આલેખન કરી લીધું અને અજંતાની દીક્ષાએ આંતરભાવનો તાદૃશ પાઠ મારા મનમાં જન્માવી દીધો હતો એટલે ભવિષ્યમાં મેં સ્વતંત્ર રેખાથી 'પાછો મળ્યો' એવું એ પ્રસંગનું ચિત્ર કર્યું. મારા મનથી તેમાં એ પ્રસંગની ઊર્મિ પ્રકટ થતી લાગે છે. (ચાલુ)



◁ **પાછો મળ્યો** (ચિત્ર : ર. મ. રાવળ)

3/૮

અંગ્રેજી સાહિત્યનું આચમન

માત્ર કૉલેજિયનોને જ શા માટે? જે કોઈને સાહિત્યમાં રસ છે તે ઉત્સુક વાચકમાત્રને ખૂબ આકર્ષી રહેલી **ડૉ. મધુસૂદન પારેખની** એક ઉપયોગી લેખમાળા

અંગ્રેજી કૉમેડી અને ટ્રૅજિક નાટકો

એલિઝાબેથ યુગમાં નાટકો પ્રત્યે પ્રજાનું આકર્ષણ પ્રબળ બની રહ્યું હતું. ટેઈમ્સ નદીના કાંઠે નવાં નવાં થીએટરો સ્થપાયાં હતાં. તદુપરાંત નગરના કોઈ વિશાળ ખંડમાં, કોઈ અમીર-ઉમરાવના મકાનના મોટા ઓરડામાં અને શાળા-કૉલેજોના સભાખંડોમાં પણ નાટકો ભજવાતાં. કેટલીક શિક્ષણ-સંસ્થાઓમાં કિશોરોને નાટક માટે ખાસ તાલીમ આપીને તૈયાર કરવામાં આવતા, જેઓ નાટ્યકલામાં એવા સુસજ્જ બની રહેતા કે ધંધાદારી થીએટરો પણ તેમના પ્રત્યે ભય અને ઈર્ષાની લાગણી અનુભવતા. ચૅપલ રૉયલ (Chapel Royal) અને સેઈન્ટ પૉલ (St. Paul) જેવી સંસ્થાઓ કિશોરોને નાટ્યની તાલીમ આપી ઉત્તમ નાટકો પ્રજા સમક્ષ તેમજ રાજદરબારમાં રજૂ કરવા માટે સુખ્યાત હતી.

પહેલી અંગ્રેજી કૉમેડી : રાલ્ફ રૉઇસ્ટર ડૉઈસ્ટર

એલિઝાબેથ યુગમાં નાટ્યસ્વરૂપને યુનિવર્સિટીના વિદ્વાન લેખકોએ વિકસાવ્યું તે પૂર્વે અંગ્રેજીમાં મોટે ભાગે રોમન અને ગ્રીક નાટકોના નમૂના પર અથવા તેમના અનુકરણરૂપે નાટકો રચાતાં. એ કાળમાં નિકોલસ યુડાલ (Nicholas Udall ૧૫૦૬–'૫૬)ની પહેલી અંગ્રેજી કૉમેડી રાલ્ફ રૉઈસ્ટર ડૉઈસ્ટર (Ralph Roster Doister) ધ્યાનપાત્ર બને છે. નિકોલસ થોડો સમય ઈટન (Eton)માં ને પાછળથી વેસ્ટમિન્સ્ટરમાં હેડમાસ્તર હતો. તેણે પ્લૉટસ (Plautus) અને ટેરન્સ (Terence)ના લૅટિન કૉમેડીના અનુકરણરૂપે એ કૃતિ ૧૫૩૩ના અરસામાં રચી. એમાં નાયક રાલ્ફ શેખીખોર, દંભી અને કાયર શ્રીમંત યુવાન છે. જે કોઈ યુવતી તે જુએ તે દરેક સાથે તત્કાળ પ્રેમમાં પડી જવાની તેની આદત છે. એક શ્રીમંત વિધવા લેડી કૉન્સ્ટન્સ (Lady Constance)ને જોતાં વાર તે તેની સાથે પ્રેમ કરવાનો સંકલ્પ કરે છે. તેનો એક આશ્રિત મેરી ગ્રીક (Merry greek) તેને આ કાર્યમાં પાનો ચડાવે છે, તેનો દૂત પણ બને છે અને રાલ્ફને આ પ્રેમપ્રસંગમાં સાવ બેવકૂફ બનાવે છે. નાટકમાં પ્રગટતું હાસ્ય સ્થૂળ પરિસ્થિતિમાંથી ઉદ્ભવતું ફારસ પ્રકારનું છે. અપમાનથી છંછેડાએલો રાલ્ફ રૉઇસ્ટર ડૉઇસ્ટર વિધવા સન્નારી કૉન્સ્ટન્સ પર પોતાના માણસોને ભેગા કરી સશસ્ત્ર હલ્લો લઇ જાય છે તે સમયે એ સન્નારી તેની નોકર બાઇઓની સહાયથી રસોઇનાં ઓજારો વડે તેમને મહાત કરે છે તે દૃશ્ય સહેજે ફારસરૂપ લાગે. એ જ પ્રમાણે રાલ્ફે લેડી કૉન્સ્ટન્સ પર કોઈની પાસે લખાવીને પોતાના નામે મોકલેલા પ્રેમપત્રનું વિરામચિહ્નોની યોજનાને કારણે થતું દ્વિઅર્થી વાચન પણ મઝાનું હાસ્યપ્રેરક બની રહે તેવું છે. નિકોલસે ઘટના તેમજ મુખ્ય પાત્રો લૅટિન કૉમેડીમાંથી ઉઠાવ્યાં હોવા છતાં તેણે તેમને અંગ્રેજી પરિવેશમાં રજૂ કર્યાં છે ને લેડી કૉન્સ્ટન્સની નોકર બાઇનાં પાત્રો તો તેણે પોતાના અંગ્રેજી સમાજમાંથી જ રજૂ કર્યાં છે. ચૉસરની કેન્ટરબરી કથાઓમાં આવતી 'બાથની સ્ત્રી'નું સ્મરણ કરાવે તેવું તેમનું પાત્રચિત્રણ છે. આમ અંગ્રેજી સાહિત્યમાં કૉમેડીનું સ્વરૂપ પહેલવહેલું 'રાલ્ફ રૉઇસ્ટર ડૉઇસ્ટર'માં દેખાય છે.

ગૅમર ગર્ટન્સ નીડલ : બીજી ફાર્સિકલ કૉમેડી (રમૂજી નાટક)

'રાલ્ફ રૉઇસ્ટર ડૉઇસ્ટર' કરતાં સવિશેષ અંગ્રેજી આબોહવામાં રાચતી બીજી એવા જ પ્રકારની ફાર્સિકલ કૉમેડી 'ગૅમર ગર્ટન્સ નીડલ' (Gammer Gurton's Needle)નો કર્તા વિલિયમ સ્ટીવન્સન (William Stevenson) હોવાનું મનાય છે. પોતાના નોકર હૉજ (Hodge) માટે એક વિધવા બાઇ ગૅમર ગર્ટન પાયજામા સીવે છે. એવામાં એક વાર એમની સોય ગુમ થઈ જાય છે અને બહુ શોધ કરતાં પણ મળતી નથી. કોઇક નવરા ડિકન નામના 'હિતેચ્છુ'એ તેમને મનમાં ઠસાવી દીધું છે કે પડોશણ જ એ સોયની ચોર હોઇ શકે; બીજા કોઈનું એ કામ નહિ. પરિણામે એ બાઇએ તો વિધવા પડોશણ સાથે બરાબર ઝગડો જમાવ્યો. આખું ગામ ભેગું થઇ ગયું. બંને ભારે સ્વમાની હતી. સામસામે આક્ષેપોની ઝડી વરસી તેમાંથી હાથોહાથની લડાઇ સુધી વાત પહોંચી ગઈ. એ સાંભળીને ગામનો પાદરી ઝગડો શમાવવા દોડતો આવ્યો અને તકરારનો લાભ લઇને ડુક્કરના માંસની તફડંચી કરી ગયો. તકરારનો નીવેડો આવે ત્યાં તો એકદમ નોકર હૉજ ચીસ પાડી ઊઠ્યો. તેના સૂંથણામાં સૉય ભરાઇ ગએલી તે બહાર નીકળી આવી.

આ નાટ્યકારે અંકોની વ્યવસ્થા અને આયોજન માત્ર પ્રાચીન કૃતિમાંથી લીધાં છે; ઘટના અને પાત્રો તેની પોતાની સરજત છે. આમાં અંગ્રેજ ગ્રામજીવનના એક પાસાનું તેણે રમૂજી ચિત્રણ કર્યું છે. સંવાદ અને ગીતોની દૃષ્ટિએ પણ આ કૃતિ ખૂબ રસપ્રદ નીવડે તેવી છે.

આ બધાં નાટકો હજુ સુધી પદ્યમાં રચાતાં હતાં, પણ જ્યૉર્જ ગૅસ્કૉઇને (George Gascoigne) પહેલી વાર 'સપોઝિસ' (Supposes) નાટક ગદ્યમાં લખવાનો પ્રયોગ કર્યો. આ નાટક ઈ. ૧૫૬૬માં ગ્રે ઈનમાં (Gray's Inn)માં ભજવાએલું. ગૅસ્કૉઇને ઈટાલીના એરિઓસ્ટો (Ariosto)ની 'Gli Supposti' પરથી આ કૉમેડી રચેલી. જોકે આ કૃતિનો મૂળ સ્રોત તો વિવેચકોએ પ્લૉટસ (Plautus)માં જોયો છે. આ નાટકમાં એક યુવાન પોતાની પ્રેમિકા પ્રાપ્ત કરવા માટે પોતાના નોકરની સહાયથી વેશપલટા કરીને વડીલોને મૂર્ખ બનાવીને પોતાની યોજના પાર પાડે છે અને યુવાન અને તેના નોકરના પ્રપંચો પ્રગટ થાય તે પહેલાં ગેરસમજ ને છબરડાનું રમખાણ મચી રહે છે. સમગ્ર નાટકમાં ભરપૂર હાસ્ય-રંજન મળી રહે છે. અગાઉની બે ફાર્સિકલ કૉમેડી કરતાં આ નાટક કલાદૃષ્ટિએ વિવેચકોને વધુ વિકસિત જણાયું છે. આગળ ઉપર આવનાર શેક્સપીઅરની 'ટેઇમિંગ ઑવ ધ શ્રૂ' તથા 'મચ અડૂ અબાઉટ નથિંગ' ઇત્યાદિ ફાર્સિકલ કૉમેડીની ભૂમિકારૂપ બની રહે છે.

અંગ્રેજી ટ્રૅજિક કરુણાન્ત નાટકો

એલિઝાબેથના રાજ્યારોહણ પૂર્વે રચાએલાં અંગ્રેજી ટ્રૅજિક નાટકો પર ત્રિવિધ નમૂનાની અસર છે : એક–સેનેકાનું અનુકરણ, બે–અનુવાદો, અને ત્રણ–ગ્રીક-લૅટિન નમૂનાનું અનુસરણ. સેનેકાનાં નાટકોનું પિયર ઈટાલી હતું અને અંગ્રેજી ટ્રૅજેડી માટે એ લેખકનાં નાટકોએ સારી એવી પ્રેરણા-સામગ્રી પૂરી પાડી છે. અલબત્ત અંગ્રેજીમાં ટ્રૅજિક નાટકો છૂટાંછવાયાં તો રચાએલાં હતાં, પણ એલિઝાબેથના અમલ પૂર્વે એમાં ટ્રૅજેડીની કોઈ પરંપરા સ્થાપિત થઈ ન હતી. શાળાઓમાં અને યુનિવર્સિટીમાં સેનેકાની લૅટિનમાં રચાએલી ટ્રૅજેડી મૂળરૂપે ભજવાતી હતી. તેમ છતાં ઈ. ૧૫૮૦ સુધી અંગ્રેજીમાં ટ્રૅજેડી માટે ખાસ રસ જાગ્રત થયો દેખાતો નથી.

અંગ્રેજીમાં સૌથી પહેલી ટ્રૅજિક કૃતિ 'ગોર્બોડક' (Gorboduc) છે. ઈ. ૧૫૬૨માં રાણી એલિઝાબેથની નિશ્રામાં ભજવાઈ હતી. એના પહેલા ત્રણ અંક ટૉમસ નૉર્ટને (Thomas Norton) અને છેલ્લા બે અંક ટૉમસ સૅકવીલે (Thomas Sackville) રચ્યા હતા. આ કૃતિ 'ફેરેક્સ ને પોરેક્સ' (Ferrex and Porrex) નામથી પ્રકાશિત થઈ હતી. તેમાં પહેલી વાર લેખકોએ 'બ્લૅન્કવર્સ'ની અજમાયશ કરી છે. આ (અનુ. પૃ. ૨૨૨)

આરોગ્ય આહાર અને ઔષધ અંગે ડૉક્ટર (શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકર વગા • ઉમરેઠ)) ની સલાહ

૧ શું સ્ત્રીઓ મેદાની રમતગમતમાં ભાગ લઈ શકે ખરી ? એથી એને કોઈ નુકસાન થાય ખરું ?

ઉ. સ્ત્રીઓ પુરુષની જેમ દોડવું બરછીફેંક વગેરે રમતોમાં ખુશીથી ભાગ લઈ શકે. સામાન્ય રીતે તે પુરુષ કરતાં વજનમાં હલકી, ઓછી માંસલ, નાના કદની અને નાજુક હોવા સાથે તેના હૃદયની ગતિ વધારે હોય છે. પગના પ્રમાણમાં ધડ લાંબું હોય છે. પુરુષની જેમ જ સ્ત્રી વ્યાયામમાં કેળવી શકાય છે. લૉંગ જમ્પના કૂદકામાં અગિયાર વર્ષની કન્યા તેટલી ઉંમરના કિશોર કરતાં બેવડું અંતર કૂદી શકે છે.

સ્ત્રીઓને રમતગમતમાં ભાગ લેવા માટે રજોદર્શન અને સગર્ભાવસ્થાની અસરોની બાબતો ચર્ચાસ્પદ રહેલી છે.

સગર્ભાવસ્થામાં સ્ત્રીઓ માટે ચાલવાની, નૃત્યની અને વ્યાયામની ભલામણ થાય છે. રમતગમતમાં ભાગ લેતી સ્ત્રીની પ્રસૂતિ ઓછા સમયમાં પતતી હોવાનું કહેવાય છે. પ્રસૂતિ પછી સ્ત્રીઓ સ્પૉર્ટમાં સારું રમી શકતી હોવાનું મનાય છે, એટલું ખરું કે તેમને યોગ્ય તાલીમ ન મળે તો તેમનાં હાડકાંના તકલાદીપણા અને ઓછી માંસલ શક્તિના લીધે તેમને મચકોડ અને મોચ વધારે થાય છે.

રજોદર્શન દરમિયાન તરવાની કે વ્યાયામની તાલીમ બંધ કરવાની કોઈ જરૂર નથી. કોઈ ચોટ લાગવાની દહેશતથી ગાયનેકૉલૉજિસ્ટ (સ્ત્રીરોગ નિષ્ણાત) તરવાની ના પાડે છે. રજોદર્શન દરમિયાન ખાસ પહેરવાં પડતાં કપડાંથી ક્રિયાશીલતા ઘટતી હોઈ માનસિકરીતે તે માંદી હોવાનું મનાય છે. પણ રજોદર્શન દરમિયાન સ્ત્રીઓ અશક્ત હોવાની માન્યતા ખોટી છે. કોઈ પ્રસંગે સક્રિય હાજરી આપવા સારુ રજોદર્શન અટકાવવા કોઈ ઔષધ લેવું એ ખોટું છે. આવાં ઔષધથી માનસિક તાણ વધે છે અને બરાબર કામ થઈ શકતું નથી.

બાસ્કેટ બૉલ, વૉલીબૉલ, બૅડમિન્ટન, ટેબલટેનિસ, હૉકી, ગૉલ્ફ, ઝડપીદોડ, વિઘ્નદોડ, સાઈકલ સવારી, ઘોડેસવારી, તરવું, હોડી ચલાવવી વગેરે સ્ત્રીનું લાવણ્ય અને સૌંદર્ય જાળવી રાખે એવી રમતગમતો છે. મોટા ભાગની સ્ત્રીઓને બધી રીતે માફક આવતી શ્રેષ્ઠ કસરતો છે તરવું, નૃત્ય અને જિમ્નૅસ્ટિકસ.

૨ નાની ઉંમરે વાળ ધોળા થવાનું અને ખરવાનું કારણ શું? આના ઉપાય?

ઉ. સામાન્ય તંદુરસ્તી, ખોરાક તેમજ માનસિક સ્વસ્થતા ઉપર વાળના આરોગ્યનો આધાર છે. ચિંતા અને ભયના કારણે વાળ ધોળા થયાનું જાણવા મળે છે, પણ સમય જતાં તે પાછા કાળા થાય છે. કોઈ રોગ અને નબળી તબિયતના લીધે વાળ ધોળા થાય છે ખરા, પણ તબિયત સુધરતાં વાળનો રંગ પણ સુધરે છે. ગળામાં આવેલી થાયરૉઈડ ગ્રંથિમાં કોઈ બગાડો થવાથી પણ માથાના વાળ અચૂક ધોળા થઈ જાય છે. માથાની ચામડીનો કોઈ રોગ હોય તો નાની ઉંમરે પણ વાળ ધોળા થાય છે. માથાના કોઈ જ્ઞાનતંતુનો રોગ (ન્યુરેલ્જિયા) થયો હોય ત્યારે જે ભાગમાં જ્ઞાનતંતુ જતો હોય તેટલા ભાગના વાળનો ગુચ્છો સફેદ થાય છે.

વાળ ધોળા થતા અટકાવવા અગર તો ધોળા વાળ કાળા કરવા પ્રથમ તો માથાની ચામડીનો કોઈ રોગ હોય તો તેના ઉપચાર થવા જોઈએ. વળી આરોગ્ય અને શરીરના વ્યાપારો સુધરે તેમ થવું જોઈએ.

બીજો ઉપાય માલિશ કરવાનો છે. માથાને ઘસવાનું નથી પણ જોસથી માલિશ કરવાનું છે. આમાં માથાની ચામડી એવી હાલવી જોઈએ કે ત્યાંનું રુધિરાભિસરણ સુધરે. કાન આગળથી માથું પકડી આંગળાં ને અંગૂઠા વતી માલિશ કરવું, જેથી માથાની ચામડી હાલે. રોજ વીસ મિનિટ સુધી માલિસ કરવું. આ કંટાળો ઉપજાવે તેવી ટેકનિક છે, પણ તેનું પરિણામ ઘણું સારું આવે છે.

વાળ ખરવાની ફરિયાદ વિશેષ તો સ્ત્રીઓની છે. રોજ વીસથી સાઠ વાળ ખરવા સામાન્ય છે. આવું થવાનું એક કારણ એ છે કે વાળ અમુક ક્રમમાં ઊગે છે. રોજ અમુક વાળ ઊગે છે તો અમુક વાળ ખરે છે પણ ખરા.

પુષ્કળ વાળ ખરે અને બીજા ઊગે નહિ ત્યારે ફિકર થાય છે. ઉંમર થતાં વાળ પાતળા થવાથી ખરે છે, પણ નાની ઉંમરમાં વાળના ગુચ્છા ને ગુચ્છા ઊતરે છે તેનું કારણ જાણમાં નથી. માથાની ચામડીમાં ખોડો, ઉંદરી ને ફૂગનો કોઈ રોગ હોય ત્યારે વાળ ખર્યા વિના રહેતા નથી.

નાયલોન બ્રશના અણીવાળા રેષા, વાળને સખત તાણી રાખતા રોલર્સ, પોની ટેઈલ્સ, તાણીને બાંધેલો ચોટલો કે ઓળવાની બીજી રીતોથી ખેંચાવાને કારણે પણ વાળ પાતળા પડી ખરવા માંડે છે. ઑપરેશન, પ્રસૂતિ, પુષ્કળ તાવવાળી કોઈ માંદગી અને ગર્ભનિરોધની ગોળીનું સેવન બંધ કર્યા બાદ વાળ ખરવા સામાન્ય છે. આવા કોઈ કારણથી વાળ ખરતા હોય તો તે કારણ દૂર થયા બાદ વાળ ખરતા નથી.

વાળ ઊતરવા, ધોળા થવા ને તેમાં ખોડા માટે અસરકારક બિહારના આદીવાસીઓના એક તેલ વિષે અગાઉ 'કુમાર'માં આવેલું આ માટે શ્રી નાનજીભાઈ ટાંક એન્જિનિયર્સ, યુરોપિયન ક્વાર્ટર્સ, સાઈબાસા, ડિસ્ટ્રિક્ટ સિંગભૂમ, બિહારને પૂછપરછ કરવી. (સરનામું અંગ્રેજીમાં)

૩ મારી ઉંમર ત્રીસ વર્ષની છે. એન્જિનીઅર છું. મારું બ્લડપ્રેશર ૧૬૦ સુધી રહેતું હોવાનું દાક્તર કહે છે. શું કરવાથી આ રોગ મટી જાય ?

ઉ. બ્લડપ્રેશર રોગ મટતો નથી, પણ દવા ને આહારમાં પથ્ય જાળવવાથી કાબૂમાં રહે છે. બ્લડપ્રેશર ઊંચું રહેવાથી કેટલાંક જોખમો આવી પડે છે : ખાસ કરી આંખની નાની ધમનીઓમાં. તે માટે આંખની તપાસ કરાવવી જોઈએ. દષ્ટિને વધારે ને લાંબા શ્રમ ઉપાડવો પડતો હોઈ તે કદમાં વધે છે. આ ફેરફારોથી હૃદયની લોહીની નળીઓના ભ્રમણને અનુકૂલન સાધવું પડે છે. મૂત્રપિંડ પુષ્કળ લોહીયાળ હોવાથી તેમાં પણ ફેરફારો યોજાય છે. આથી લોહીમાં યુરિયાની અને પેશાબમાં આલ્બ્યુમિનની તપાસ કરાવવી જોઇએ. વળી, દિવસના એક જ નિશ્ચિત સમયે અને એક જ સાધન વડે બ્લડપ્રેશરની નિયમિત ચકાસણી થવી જોઈએ.

સાદો, બાફેલો ને ઓછા મીઠાવાળો ખોરાક થોડાથોડા પ્રમાણમાં દિવસના ચાર વખત લેવો. આગળ વધેલા રોગમાં કોઈ પણ પ્રકારની બાંધછોડ વિના મીઠાના ઓછામાં ઓછા પ્રમાણવાળો ખોરાક જિંદગીભર લેવો. ચરબી ઓછી કરવાથી માંડી તદ્દન બંધ કરવી.

રોજિંદા જીવનમાં તાણ, સંવેદના, ચિંતા, ક્રોધ, ઓછી ઊંઘ, વધુકો ખોરાક અને તમાકુનું વ્યસન ત્યજવાં. તમાકુના નિકોટિનથી બ્લડપ્રેશર ઉપજાવનાર ધમનીઓ સંકોચાય છે, જેથી દબાણમાં વધારો થાય છે.

વૈદ્યદાક્તરે સૂચવેલાં ઔષધો દરરોજ નિયમિત લેવાનાં છે. સૂતા હો તો એકદમ ઊભા ન થવું. આમ કરતાં બ્લડપ્રેશર ઘટવાથી માથું ભારે થઈ ભમવા લાગે છે. મૂત્રલ ઔષધ લેવાતું હોય ત્યારે શરીરમાં પોટાશિયમની ભરપાઈ થાય એના માટે ટમેટાંનો સૂપ કે કેળાં લેવાનાં છે.

રોગીએ પુષ્કળ તાપમાં કે ગરમીમાંથી તરત ઠંડકમાં કે ઠંડકમાંથી ગરમીમાં જવાનું ટાળવાનું છે. વળી મોટરની લાંબી મુસાફરીનો અને ખાધા બાદ તરત જ શ્રમ કરવાનો નથી. નૉન પ્રેશરાઈઝડ એરોપ્લેનમાં મુસાફરી કરવાની નથી અને આવેશયુક્ત–ક્રુદ્ધ શારીરિક શ્રમ ઉપાડવાનો નથી. હા, માફકસરની કસરત કે ખુલ્લામાં ચાલવાનો કે ગૉલ્ફ જેવી શાંત રમતનો નિયમિત મહાવરો રાખવાનો.

સતત ઔષધોપચાર, ખોરાકની જાળવણી અને મિત પ્રમાણસર જિંદગી જીવવાની ઢબથી ને અવારનવાર શારીરિક તપાસ કરાવી દાક્તરની સૂચનાઓનો કડક અમલ કરવાથી રોગ કાબૂમાં આવી જઇને સ્વાસ્થ્યપૂર્ણ લાંબું જીવાય છે. □

કલાવાર્તા

એક બાલપ્રતિભા



ચૌદ જ વર્ષની એની વય છે. નામ, રુચિર શિવકુમાર જોષી. હા જી, શિવકુમાર તે જાણીતા ગુજરાતી સાહિત્યકાર જ. એમનો આ પુત્ર. જન્મ તા. ૨૯ જાન્યુઆરી ૧૯૬૦.


છએક વર્ષની વયથી એણે લીટા તાણવા માંડેલા, અને મહાવરો વધવા સાથે રંગ અને પર્સ્પેક્ટિવ ને રેખાની સમજ પણ આપોઆપ કેળવાતી ગઈ. બીજી બાજુ કલકત્તાની હિન્દી હાઈસ્કૂલમાં ભણી હવે અજમેરની મેયો કૉલેજ સ્કૂલમાં એ ભણે છે. પણ આ દરમિયાન ફેબ્રુઆરી ૧૯૭૧માં કલકત્તામાં, મે '૭૧માં મુંબાઈમાં, સપ્ટેમ્બર '૭૧માં અમદાવાદમાં, જાન્યુ. '૭૨માં નવી દિલ્હીમાં અને ફરી કલકત્તામાં માર્ચ '૭૩માં તથા હમણાં મે-જૂનમાં ફરી મુંબાઈમાં એણે પોતાનાં ચિત્રો પ્રદર્શિત કર્યાં. 'સોવિયેત દેશ'નો નેહરુ ઍવૉર્ડ મેળવી '૭૨ના મે-જૂનમાં કાળાસમુદ્ર પર આર્ટેક હૉલીડે કૅમ્પમાં રશિયન બાળકો સાથે રજા માણી.


અને ચિત્રકામ જ નહિ, રુચિરને તો ફોટોગ્રાફીમાં યે રસ છે. ક્રિકેટ, ટેબલ ટેનિસ કે સ્કવૉશમાં યે ભાગ લે છે. શાળાની થર્ડ હૉકી ટીમમાં એ કૅપ્ટન છે ને હાઉસની ક્રિકેટ ટીમમાં વિકેટકીપર. વક્તૃત્વનો શૉખ પણ ખરો. શાળાની વિદ્યાર્થી સભામાં ચૂંટાઇને શાળા તરફથી લોકસભાની મુલાકાતે પણ જઈ આવેલ છે.

પણ એના પિતા કહે છે કે 'સ્વભાવમાં એ જરા જિદ્દી છે. અભ્યાસમાં ગમતા વિષયમાં ૭૦-૮૫ ટકા માર્ક લાવે છે, તો અણગમતા વિષયમાં ૪૦-૫૦ ટકા. નાનો હતો ત્યારથી પાણીથી ગભરાય છે, એટલે તરતાં નથી શીખ્યો. પણ વાચનનો રસિયો હોઈ આજ સુધીમાં પોતાની અંગત લાયબ્રેરીમાં એણે ચારસો જેટલાં પુસ્તકો ખરીદીને વસાવ્યાં છે. વાંચી-વાંચીને આંખો બગાડયા પછી હવે એના પ્રત્યે જરા ધ્યાન આપતો થયો છે.'

હમણાં વળી આર્ટેકના પ્રવાસની વાત 'દસ-વિદાનિયા આર્ટેક' નામે અંગ્રેજીમાં લખી છે. 'અલવિદા આર્ટેક' નામે એનું હિંદી ભાષાંતર પણ પ્રકટ થયું છે. કવિતાઓ પણ લખે છે.

એનાં ચિત્રોમાં સુંદર રંગ, વિષયને રજૂઆતની તાજગી, કલમ પરની વિશ્વાસભરી પકડ ને પ્રયોગશીલતા પહેલી નજરે જ ધ્યાન ખેંચે છે. વયના પ્રમાણમાં આ તો હજી શરૂઆત છે. પણ આ દરમિયાન એણે મેળવેલી સિદ્ધિ એના ઉજ્જવળ ભાવિની દ્યોતક બની રહી છે. □






◁ ધુમ્મસમય પ્રભાત - ફોટો - રુચિર જોશી



ડૉ. લીલા આજગાંવકર
પુરુષાર્થી જીવનની કથા

મહારાષ્ટ્રમાં સતારા જિલ્લાના કરાડ ગામમાં સોની ગંગાધર દેવળકર એક શ્રીમંત શરાફ હતા. પાંચ બાળકો સાથેના એમના હર્યાભર્યા ઘરમાં ધનની છોળો ઊડતી હતી. પણ વિધિ વિફરતાં ધંધામાં એમને એક અણધાર્યો ને આકરો ફટકો પડયો. ઘરબાર વેચ્યાસાટયા પછી યે આબરૂ જાળવવી મુશ્કેલ હોઈ, સદા ય ગૌરવથી જીવેલા એમને આમ એકાએક નીચાજોણું આવતાં આઘાતથી એમણે ગૃહત્યાગ કર્યો ને પછી ફરી કદી યે દેખાયા જ નહિ





△ એક સોયાનું ગૂંથણ ભારતમાં જો કે અજાણ્યું નથી, પણ વસ્તુતઃ આ કળા માત્ર બેએક સદી પર જ પશ્ચિમમાંથી અહીં આવી અને પ્રસરી છે. આંધ્રમાં ગોદાવરીની પશ્ચિમ તરફના ગ્રામવિસ્તારની સ્ત્રીઓએ તો એને આવકના એક સાધન તરીકે અપનાવી છે ને વિકસાવી છે. અહીં આપેલા નમૂના ત્યાંના જ છે. એના પરથી તેના ભાતીગળ વૈવિધ્યનો ખયાલ આવવા સાથે જેમને એમાં રસ છે તેમને એ પ્રેરક બની રહેશે.



છે તો માત્ર બે સાદાં શોભન, પણ ભરતકામમાં અનેકરીતે પ્રયોજી શકાશે.



જે ઘરનાં કામકાજ માટે નોકરચાકરો હતા ને કોઈ પણ ચીજની જરૂરત પૂરી કરવા પૂરતું ધન હતું તે જ ઘરનાં લોકોને પારકી વેઠ કરી પેટિયું રળવાનો વખત આવી ગયો. મા ઘરમાં પારકાં કપડાં સીવીને ને મજૂરી કરીને ઘર ચલાવતી. મોટો ભાઈ માધુકરી માગીભીખીને ભણતો. દીકરી લીલા એક ઓળખીતા વકીલનું ઘરકામ કરવા રહી. પણ આ માટે છોડવા પડેલા ભણતરનો એના મનમાં સતત ખટકો રહેતો હતો. વકીલના ઘરના ઘસડબોળામાંથી ભણવા માટે સમય મળે તેમ હતો જ નહિ, છતાં લીલાએ હિંમત કરી ભણવા જવા માટે મંજૂરી માગી. કામગરી છોકરી જો ફરી ભણવા બેસે તો ઘરકામ રઝળે; અને ઘરનોકરને વળી ભણવાનું કેવું? એ કેમ પરવડે?...ભણવાની રજા તો બાજુએ રહી; વકીલે લીલાને કામમાંથી જ મુક્ત કરી!

પણ લીલાને તો ભણવું જ હતું. દારિદ્ર્યને દૂર કરવા માટે વિદ્યાપ્રાપ્તિ અનિવાર્ય હોવાની એને ખાતરી હતી. પરંતુ ગરીબો માટે ભણવાનું એમ સરળ નથી હોતું, લીલા માટે પણ નહોતું જ. એ તક શોધતી જ રહી. અંતે ગામના એક સજ્જને એની વિનંતિ સ્વીકારી. એમના ઘરનું બધું કામ કરી આપવાના બદલામાં લીલાને ભણવાની સગવડ મળી. પણ એ સજ્જનને પંઢરપુર જવાનું થતાં લીલાને પણ એમની સાથે જવું પડ્યું. ત્યાં ભાઈભાંડુથી દૂર અને ઘરની હૂંફના અભાવમાં કામ અને ભણતરનો બેવડો બોજ નબળા શરીરની છોકરી ક્યાં સુધી ખેંચી શકે? લીલા માંદી પડી. સાર્વજનિક ઇસ્પિતાલમાં એને દાખલ કરવામાં આવી. ગામથી એની માને પણ બોલાવાઈ. એની સહૃદય ચાકરી ને તબીબી સારવારથી લીલા સાજી થઈ.

ત્યાં ઇસ્પિતાલમાં ભાંગી પડેલા દર્દીઓને માંદગીમાંથી ફરી બેઠા કરતા દાક્તરો લીલાને દેવદૂત જેવા લાગતા. એને પણ એમની જેમ દાક્તર બનવાની રઢ લાગી. વિચાર ઘણો ઉમદા હતો, પણ એ સ્વપ્નને સાકાર કરવું એના જેવી ગરીબ વિદ્યાર્થિની માટે અશક્ય જ હતું. માને એણે પોતાની મહેચ્છા જણાવી. ગરીબ મા ઇચ્છે તો યે શી સહાય કરી શકે? પણ લીલાનો નિર્ણય અફર હતો. પોતાના સંકલ્પને સિદ્ધ કરવા એણે પુરુષાર્થ આદર્યો, અને અડગ સંકલ્પબળ તથા અખંડ પરિશ્રમ કરીને એને સફળ કર્યો. મૅટ્રિકની પરીક્ષામાં એ જિલ્લાભરમાં દસમી આવી. એના સંકલ્પની સિદ્ધિનું આ પ્રથમ ચરણ હતું. પછી તો એ કૉલેજમાં જોડાઈ. વિજ્ઞાનનો અભ્યાસ આદર્યો. પારકાં કપડાં સીવી, શિષ્યવૃત્તિઓ મેળવી ને જરૂર પડ્યે દેવું કરીને પણ ભણતર જારી રાખી એણે બી.એસસી.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં આવી પાસ કરી!

આટલા અભ્યાસ પછી એને સારી નોકરી મળવી મુશ્કેલ નહોતી. કુટુંબને પણ એથી ઘણી રાહત મળે તેમ હતી. પણ દાક્તર બનવાનો લીલાનો સંકલ્પ હજી પ્રજળતો હતો. એણે બારોબાર પૂનાની મૅડિકલ કૉલેજમાં પ્રવેશ માટે અરજી કરી દીધી. પ્રથમ વર્ગની વિજ્ઞાનની સ્નાતક લીલાને પ્રવેશ મળી ગયો. મંજૂરી માટે હવે માને કહ્યા વગર છૂટકો નહોતો. ભીની આંખે માએ પુત્રીને એની મનેચ્છા પ્રમાણે આગળ વધવા રજા આપી. પૂના પહોંચી લીલાએ હૉસ્ટેલમાં રહી પોતાની પ્રબળ મહત્ત્વાકાંક્ષાની એકમાત્ર મૂડી અને સહાધ્યાયીઓનાં પુસ્તકો, શિષ્યવૃત્તિ, પરચૂરણ કામ ને થોડા દેવા વગેરેના સહારે વિદ્યારાધના આગળ ધપાવી અને અંતે પોતાનું ધ્યેય સિદ્ધ કરી એ 'ડૉ. લીલા' બની.

સ્વ. ગોપાળ કૃષ્ણ ગોખલે સ્થાપિત ભારત સેવક સમાજના આજીવન સભ્ય અને મંત્રી શ્રી આજગાંવકરનો એને પૂનામાં પરિચય થયો. પરસ્પરના સદ્‌ભાવમાંથી પ્રેમાંકુર પાંગર્યો. ઉચ્ચ બ્રાહ્મણ કુળના એ મેધાવી યુવાનને એમના રિવાજ મુજબ સારા એવા દાયજા સાથે કન્યા મેળવવી ઘણી સરળ હતી, પણ સમાજસુધારક સંસ્થામાં જોડાઈને લોકકલ્યાણની પ્રવૃત્તિમાં જીવન-સમર્પણ કરનાર એ યુવાને ડૉ. લીલા સાથે પરણવાનું પસંદ કર્યું. આ અનુલોમ લગ્નને આજગાંવકર વડીલોએ પણ આશીર્વાદ આપ્યા; એટલું જ નહિ, સાસુએ પોતાના જીવનભરનું સંચિત દ્રવ્ય આપી દઈને પુત્રવધૂને દવાખાનું ખોલવામાં સહાય કરી. વિધિની વક્રતા સામે કેવળ પોતાના સંકલ્પ વડે લડીને તેના પર વિજય હાંસલ કરનાર એ ડૉ. લીલા આજગાંવકર, બી.એસસી., એમ.બી.બી.એસ., ડી.જી.ઓ., ડી.સી.ઈ. આજે યે મુંબઈમાં શિવાજી પાર્કના એમના દવાખાનામાં દીનદુઃખિયાંની સેવા ને યથાશક્તિની સહાય કરતાં સદૈવ તત્પર જોવા મળે છે. પરિસ્થિતિની પ્રતિકૂળતા સામે હાથ જોડી બેસી રહેનાર કે મુશ્કેલીઓથી ભાંગી પડનારને માટે ડૉ. લીલા આજગાંવકરના પુરુષાર્થનું ઉદાહરણ પૂરતું નથી? -- ચિમનલાલ સોમપુરા

ઘરઆંગણે શાકભાજી

વર્ષાનો આરંભ એટલે જવારાથી માંડી ખેતરની વાવણીનો સમય. શોખ, સગવડ અને સમય સાથે થોડી લગન હોય તો ઘરઆંગણે ખુલ્લી જમીનમાં યા અગાશીમાં મોટાં ખોખાં-ટોપલામાં ઘરવપરાશ પૂરતી શાકભાજી પણ આ સમયમાં વાવી શકાય. એથી ઘરનાં બાળકોને તાલીમ અને નિજ આનંદ મળવા ઉપરાંત ઘર પૂરતાં તાજાં શાકભાજીનો લાભ થશે —અને થોડીક કરકસર પણ.

જો જમીનની સગવડ હોય તો એને આઠ-દસ ઇંચ ઊંડી ખોદી, અંદર ઊગેલાં ઘાસ વગેરે જેવો કચરો ને કાંકરા વીણી લઇને, તથા ચીકણી માટી હોય તો તેમાં નદીની રેતી કે કાંપ ભેળવીને એને સમથળ તૈયાર કરવી. લાલ માટી હોય તો રેતી ભેળવવાની જરૂર નથી. અને જો ખારવાળી જમીન હોય તો કાંપ સાથે ચિરોડીનો ભૂકો ભેળવવો એ ક્ષારનું મારણ છે.

ખાતર તરીકે જૂનું અને બરાબર સડી ચૂકેલું છાણિયું ખાતર, ઘેટાં-બકરાંની લીંડીનો ભૂકો કે તૈયાર મળતું કૉમ્પોસ્ટ ખાતર ભેળવવું. આ ઉપરાંત કેટલાંક રાસાયણિક ખાતરો પણ વાપરી શકાય. એના ગુણ નીચે પ્રમાણે છે:

૧) યૂરિયા: છોડને નાઇટ્રોજન આપવા માટે. એથી છોડનાં પાન લીલાં રહે છે ને છોડની તંદુરસ્તી જળવાઇને એ સારી વૃદ્ધિ પામે છે.

૨) મ્યુરીએટ (અથવા સલ્ફેટ) ઑાવ પોટાશ: છોડનાં મૂળ મજબૂત કરે છે ને ફળની તંદુરસ્તી સાથે એનાં રૂપરંગ સારાં કરે છે. કંદમૂળ જેવાં શાક માટે આ ખાતર ખાસ ઉપયોગી છે.

સુપર ફૉસ્ફેટ: ફૉસ્ફરસ માટે. કંઈ પણ વાવતાં પહેલાં જમીનમાં નાખી ગોડ કરી ભેળવવું. છાણિયા કે કૉમ્પોસ્ટ ખાતર વાપરતાં વચ્ચેવચ્ચે આનો આછો થર કરવો.

જ્યાં ઊધઈનો ઉપદ્રવ થતો હોય ત્યાં જમીનમાં ગૅમેક્સિન પાઉડર પણ છાંટવો.

જમીન ન હોય તો લાકડાનાં મોટાં ખોખાં કે મોટા ટોપલાનો ઉપયોગ થઈ શકે. (અલબત્ત મોટી સંખ્યામાં ન હોય તો.) એ માત્ર કોથમીર, ફુદીનો, મરચી, મેથી કે પાલખ જેવી ભાજી માટે જ એ અનુકૂળ થઈ શકે. ખોખામાં અંદરની બાજુએ ડામર લગાડીને અને બહારની બાજુએ મનગમતો રંગ લગાડીને સુકાયા પછી તેમાં ઉપર કહ્યાં તે ખાતર-રેતી ભરીને ઉપયોગ કરવો. એમાં રહેલું પાણી નીતરી જઈ શકે તે માટે નીચે કંઈ ટેકો મૂકી એને સહેજ અધ્ધર રાખવાં. આટલી પ્રાથમિક તૈયારી પછી હવે

આ ઋતુમાં—

ગુવાર-ભીંડાનાં બી સીધાં રોપા શકાય. એ જ રીતે ચોળા, ચીભડાં, કાકડી, તૂરિયાં, કારેલાં, દૂધી, ગલકાં ને ટીંડોળાંનાં બીજ રોપી એના વેલા પણ ઉછેરી શકાય. વેલાને અધ્ધર ચડાવવા માટે ટેકાની સગવડ રાખવી.

રીંગણ, મરચાં, ટમાટાં, વહેલી તૈયાર થતી કોબિજ ને ફૂલ-કોબિજના પ્રથમ રોપ કરી તે ચાર-પાંચ ઇંચના થયે ક્યારામાં રોપી શકાય. રોપ તૈયાર કરવા જે તે શાકનાં બીને થોડો તડકો દેખાડી પછી માટી સાથે ભેળવીને વાવવાં. તૈયાર થએલા રોપને હમેશાં સાંજે જ રોપવા ને પાણી આપવું.

ચોમાસામાં કેટલીક જીવાત છોડનાં પાન તથા ફાલની કળીઓ કરડી ખાઈ નુકસાન કરે છે. તેના ઉપાય તરીકે 'ટાટા ફાઈઝન'નું 'રોગોર' કે 'આઈ. સી. આઈ.'નું 'એન્ડ્રિન'યા અન્ય કંપનીની સારી દવાઓ તૈયાર મળે છે તેને પાણીની બાલદીમાં એક ચમચીના પ્રમાણમાં ભેળવીને એ દ્રાવણ છોડ પર છાંટવું. પખવાડિયે એકાદ વાર છાંટવું બસ થઈ પડે છે. દવા છાંટ્યા પછી ત્રણેક દિવસ શાક ઉતારવું નહિ અને પછી યે ઉતારેલા શાકને સ્વચ્છ પાણીથી ધોઈને જ વાપરવું.

—અમીલાલ ઢાંકી (બાગાયાત નિષ્ણાત)

કરકસર અને બચાવની રીતો

ખોટા ખર્ચ પર કાપ એ કરકસરનો ઉપાય ખરો, પણ ઘર-ઉપયોગની ચીજવસ્તુઓનો યોગ્ય વપરાશ ને ચીવટભરી જાળવણીથી યે કેટલાક નાહકના ખર્ચમાંથી ઊગરી શકાય. આ માટે બેદરકારી ને પ્રમાદનો ત્યાગ કરવો જોઈએ. હવે ચોમાસું બેઠું હોઈ છત્રીની જરૂર પડવાની. જો ચીવટથી જાળવી રાખી હશે તો જૂની છત્રી આ વર્ષે યે કામ લાગશે. જો બેદરકારીથી રાખી હશે તો થોડા ખર્ચે મરામત કરાવીને તેને ઉપયોગમાં લઈ શકાશે અને જો તદ્દન લાપરવાહી રાખી હશે તો નવીનો ખર્ચ કરવો પડશે. પણ છત્રી સાચવવામાં થોડી વધુ ચીવટ રાખવી મુશ્કેલ નથી. એ માટે માત્ર આટલું જ ધ્યાન રાખવાનું છે—

(૧) ભીની થએલી છત્રીને ખુલ્લી કરીને સૂકવ્યા પછી જ બંધ કરી મૂકવી. તાત્કાલિક ક્યાંય એ ભીનેભીની મૂકવી પડે તો એને (નીચેની આકૃતિઓમાં બતાવ્યા પ્રમાણે) ઊંધી જ મૂકવી. આથી એના કાપડ પરનું પાણી, એના સળિયા જ્યાં બાંધેલા હોય છે ત્યાં એકઠું નહિ થતાં નીતરી જશે અને સળિયા બાંધેલા તારને કાટ લાગવાનો સંભવ ઘટશે. (૨) બંધ કરેલી છત્રીના કાપડની બધી ઘડ બહારની બાજુએ ખેંચી કાઢવી. ને એના સળિયા એને માટે રાખેલી ખોભળીમાં ભેરવી રાખવા યા રબ્બરની એકાદ રિંગમાં ભરાવી રાખવા. પણ જો છત્રી વધુ વખત બંધ રાખવાની હોય તો (૩) એના કાપડને દર્શાવ્યા પ્રમાણે એકસરખું વ્યવસ્થિત રીતે વીંટી બાંધી દેવું. આમ બાંધેલી છત્રી હાથમાં લટકાવી જવામાં કે હાથલાકડી જેમ વાપરવામાં સરળ પડશે. અને જો છત્રી વપરાશમાં ન હોય તો એના પર કાપડ કે કાગળ વીંટી બાંધીને મૂકી રાખવી. [illegible]થી એનો રંગ અને કાપડ બંને લાંબો સમય ટકે છે. વળી, આ રીતે રાખી મૂકતાં અગાઉ એના સળિયામાં જ્યાં જ્યાં સાંધા-જોડાણ હોય ત્યાં ટીપું તેલ મૂકશો તો કાટ નહિ લાગે.

છત્રીના છૂટા પડી ગએલા કે નવા સળિયાને તારથી બાંધતાં, અને માત્ર કાપડ જ ખરાબ થયું હોય તો બજારમાંથી તૈયાર છૂટું કાપડ લાવીને ચડાવતાં પણ આવડવું જોઈએ. આવા કામની આપણને ગરજ હોય એ વખતે મરામત કરનારને મોં માગ્યા પૈસા આપવા કરતાં જાતે જ એ કરી શકીએ તો એ પણ કરકસરનો એક માર્ગ જ છે. ઘરમાં પકડ, સ્ક્રૂ-ડ્રાઈવર, હથોડી વગેરે જેવાં સાધનોનો ખર્ચ કદી માથે નથી પડતો.



સાહિત્યસંપર્ક

શબ્દકથા : મોળું, મોળ, મોળડ, મોળપ, મોળવાણ, મોળાઇ, મોળાકત, મોળાટવું, મોળાશ, મોળિયું, મોળી

'મોળું' શબ્દની વ્યુપત્તિ શોધતાં જોડણીકોશે તો સં. 'મૃદુ', અથવા 'મ્લાન'? એમ બતાવી સંતોષ માન્યો છે. પ્રાકૃતમાં કોઈ મૂળ જોવા મળ્યું નથી. સં. મૂળ શોધવું હોય તો સં. 'મૃદુલ' કહેવા મન થાય, પરંતુ એનો મૂળમાં 'કોમળ'નો અર્થ છે, 'મોળું'નો નહિ. સં. 'મૃત' સાથે પણ મેળ મળે એમ નથી, તેથી કોઈ અજ્ઞાત સ્થાનિક મૂળનો એ શબ્દ હોવાનું અત્યારે તો મનાય.

મોઢું મોળાટી જવાથી કે એવા કોઈ કારણે 'ઊલટી'ની ખણસ = 'ઊબકો' આવવો—એને 'મોળ' કહે છે. એના ઉપરથી 'ડ' સ્વાર્થે થતાં 'મોળડ' અને 'મોળું'ને સં. તદ્ધિત 'ત્વ'ના વિકાસમાં 'ત્પ' થયા પછી સ્ત્રીલિંગે યશ્રુતિથી 'મોળપ'. 'કડવાણ'ના સાદૃશ્યે 'મોળવાણ' ગુ. 'આણ' તદ્ધિત પ્રત્યયથી. અને તદ્ધિતના 'આઈ'થી નામ 'મોળાઈ'—લક્ષણાથી 'નબળાપણું' અર્થ. 'મોળાકત' એ તો આષાઢ સુદિ અગિયારસથી પૂનમ સુધીનું હિંદુ કુમારિકાઓ એકાસન રાખી, મોળું ભોજન કરે છે, અને સવારે નદી–નવાણે જઈ 'ડૂંડો ફૂટે છે' એ વ્રત. '–કત'નું મૂળ અસ્પષ્ટ. સં. 'કૃત્ય' > પ્રા. 'કત્ત' જેવી લાલચ ખરી, કારણ કે 'મોળાકત' નપુંસકલિંગે છે. 'મોળાટવું' તો નામધાતુ, બીજા અનેકને 'આટ' લાગી થાય તેવું. જ્યારે 'મોળાશ'માં 'આઈ' જેમ 'આશ' પ્રત્યય સ્ત્રીલિંગે તદ્ધિત લાગી નામ; 'મોળિયું' ન. = મોળો રોટલો, સ્વાર્થે 'ઇયું' વિશેષણાત્મક તદ્ધિત પ્રત્યય લાગી; તો 'મોળી' પણ સ્ત્રીલિંગે 'મોળુ'નું વિશેષણ = મીઠું નાખ્યા વિનાની પાતળી સેવ. ઉચ્ચારણની દૃષ્ટિએ ઓકાર આ બધા શબ્દોમાં વિવૃત છે, તો 'મોળ, મોળડ'માં અંતે યશ્રુતિ છે, મોળપ' જેમ જ.

કે. કા. શાસ્ત્રી

તાંબુલ : તેની પ્રણાલિ અને કલા

તાંબુલ શબ્દ આપણાથી અજાણ નથી. પણ ખાવાના વ્યસન તરીકે અમુક અંશે હાલ બદનામ આ તાંબુલનું પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં મુખવાસથી માંડી સામાજિક શિષ્ટાચાર અને અનેક ધાર્મિક વિધિઓમાં મહત્ત્વ હતું. કયા પ્રસંગે કેવું પાન યોગ્ય છે ત્યાંથી આરંભી એમાં શું શું નાખી એ કેવી રીતે તૈયાર કરવું અને ક્યારે ક્યાં કોને કઈ રીતે ધરવું એ અંગે પ્રાચીન ગ્રંથોમાં સૂક્ષ્મતાથી વિચારણા થએલી છે. એ પ્રાચીન સંદર્ભો પરથી, વિશ્વમાં વહાણવટાના ક્ષેત્રે એકમાત્ર મહિલા ઉચ્ચાધિકારી ને કલાભ્યાસંગી તરીકે સુખ્યાત શ્રીમતી સુમતિ મોરારજી (જુઓ 'કુમાર' અંક ૫૪૭)એ અંગ્રેજીમાં એક સુંદર નાનું પુસ્તક લખ્યુ છે.*

જેમ રોજિંદા જીવનનાં અન્ય ક્ષેત્રોમાં તેમ આ 'તાંબુલયોજના' માટેનાં વિવિધ સાધનોમાં પણ આપણા દેશના કુશળ કારીગરોએ જે વૈવિધ્યસભર કલાકૌશલ પ્રકટ કર્યું છે તેની વાનગીરૂપે એમણે પોતાના અંગત કલાસંગ્રહમાંથી કલામય સૂડી, પાનદાન, ચૂનાદાન વગેરેના સુંદર નમૂનાઓ ગ્રંથમાં આપીને આ દિશામાં પ્રસરેલી રસિકતાનો પણ પરિચય કરાવ્યો છે. વળી આ વિષયમાં વધુ અભ્યાસ કરવા ઇચ્છનારને સહાયક બની રહે એ હેતુથી કેટલાંક ઉપયોગી પુસ્તકોની યાદી પણ આપી છે.

રેશમી કાપડ ચડાવેલું ગાદીદાર પાકું પૂઠું, ૨૪ પૃષ્ઠોમાં વિસ્તૃત લખાણ ને ૫૯ જેટલી આર્ટ પ્લેટો સાથે દ્વિરંગી સુંદર આવરણવાળી આ રૂપકડા પુસ્તકની નિર્વિવાદ ઉપયોગિતા સ્વીકાર્યા પછી યે એની ૭૫ રૂપિયા કિંમતથી એ વિદેશી ગ્રાહકો, અર્થસંપન્ન ગ્રંથાલયો અને મોટી વિદ્યાસંસ્થાઓ બાદ કરતાં જનસાધારણની પહોંચ બહારનું બની રહે એ સ્વાભાવિક છે. એની ઓછી કિંમતની આવૃત્તિના પ્રકાશન વિષે પણ સાથોસાથ વિચારાયું હોત તો જે દેશની આ એક સુંદર પ્રણાલિ છે અને જેને ત્યાં એ અંગે સુંદર કલા ને રસિકતા વિકસી છે તેના લોકોને એનો બહોળો લાભ મળી શકત.

(*પ્રકાશક: લેખક પોતે જ. પામવન, ગાંધીગ્રામ, જૂહુ. મુંબાઈ-૫૪)

અશોક પ્રકાશન

૧૬૨, પ્રિન્સેસ સ્ટીટ, મુંબઈ-૨

કાન્તા: સ્વ. સાક્ષર મણિલાલ નભુભાઈ દ્વિવેદીની પ્રસિદ્ધ નાટ્યકૃતિ 'કાન્તા' પરના સાત નવા જૂના વિવિધ વિદ્વાનોના અભ્યાસ-લેખોનું આ સ્વાધ્યાયલક્ષી સંપાદન કર્યું છે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે (કાચું પૂઠું, પૃ. ૯૪, રૂ. ૨–૭૫)

અધિગમ: છેલ્લાં ત્રીસેક વર્ષમાં વિવિધ સામયિકોમાં પ્રગટ થએલા શ્રીમતી સુસ્મિતાબેન મ્હેડના સાહિત્યસ્વરૂપ, સાહિત્યકાર, સાહિત્યપ્રવાહ અને સાહિત્યકૃતિ પરત્વેના નાના મોટા ત્રેવીસ લેખોનો આ વિવેચનસંગ્રહ લેખિકાની અભ્યાસનિષ્ઠાનો દ્યોતક બની રહે છે. (પાકું પૂઠું, પૃ. ૨૫૮, રૂ. ૭–૫૦)

પૂજારિણી: રસિક મહેતાની એ નામની નવલકથાનું નટુ ઉમતિયાએ કરેલું આ ત્રિઅંકી નાટ્યરૂપાંતર, તેની નાયિકા શુચિતાની જેમ પ્રણયની શુચિતાને કેન્દ્રમાં રાખતું, ગુજરાતી રંગભૂમિને એક સુરુચિપૂર્ણ સરસ ભેટ રૂપ છે. વસ્તુ, વસ્તુવિકાસ અને અભિનયક્ષમતા ત્રણેયની દૃષ્ટિએ રસપ્રદ બની રહે તેવું આ નાટક નાટકરસિયાઓને વાંચવું પણ ગમશે. (કાચું પૂઠું, પૃ. ૧૪૦, રૂ. ૪–૫૦)

રહસ્યાંગના: ઉક્ત લેખકની 'ગગન સમાયે નયનમાં' નામક રહસ્યમય નવલકથાનું એ. એફ. શેઠ 'સુદર્શકે' કરેલું આ નાટ્યરૂપાંતર રજવાડાના પ્રણય ને ખૂન-ભભકાને રસિક રીતે રજૂ કરે છે. (કાચું પૂઠું, પૃ. ૧૮૦, રૂ. ૬)

પાનખરનું પંખી: આધુનિક 'સભ્ય' સમાજના વ્યવસાયજગતની લપસણી-લોભામણી ભૂમિકા પર સર્જાતી પ્રેમાભાસી સંબંધ–લીલા અને તેમાંથી ક્યારેક નિષ્પન્ન થતી કરુણતાનું રસપ્રદ નિરૂપણ કરતી પ્રિયકાન્ત પરીખની દસમી અને ચીલાચાલુ નવલકથા. (પાકું પૂઠું, પૃ. ૨૬૬, રૂ. ૭–૫૦)

નવરંગ વાર્તામાળા ભાગ ૧ થી ૬: અરવિન્દ શાસ્ત્રીની કિશોરભોગ્ય શૈલીમાં પ્રેરક બની રહે તેવી વાર્તાઓ સચિત્ર પુસ્તિકાઓરૂપે. છપાઈ અને કાગળ સારાં, પણ જોડણીની શુદ્ધિ પર વધુ ધ્યાન રહેવું જોઈતું હતું. (પ્રત્યેકનું કાચું પૂઠું. પૃ. ૬૪, પ્રત્યેકનો રૂ. ૧–૫૦)

નવભારત સાહિત્યમંદિર

પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

મીણનાં મોતી: માનવજીવનને ઊંચે લઈ જનારા સદ્‌ગુણો અને જીવનમૂલ્યોને કેન્દ્રમાં રાખી કલાત્મક રીતે આલેખાએલી ભગવત્ ભટ્ટની ૨૨ હેતુલક્ષી વાર્તાઓનો સંગ્રહ. (કાચું પૂઠું, પૃ. ૨૦૧, રૂ. ૪–૫૦.)

પ્રેતાંગિની: સત્ય ઘટનાને રહસ્યમય વાર્તાદેહ આપતી રસિક મહેતાની નવલકથા. (કાચું પૂઠું, પૃ. ૩૫૨, રૂ. ૧૦.)

અન્ય પ્રકાશનો

દાંડીયાત્રા: ભારતની આઝાદીની લડતના એક આગવા અને ઐતિહાસિક પ્રકરણ તરીકે દાંડીયાત્રાનું સ્થાન અદ્વિતીય છે. તેની ભૂમિકા, ઇતિહાસ અને વિકાસ, મહાત્માજીનાં ભાષણો-લખાણો, દાંડીયાત્રાનાં ગીતો અને તવારીખ તથા તસ્વીરો સાથે પ્રગટ થતું આ પુસ્તક તે દિવસોનું વાતાવરણ સજીવ કરે તેવી શૈલીમાં આલેખાયું છે. તે ઉપરાંત તેનું દસ્તાવેજી મૂલ્ય પણ કંઈ ઓછું નથી. સંપાદક ઇશ્વર-

લાલ ઈ. દેસાઈનો શ્રમ પ્રશંસનીય છે. (પ્રકા. સ્વાતંત્ર્ય ઇતિહાસ સમિતિ, જિલ્લા પંચાયત, સૂરત; પાકું પૂઠું, પૃ. ૪૮૯; આ શ્રેણીમાં પ્રકાશિત થનારાં પાંચે ય પુસ્તકોની કિં. રૂ. ૧૦૦, છૂટક કિંમત જણાવાઈ નથી.)

વેરાન જીવન: સ્વાતંત્ર્ય સૈનિક કમળાશંકર પંડયાની પ્રેરક આત્મકથા. (પ્ર. કમળાશંકર પંડયા સન્માન સમિતિ, પ્રાપ્તિસ્થાન: ખુટાલા ઍન્ડ કંપની, મહાત્મા ગાંધી રોડ, વડોદરા-૧; પાકું પૂઠું, પૃ. ૫૧૨; રૂ. ૨૦.)

પુષ્યમિત્ર કલ્કિ: ભારત ઉપર ગ્રીકોની સત્તા વધતી જતી હતી ત્યારે યજ્ઞયાગાદિને પુનર્જીવિત કરી પતંજલિએ પુષ્યમિત્રના સેનાનીપણા નીચે ભારતની મુક્તિ કાજે મગધને કેન્દ્ર બનાવ્યું અને એક જુદો જ ઐતિહાસિક વળાંક આપ્યો. તે સમયના સમાજ અને રાજ્યના વાતાવરણને રોચક શૈલીમાં તાદૃશ્ય કરતી જેઠાલાલ ત્રિવેદીની શુંગવંશ ગ્રંથમાળાની ત્રીજી રસિક નવલકથા. (પ્રકા૦ શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધી માર્ગ, અમદાવાદ; પાકું પૂઠું, પૃ. ૪૩૭, રૂ. ૧૪)

ગ્રીક રાજકન્યા: આશરે બે હજાર વર્ષ પૂર્વે ગ્રીકો ભારતમાં સત્તાનો પગદંડો જમાવતા જતા હતા ત્યારે નિર્માલ્ય બનેલી ભારતીય પ્રજાને પતંજલિએ શૌર્યપંથે વાળી રાષ્ટ્રભક્તિ ને રાષ્ટ્રમુક્તિ તરફ પ્રેરી. એ કાળે સેનાપતિ પુષ્યમિત્ર પતંજલિનો સંદેશો ઝીલી મેદાને પડયો. આ નવલકથામાં આ શૌર્યની સાથે પુષ્યમિત્રના પૌત્ર વસુમિત્રની ગાંધારની રૂપવતી બૅક્ટ્રિયન રાજકન્યા સાથેના પ્રણયની રોમાંચક દાસ્તાન પણ ગૂંથાએલી છે. સરસ શૈલી અને ક્રિયાવેગવાળી આ નવલકથા રાષ્ટ્રભક્તિનો ઈતિહાસ ઉખેળી સાંપ્રત ભારતીય પરિસ્થિતિને જાણે પડકારે છે. (લેખક-પ્રકાશક ઉપર મુજબ, પૂઠું, પૃ. ૪૪૩; રૂ. ૧૩)

તાજમહાલ: જાણીતા શાયર શેખાદમ આબુવાલાનાં ચોટદાર મુક્તકો અને આસ્વાદ્ય કાવ્યોનો સંગ્રહ કાવ્યરસિકોને જરૂર ગમશે. પ્રકા. દીપા પબ્લિશર્સ; ૯, ચેતન સોસાએટી, પાલડી, અમદાવાદ–૭; કાચું પૂઠું, પૃ. ૬૩, રૂ. ૩)

હું એક ભટકતો શાયર છું: જર્મન ભૂમિના પ્રસંગોની સર્વ સામાન્ય ભોગ્યતા પારખીને ઉક્ત કવિએ અહીં સરસ પ્રસંગાલેખનો કર્યાં છે, તે વાચકોને વાર્તારસ પણ પૂરો પાડશે. (પ્રકા. ઉપર મુજબ; કાચું, પૃ. ૧૯૬, રૂ. ૬.)

ધિરતે બાદલ ખુલતે બાદલ: ઉક્ત કવિનો ઉક્ત પ્રકાશક તરફથી પ્રગટ થએલો હિંદી મુક્તકો અને કાવ્યોનો સંગ્રહ. (કાચું પૂઠું, પૃ. ૧૪૩, રૂ. ૫)

સંસ્કાર-શિક્ષક: ૧૯૪૩માં નિધન પામનાર ગુજરાતના એક સંસ્કારમૂર્તિ શિક્ષક કરુણાશંકર કુબેરજી ભટ્ટની ૧૯૭૩માં આવેલી જન્મશતાબ્દી નિમિત્તે એમના જીવન અને કાર્યને અર્ઘ્ય આપતો તથા એમનો શ્રદ્ધેય ને પ્રેરક પરિચય આપતો આ ગ્રંથ, ગુજરાતમાં જ્યારે શિક્ષણક્ષેત્રે શિક્ષણ અને શિક્ષકની ભારે કટોકટી છે ત્યારે, છાત્રો સમાજ અને શિક્ષકોને ખૂબ જ ઉપયોગી પ્રેરણા-પાથેય બંધાવી આ-

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



ડૉ. મોતીચંદ

દેશ અને વિદેશના ખ્યાતનામ કલામર્મજ્ઞ વિદ્વાન. જન્મ: બનારસમાં તા. ૨૬ ઑગસ્ટ ૧૯૦૯. બનારસ યુનિ.ના એમ.એ., યુનિ. ઑવ લંડનના પીએચ.ડી., નરેન્દ્ર દેવ ઍવૉર્ડ, કૅમ્પબેલ મેમોરીઅલ સિલ્વર મેડલ, પદ્મભૂષણ (૧૯૭૪) વગેરે વડે સમ્માનિત. મુંબઈના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમના ડિરેક્ટર અને તેના રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટના ઑનરરી તરીકે ઑમ્બે યુનિ.ના પીએચ.ડી.ના વિદ્યાર્થીઓના માર્ગદર્શક તથા એ મ્યૂઝિયમના બુલેટિન તેમજ અન્ય પ્રકાશનોના સંપાદક તથા લલિતકલા અકાદમી (ન્યૂ દિલ્હી)ના પત્ર 'લલિત કલા'ના સંપાદક. સંશોધનાત્મક તથા કલાવિષયક અનેક અંગ્રેજી તથા હિન્દી પુસ્તકોના લેખક.

૧. અજંતા અને ઇલોરાની કલા વિષે આપનું મંતવ્ય કહેશો?

ઉ. અજંતાની કલામાં એ સમયની જીવંત રમ્યસૃષ્ટિનું, સપ્રમાણ રંગો અને સુરેખ આલેખનભર્યાં કલાકૌશલ દ્વારા હૂબહૂ પ્રતિબિંબ મંત્રમુગ્ધ કરે તેવું છે. ત્યાર બાદની ચિત્રકળામાં દેવદેવીઓનાં ચિત્રો વધુ થયાં છે. ઇલોરાની ચિત્રકલામાં નવી જ ભાત પાડતું કલાકૌશલ અને ચિત્રશૈલીના ક્રમિક વિકાસની છાંટ જણાય છે. એ ચિત્રો વાસ્તવિક જગતનાં ન રહેતાં પૌરાણિક યુગનાં દેવદેવીઓનાં દર્શનમાં ગરકાવ કરી દે છે. જ્યારે ઇલોરાની શિલ્પકળામાં છઠ્ઠાથી અગિયારમા સૈકા સુધીની નોંધપાત્ર પ્રગતિ સાથે અનુક્રમે બૌદ્ધ, બ્રાહ્મણ અને જૈન સંપ્રદાયના વિષયોનું નિરૂપણ છે. આમાં યે બ્રાહ્મણ શિલ્પોમાં દક્ષિણ ભારતમાં પુનઃ પ્રતિષ્ઠિત થએલા શૈવ સંપ્રદાયનો પ્રભાવ છે. રાષ્ટ્રકૂટ કાળની આ શૈવ પુનઃ પ્રતિષ્ઠા એ ઉત્તરની ગુર્જર પ્રતિહાર શિલ્પશૈલીની શાંત તાસીરથી ભિન્ન એવી એક નવી જ પ્રણાલિ દર્શાવે છે. પણ દક્ષિણ ભારતીય શિલ્પોમાં ખાસ કરીને પ્રતિમા-શિલ્પોમાં વિકસેલી પરંપરિત શૈલીની પેઠે ઇલોરાનું આગવું વ્યક્તિત્વ લાંબો સમય સુધી ટકી શક્યું નહિ.

૨. ચિત્રના નિરીક્ષણ માટે જોનારની દૃષ્ટિ કેવી હોવી જોઈએ?

ઉ. આ માટે તો મોટો નિબંધ લખી શકાય, પણ ટૂંકમાં ચિત્રને સમજવા માટે એની સમગ્રલક્ષી પશ્ચાદ્ભૂ જાણવી જોઈએ. ચિત્રાલેખનનો સમય, એ કાળની લાક્ષણિકતા, ચિત્રના રંગ અને કલાકારનું કૌશલ, રેખાંકન ને એના લયવળાંકની તાસીર, ચિત્રનો ઉઠાવ વગેરેની અભ્યાસનોંધ લેવી ઘટે. ભારતીય ચિત્રકળા જુદાજુદા સમયે વિવિધ રીતે રજૂ થઈ છે એટલે જે તે કાળના દૃષ્ટિકોણથી એ મીમાંસા-મૂલવણી થવી જોઈએ.

૩. દુનિયાના કયા સંગ્રહસ્થાન પ્રત્યે આપને સવિશેષ આકર્ષણ છે?

ઉ. દુનિયાનાં ઘણાંખરાં ખ્યાતનામ સંગ્રહસ્થાનો મેં જોયાં છે. પણ એમાંથી કોઈ એક બેને ઉત્તમ તરીકે તારવી ન શકાય. દરેક પોતપોતાની રીતે વિશિષ્ટ છે.

૪. આપના મનગમતા વિષયો?

ઉ. કલાનો ઇતિહાસ, પુરાતત્ત્વ, સમાજશાસ્ત્ર મને વધુ ગમે છે. વાચન, સંગીત અને નાટકો જોવાં પણ ગમે.

૫. કોનું વ્યક્તિત્વ આપને સવિશેષ ગમ્યું?


ઉ. વ્યક્તિવાદમાં નહિ, પણ શક્તિની અભિવ્યક્તિમાં માનું છું.

૬. આપને કયા કયા રંગો ગમે?

ઉ. પ્રસંગો અને પાત્રો પ્રમાણે રંગો શોભે. મને લાલ અને વાદળી રંગની તેજછાયા વધુ પસંદ છે.

૭. જીવનની કૃતકૃત્યતા આપને શામાં લાગે છે?

ઉ. પૂરી સ્વસ્થતાથી લીધેલું કાર્ય સંતોષાત્મક રીતે કરવામાં.



પણ એમાં શંકા નથી. સાચા આદર્શપરાયણ શિક્ષકનું સ્થાન ચિરંજીવ હોય જ છે એ વાતની આ ગ્રંથ પાછળની જહેમત ગવાહી પૂરે છે. (પ્ર. શ્રી કરુણાશંકર શતાબ્દી સમિતિ, મુખ્ય વિક્રેતા પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ., રાવપુરા, વડોદરા; પાકું પૂઠું, પૃ. ૨૯૬, રૂ. ૧૦)

સંસ્કારલક્ષી શિક્ષણ: ઉક્ત સંનિષ્ઠ શિક્ષકની સેવાપરાયણતા, આદર્શપ્રિયતા, વિદ્યાપ્રેમ, સંસ્કારસૌરભ, મૃદુતા આદિ હૃદયગુણો અને જીવનધર્મોને પ્રગટ કરતા એમના અનેક પત્રોનો પ્રેરક સંચય. (પ્રકા. વિક્રેતા : ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૫૦૨, રૂ. ૧૫)

કલાચિંતન: ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ કલાગુરુ રવિશંકર રાવળનું અહીં રજૂ થએલું કલાચિંતન તેમજ જીવનચિંતન વિનયન અને કલા વિદ્યાશાખાના સ્નાતક, અનુસ્નાતક અને ડિપ્લોમાના વિદ્યાર્થીઓ ઉપરાંત કલારસિકોને પણ ખૂબ જ ઉપયોગી થઈ પડે તેવું છે. (પ્રકા. ગુજરાત ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ-૯, પાકું પૂઠું, પૃ. ૨૨૩, રૂ. ૫)

લગ્નની આગલી રાત: શૈલીજાળમાં અટવાતી, કૃત્રિમ અને અપ્રતીતિકર રહસ્યોદ્ઘાટન કરતી ચંદ્રકાન્ત બક્ષીની સામાન્ય કક્ષાની રહસ્યકથા. (પ્રકા. પોતે જ; વિક્રેતા : નવભારત સાહિત્યમંદિર, ૧૬૨, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ–૨; પાકું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૬)

શ્રેષ્ઠ તીર્થ ઘરવાળી: દાંપત્યજીવનની સરળતા ને સરસતા માટે દંપતીમાં પરસ્પરને સમજવાની સહજવૃત્તિ અપેક્ષિત છે એ સિદ્ધાંતને ખયાલમાં રાખી સ્ત્રીઓની વિચિત્રતાઓ પર કટાક્ષ કરતી રસળતી મજાક શૈલીમાં ગંભીર વાત કરતી પ્રવીણ ઠક્કરની આ પ્રથમ પુસ્તિકા એમને જશ અપાવે તેવી તો છે જ, તો સાથે સાથે 'ગૃહશાંતિ' માટે પ્રત્યેક યુવક-યુવતી કે પતિ-પત્નીએ અવશ્ય વાંચવા જેવી પણ છે. (પ્રકા. નચિકેતા પ્રકાશન, ૪૮, દાદાભાઈ રોડ, વિલેપાર્લે (પશ્ચિમ), મુંબઈ-૫૬, કાચું પૂઠું, પૃ. ૧૪૭, રૂ. ૪)

મદિરા: રુસ્વા મઝલૂમીની ચોટદાર ગઝલોનો આસ્વાદ્ય સંગ્રહ. (પ્રકા. વોરા ઍન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમ૦૧, કાચું પૂઠું, પૃ. ૬૧, રૂ. ૩)

ખૈયામ: ઉમર ખય્યામની રૂબાઈઆતના ગુજરાતી અનુવાદોમાં જાણીતા ગઝલકાર શૂન્ય પાલનપુરીનો આ અનુવાદ એની સરળતા, મૂળના મિજાજની વફાદારી અને સચોટતાને કારણે નોંખો તરી આવે છે, અને સહજ રીતે જ અગ્રિમ હરોળમાં સ્થાન મેળવી લે છે. (પ્ર. પ્રેરણા પ્રકાશન, ૪૬૬/૪૬૮, કાલબાદેવી રોડ, મુંબાઈ–૨, કાચું પૂઠું, પૃ. ૧૩૬, રૂ. ૭-૫૦)

પચ્ચીસ વર્ષ પહેલાં



જુલાઈ ૧૯૪૯–સળંગઅંક ૩૦૭

એ દિવસોમાં વિખ્યાત નૃત્યકાર યોગેન્દ્ર પ્રિયદર્શી 'પ્રાચીન નાટ્યશાસ્ત્ર' પર લેખમાળા લખતા. એનો આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલો હપતો વિવિધ પ્રકારના નાયકો વર્ણવતો હતો. એ રસમય થઈ પડશે :

નાયક, એ નાટકમાં વર્ણવેલા મુખ્ય ફળનો અધિકારી કે ભોક્તા છે. તેના જાતિ અનુસાર, પ્રકૃતિ અનુસાર, કર્મ અનુસાર વગેરે જુદાજુદા અનેક ભેદો છે.

જાતિ અનુસાર નાયકના ત્રણ ભેદ છે: દિવ્ય, અ-દિવ્ય, દિવ્યાદિવ્ય.

(૧) દિવ્ય : દેવજાતિના નાયકો (દેવતાઓ). જેમ કે: 'પાર્વતી-પરિણય' નાટકમાં મહાદેવ.

(૨) અ-દિવ્ય: મનુષ્ય નાયકો. જેમ કે: 'શાકુન્તલ'માં દુષ્યંત; 'રત્નાવલી'માં વત્સરાજ.

(૩) દિવ્યાદિવ્ય : દૈવી ગુણો ધરાવનાર દિવ્ય મનુષ્યો કે અવતારી પુરુષ નાયકો. જેમ કે: 'ઉત્તર રામચરિત'માં રામચંદ્ર.

પ્રકૃતિ કે સ્વભાવ અનુસાર નાયકના ચાર ભેદ છે : ધીરોદાત્ત, ધીરોદ્ધત, ધીરલલિત અને ધીરપ્રશાંત.

(૧) ધીરોદાત્ત નાયક ક્ષમાશીલ, વિનયશીલ, સત્ત્વશીલ, ગંભીર, આત્મશ્લાઘા (સ્વપ્રશંસા) વગરનો, દૃઢ નિશ્ચયી, નિરહંકારી, એકવચની તથા હર્ષ-શોકમાં સ્થિર હોય. જેમ કે: રામચંદ્ર, હરિશ્ચંદ્ર, યુધિષ્ઠિર, નળરાજા વગેરે.

(૨) ધીરોદ્ધત નાયક ગર્વિષ્ઠ, બલિષ્ઠ, પ્રચંડ, અહંકારી, આત્મગૌરવશ્લાઘી, પરાક્રમી, દૃઢ સ્વભાવી તથા કંઈક કપટવાળો હોય. જેમકે : રાવણ, ભીમસેન વગેરે.

(૩) ધીરલલિત નાયક મધુર-કોમલ, વિનોદ-ઉલ્લાસ-વિલાસપ્રિય, સંગીત-નૃત્યાદિ કલારાગી, રસિક, યુક્તિ-પ્રયુક્તિઓમાં ચતુર વગેરે ગુણવાળો હોય. જેમ કે: શ્રીકૃષ્ણ ઇત્યાદિ.

(૪) ધીરપ્રશાંત નાયક સામાન્ય સહજ સર્વ ગુણોવાળો ભદ્રપુરુષ હોય. જાતે તે બ્રાહ્મણ કે વૈશ્ય હોય. જેમ કે : 'મૃચ્છકટિક'નો ચારુદત્ત, 'માલતી માધવ'નો માધવ ઈત્યાદિ.

વ્યવહાર અનુસાર ભેદ: સ્ત્રી સાથેના વ્યવહાર અનુસાર નાયકના બીજા ચાર ભેદ છે : દક્ષિણ, અનુકૂલ, શઠ અને ધૃષ્ટ.

(૧) દક્ષિણ નાયક ચતુર, કાર્યકુશળ તથા સર્વ સ્ત્રીઓ સાથે એકસરખો વ્યવહાર રાખનાર હોય. જેમ કે : શ્રીકૃષ્ણ.

(૨) અનુકૂલ નાયક એટલે જેનું વલણ સ્ત્રીને અનુકૂલ હોય તે અથવા જે એક જ સ્ત્રીને વરેલો હોય તે. જેમ કે: રામચંદ્ર.

(૩) શઠ નાયક એક કહી બીજું કરનારો, ઉપરથી એક સ્ત્રી પર પ્રીતિ દેખાડી છૂપી રીતે બીજી સ્ત્રીને ચાહનારો હોય. જેમ કે : શંકર.

(૪) ધૃષ્ટ નાયક બેશરમ, વારંવાર ધિક્કાર્યા છતાં તે ને તે સ્ત્રી પાસે જનારો કે ખુલ્લી રીતે અન્યને ચાહનારો હોય. જેમ કે: રાવણ.

વળી, સ્ત્રીઓના સંબંધમાં નાયકના ચારને બદલે બીજા પાંચ ભેદો પણ જણાવેલા છે અને તે ઉપરના ભેદોથી જુદા છે. તે આ પ્રમાણે: (૧) ચતુર, (૨) ઉત્તમ, (૩) મધ્યમ, (૪) અધમ, (૫) સંપ્રવૃત્તક.

ચતુર: પ્રણય-ક્રોધ-પ્રસાદનમાં (સ્ત્રીને મનાવવામાં) કુશળ, મધુરવચની (મીઠી વાણી વાપરનારો), રતિ ઉપચારમાં નિપુણ, દક્ષ, સમદુઃખ તથા ક્લેશસહ (કજિયો સહન કરી શકનાર) ઇત્યાદિ.

ઉત્તમ (જ્યેષ્ઠ): સ્ત્રીનું અપ્રિય ન કરનાર, પ્રિયભાષી, સ્વગામી તથા હૃદયનાં ગૂઢ તત્ત્વોને જાણનાર. વળી નીચેનાં લક્ષણોયુક્ત નાયકની ગણના પણ આ પ્રકારમાં થાય છે: ત્યાગી, અ-ક્રોધી, આસક્તિરહિત મદન (કામ)ને વશ ન થનાર તથા સ્ત્રીના અવમાનથી વિરક્ત થનાર.

મધ્યમ (સમ): સર્વ અવસ્થાઓમાં મધ્યસ્થ (સમાન) રહેનાર.

અધમ: વારંવાર અવમાનિત થયા છતાં નિર્લજ્જ થઈ સ્ત્રીની પાસે જનાર; મિત્રોના વાર્યા છતાં તેની પાસે જઈ પોતાની આસક્તિ પ્રગટ કરનાર.

સંપ્રવૃત્તક: ભય તથા ક્રોધને નહિ ગણકારનાર, વારંવાર પાછો પડવા છતાં આસક્તિ નહિ છોડનાર, શિથિલ મનનો, મૂર્ખ તથા સ્ત્રીઓના રમકડા રૂપ.

આમ, નાયકના વિવિધ ભેદો જણાવ્યા. તેને દિવ્ય, અ-દિવ્ય તથા દિવ્યાદિવ્ય સાથે લેવાથી તેના અડતાલીસ જેટલા ભેદો થાય છે. આ ઉપરાંત પણ પ્રાચીન કાળમાં પ્રચલિત વિવિધ નાટ્યપ્રકારો (વિવિધ રૂપક તથા ઉપરૂપક) અનુસાર તેના બીજા અનેક ભેદો હતા. એ રીતે તેના નાનામોટા સર્વ મળીને તો લગભગ દોઢસો જેટલા ભેદો થાય છે. આ સર્વ ભેદોનો વિચાર કરીને નાયકનું નિરૂપણ કરવાનું તથા તેના સ્વભાવ મુજબ કાર્યોને નાટકમાં યોજવાનું કામ પ્રાચીન કાળમાં તો કદાચ કઠણ નહિ હોય; પણ અત્યારે તો તે ખૂબ જ કઠિન છે. □

વૃક્ષ-વેલ-પરિચય (૨૨)
સફેદ ચંપો



ચંપાનાં ફૂલ અને તેનું વન

ક્યાં કરમદાં અને ક્યાં ચંપો – ધોળો ચંપો! પણ બંને એક જ વર્ગની વનસ્પતિ છે. એના વૃક્ષમાં ક્યાંય પણ છેદ પાડતાં એમાંથી દૂધ જેવો ચીકણો રસ ઝરે છે, એટલે સંસ્કૃતમાં એનું નામ પડ્યું 'ક્ષીરચંપક'. મરાઠીમાં એનું થયું 'ખેર ચંપા', ને કદાચ એ પરથી આપણે એને 'ખડ ચંપો' નામ આપ્યું. દેવમંદિરની ફૂલવાડીમાં તો એ હોય જ, એટલે અંગ્રેજીમાં એને 'ટૅમ્પલ ટ્રી' નામ અપાયું.

અસલ તો આ મધ્ય અમેરિકાના પ્રદેશનું વૃક્ષ. ભારતમાં હવે એ બધે જોવા મળે છે. એનું ફળ પાંચેક ઇંચ લાંબું શીંગ જેવું હોય છે પણ અહીં એનાં બીજ જવલ્લે જ થતાં હોઈ બહુધા કાપકલમથી જ ઉગાડાય છે. પંદર-વીસ ફૂટ ઊંચું એનું ઝાડ થાય છે. શિયાળામાં પાન ખરી ગયાં હોય ત્યારે એની ખરબચડી રાખોડી રંગની છાલ અને વાંકાચૂકા થડ પર વિસ્તરેલી શાખાઓ દેખાવે વરવી લાગે છે. પણ ચોમાસામાં નવાં પાન ફૂટે એ પહેલાં તો શાખાઓને છેડે ફૂલોનાં મોટાં ઝૂમખાંથી એ શોભી ઊઠે છે. મધ્યમાં સોનેરી પીળી ઝાંય સાથેનું મીઠી સુગંધીભર્યું ચંપાનું ધોળું ફૂલ ભાગ્યે જ કોઈથી અજાણ્યું હશે. આ ફૂલ સાથે છેડે ગોળાકાર લેતાં લાંબાં ને જાડાં ઘેરાં લીલાં પાનથી જ્યારે વૃક્ષ ભરાઈ જાય ત્યારે સુંદર દેખાય છે.

ચંપાનો દૂધ જેવો રસ કપૂર અને ચંદનના તેલ સાથે મેળવીને ખસ-ખુજલીનાં દર્દોમાં ચોપડવામાં વપરાય છે. સોજા ઉપર એનાં પાન ગરમ કરીને પોટીસ તરીકે બંધાય છે. એનાં ફૂલની કળીઓ નાગરવેલનાં પાન સાથે જ્વરવિનાશક ઔષધ તરીકે વપરાય છે. બીજા પણ કેટલાંક દર્દોમાં ચંપો ઉપયોગી છે. □



માધુકરી

ખીલીડા બૂંગિયો વાગે, સૂતેલાં સોણલાં જાગે:—બો૦
આભમાં વાગે, ગેબમાં વાગે, વાગે સાત પાતાળ,
હાલકડોલક સાગરછોળે, ગાજે ડુંગરમાળ—બો૦
ધરતીના કણકણમાં ઝૂઝું ને અગન ભરું બાથ,
વીંધવા મારે કાળના વાયુ મો'બત મોતની સાથ—બો૦
—હિંમતલાલ ઉ. દવે

સ્વ. કવિ દિનકર

હિંદીના અગ્રણી કવિ, નિબંધકાર, વિવેચક અને ક્રાંતિવાદી રાષ્ટ્રભક્ત રામધારીસિંહ 'દિનકર'નું ૬૬ વર્ષની વયે અચાનક અને આઘાતક અવસાન થયું. ઈ. ૧૯૦૮ના સપ્ટેમ્બરની ૨૯મીએ બિહારના મુંગેર જિલ્લાના સિમરિયા ગામમાં કૃષિ પરિવારમાં જન્મી, પ્રતિકૂળતાઓ વચ્ચે પણ ૧૯૩૧માં ઇતિહાસ સાથે બી. એ. થઈ રાષ્ટ્રભાવનાથી રંગાઈ તેજભરી કવિતા દ્વારા અંગ્રેજ સરકારને છંછેડનાર આદર્શવાદી અધ્યાપનની કારકિર્દીથી આરંભી બિહાર સરકારના સબ-રજિસ્ટ્રાર, સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી યુદ્ધપ્રચાર વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટર, મુઝફ્ફરપુરની પોસ્ટ ગ્રૅજ્યુએટ કૉલેજમાં હિંદી વિભાગના અધ્યક્ષ અને કેન્દ્ર સરકારમાં હિંદી ભાષા વિષયક સલાહકાર તેમજ હિંદી સલાહકાર સમિતિના ઉપાધ્યક્ષ સુધીની વિવિધ કામગીરી બજાવનાર આ કવિને ભારત સરકારે ઈ. ૧૯૫૯માં પદ્મભૂષણનો ઈલ્કાબ અને ૧૯૬૨માં ભાગલપુર યુનિવર્સિટીએ 'ડૉક્ટર ઑવ લિટરેચર'ની માનાર્હ ઉપાધિ આપેલાં.

પચાસથી પણ વિશેષ ગ્રંથો આપી પૂરા ચાર દાયકાથી પણ વધુ સાહિત્યોપાસના કરનાર આ સત્ત્વશીલ સાહિત્યકારની શ્રદ્ધાપરસ્ત કાવ્યવિભાવના એમના શેષ અક્ષર-લોકમાં સદા દ્યુતિમંત રહેશે અને નિરાશાના ઘનાડંબર વચ્ચે ઉદ્‌ભ્રાન્ત મનુષ્યને પ્રેરણાપાથેય પૂરાં પાડશે.

સરગવો

સરગવા કે સેગટાનાં ફૂલને આપણે કઢીમાં નાખીએ છીએ અને શિંગને કટકા કરી, બાફી તેમાં, તેલનું મોણ દઈ કે તેલમાં સાધારણ તળી ચણાની દાળનો લોટ ભેળવી મરચાં, આદુ, મીઠું, હળદર, આમલી કે દહીં અને પ્રમાણસર ગોળ નાખી 'ચાટિયાં' નામની વાની બનાવીએ છીએ. આયુર્વેદિક દૃષ્ટિએ આવી વાની આરોગ્યપ્રદ મનાય છે કારણ કે એમાં ખટરસનો સમન્વય થએલો હોય છે. જેમાં છ યે રસ (કડવો, તૂરો, ખાટો, ખારો, તીખો અને ગળ્યો) સપ્રમાણ મળે તેવી વાની આયુર્વેદમાં આરોગ્યપ્રદ મનાઈ છે. ચાટિયામાં સેગટાની શિંગનો તૂરો, કડવો અને જરા તીખો તથા તેમાં નાખેલા મસાલાથી એ શાકમાં ખટરસનો સમન્વય થાય છે. આયુર્વેદમાં પ્રમાણસર કડવો રસ રુચિ પેદા કરનાર, ઝેર અને કૃમિનો નાશ કરનાર, તાવ ઉતારનાર અને સ્નાયુઓને મજબૂત કરનારો મનાયો છે. રોજના વપરાશમાં મેથી કે મેથીની ભાજી અને કારેલાં તેમજ સેગટાની શિંગમાં આવો કડવો રસ છે.

સરગવાની જાત પ્રમાણે તેમને ત્રણ પ્રકારની શિંગ આવે છે, મીઠી, એટલે નામની કડવાશવાળી, સાધારણ કડવી અને કડવી. ઘણી કડવાશવાળી શિંગના કટકા બાફીને તેમાંનું કડવું પાણી કાઢી નાખવાથી કડવાશ ઘટે છે, પણ જળદ્રાવ્ય આવશ્યક ખનિજ-વિટામિન નીકળી જાય છે. બજારમાં વેચાતી શિંગને એક છેડેથી જરા ગર્ભ સાથે ઉખેડી મોંમાં નાખવાથી એ ત્રણ પૈકી કયા પ્રકારની છે તે તરત સમજાઈ જશે. પશ્ચિમના ખોરાકશાસ્ત્રની દૃષ્ટિએ શક્તિની વિલાયતી દવામાં જે ખનિજ, વિટામિન હોય છે તે પૈકી મુખ્ય બધાં જ સેગટાનાં પાન અને શિંગમાં છે. વળી શિંગ કરતાં પાનમાં કૅલ્શ્યમ લગભગ ચૌદ ગણું, વિટામિનોમાં અગત્યનું 'એ' વિટામિન લગભગ ૬૦ ગણું અને અન્નકઠોળમાં નથી અને દૂધમાં પણ નામનું જ છે એવું 'સી' વિટામિન બમણું છે.

સેગટાનાં પાન, ફૂલ અને શિંગમાં આવાં ઉપયોગી દ્રવ્યો છે. શિંગ મળતી હોય ત્યારે એના કટકા કરી રોજની તૂવેરની દાળમાં તેમ જ મગ, મઠ ઈ. કઠોળ રાંધતાં તેમાં પણ નાખી શકાય.

સારણીસંદોહ : ઓવરટાઇમ અને બેરોજગારી

દેશભરમાં બેરોજગારીની સંખ્યા દિનપ્રતિદિન વધતી જ જાય છે. એક બાજુ આવું ચિત્ર છે જ્યારે બીજી તરફ એનાથી ઊલટું જ ચિત્ર છે. સરકારી તંત્રમાં અને એમાં યે ખાસ કરીને રાષ્ટ્રીયકૃત બૅન્કોમાં ઓવરટાઈમની પ્રથા વધતી જાય છે. ખાસ કેસોમાં કે પરિસ્થિતિમાં ઓવરટાઈમ આપવો પડે તે સમજી શકાય, પરંતુ ઓવરટાઈમની પ્રથા એક ફરજિયાત દૂષણ જેવી બની ગઈ હોય તેમ લાગે છે.

ઓવરટાઈમના આંકડા
(જુલાઈ–ડિસેમ્બર ૧૯૭૩)

સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા ...	... ૨૩૧.૦૨ લાખ
સેન્ટ્રલ બૅન્ક ઑફ ઇન્ડિયા ...	... ૫૨.૭૨ લાખ
બૅન્ક ઑફ ઇન્ડિયા ...	... ૩૪.૪૯ લાખ
પંજાબ નૅશનલ બૅન્ક ...	... ૭૧.૧૭ લાખ
બૅન્ક ઑફ બરોડા ...	... ૫૨.૦૦ લાખ
યુ. કો. બૅન્ક ...	... ૩૯.૮૦ લાખ
કૅનેરા બૅન્ક ...	... ૨૭.૫૮ લાખ
યુનાઇટેડ બૅન્ક ઑફ ઇન્ડિયા ...	... ૨૨.૦૦ લાખ
દેના બૅન્ક ...	... ૨૮.૩૨ લાખ
સિન્ડીકેટ બૅન્ક ...	... ૮.૭૨ લાખ
યુનિયન બૅન્ક ઑફ ઇન્ડિયા ...	... ૨૦.૮૫ લાખ
અલ્લાહાબાદ બૅન્ક ...	... ૧૯.૫૦ લાખ
ઇન્ડિયન બૅન્ક ...	... ૧૨.૭૭ લાખ
બૅન્ક ઑફ મહારાષ્ટ્ર ...	... ૧૧.૭૬ લાખ
ઇન્ડિયન ઓવરસીઝ બૅન્ક ...	... ૨૬ લાખ

બેરોજગારીના આંકડા
(તા. ૩૧ ડિસેમ્બર ૧૯૭૩ સુધી)

પશ્ચિમ બંગાળ ...	... ૧૫ લાખ ૬૬ હજાર
બિહાર ...	... ૧૧ લાખ ૪૧ હજાર
ઉત્તર પ્રદેશ ...	... ૮ લાખ ૪૨ હજાર
મહારાષ્ટ્ર ...	... ૬ લાખ ૯૯ હજાર
તામિલનાડુ ...	... ૫ લાખ ૯૦ હજાર
કેરળ ...	... ૫ લાખ ૨૪ હજાર
આંધ્ર ...	... ૪ લાખ ૭૭ હજાર
મધ્ય પ્રદેશ ...	... ૪ લાખ ૨૪ હજાર
ઓરિસ્સા ...	... ૩ લાખ ૩૫ હજાર
કર્ણાટક ...	... ૩ લાખ ૧૧ હજાર
ગુજરાત ...	... ૨ લાખ ૩૯ હજાર
પંજાબ અને હરિયાણા ...	... ૩ લાખ ૩૯ હજાર
રાજસ્થાન ...	... ૧ લાખ ૭૩ હજાર
આસામ અને અન્ય રાજ્યો ...	... ૨ લાખ ૯૦ હજાર
દિલ્હી અને કેન્દ્ર-શાસિત રાજ્યો	... ૨ લાખ ૬૨ હજાર

આમ એક તરફ બેરોજગારી વધતી જાય છે ત્યારે બીજી તરફ ઓવરટાઈમનું દૂષણ વધતું જાય છે. બેરોજગારીનું આ વિષચક્ર જો સતત ચાલુ રહેશે તો દેશમાં એક અકલ્પનીય પરિસ્થિતિ સર્જાશે. શું બેરોજગારીના આ પ્રશ્નને હલ કરવા એવો ઉકેલ ન શોધી શકાય કે ચાલુ કર્મચારીઓને ઓવરટાઈમ ન આપતાં બેરોજગારોને પાર્ટટાઈમ રોજી આપવામાં આવે?

(સંસ્થા કૉંગ્રેસ પત્રિકા) —પ્રભાશંકર ખમાર

એનાં ફૂલની વિવિધ મસાલા નાખી ચટણી બનાવી શકાય; દહીંમાં ભેળવી રાઈતું બનાવી શકાય; રોજની તુવેરની દાળમાં પણ વાપરી શકાય. એનાં કોમળ [illegible]ને ઝીણાં સમારી ભાજીના પૂડા અથવા ભાખરી, ઢેબરાં, મૂઠિયાં બનાવીએ તેમ ઉપયોગ કરી શકાય.

હવે સેગટાનાં વિવિધ અંગોના ઔષધીય ગુણ જાણી લઈએ. સરગવો જરા કડવો, તીખો, ઉષ્ણ, વાયુકફનાશક ભૂખ ઉઘાડનાર, ઘારાં રૂઝવનાર, સોજો ઉતારનાર, વાયુને લઈને થતી શૂળ મટાડનાર, વધેલી બરોળને રીતસરની કરનાર અને વેદના હરનાર છે. એનાં પાન અને છાલનો સ્વરસ વેદનાશામક અને એનાં બીજ ચાક્ષુષ્ય—આંખને હિતાવહ, જંતુઘ્ન, વાત-કફ હણનાર અને માથાની વેદના મટાડનાર છે.

આયુર્વેદમાં એનો રોગના ઔષધ તરીકે નીચે પ્રમાણે ઉપયોગ સૂચવાયો છે : સરગવાના પાનના ક્વાથમાં સૂકા હરસના દરદીને બેસાડવો. શ્વાસ અને હેડકીના દરદીને પાનનો ક્વાથ પાવો, અથવા એનાં પાનની ભાજીનું શાક ખવડાવવું. પથરી અને પેશાબમાં રેતી જતી હોય તો એની છાલનો ક્વાથ પાવો (ચરક). કંઠમાળમાં સેગટાના બીજનું ચૂર્ણ સૂંઘવું. બરોળ વધી હોય તો સરગવાનાં પાનનો ક્વાથ પીપર, સિંધવ અને ચિત્રકની છાલનું ચૂર્ણ ભેળવી પીવો. ન રૂઝાતાં ઘારાંમાં એનાં બીજનું તેલ ભરવું (સુશ્રુત). માથામાં ચસકા મારતા હોય તો નાકમાં એનાં પાનના રસનાં ટીપાં મૂકવાં (હારિત). કાનમાં ચસકા નાખતા હોય તો કાનમાં મૂકવાં (ચક્રભ). કૃમિમાં પાનનો રસ મધ નાખી પીવો. દાદર પર મૂળની છાલ ઘસીને ચોપડવી (બંગસેન). આવા અનેક ઔષધિપ્રયોગો આયુર્વેદમાં સૂચવાયા છે. આજે આ પ્રયોગો પ્રચલિત નથી, માટે જાણકાર વૈદ્યની સલાહ લઈ કરવા ઘટે. (ગુજરાત મિત્ર) —જ. ઓ. કાનુગા

પાયોનીઅર-૧૦ દ્વારા ગુરુનું દર્શન



અમેરિકાએ ઈ. ૧૯૭૨ના માર્ચની બીજી તારીએ 'પાયોનીઅર-૧૦' નામનું એક અવકાશયાન છોડયું હતું. આજે તો એ માનવસર્જિત કોઈ પણ પદાર્થ ન પહોંચ્યો હોય એટલે દૂર અવકાશમાં પહોંચ્યું છે. એની આ અતિદીર્ઘ યાત્રામાં ગયા ડિસેમ્બર માસમાં એ ગુરુના ગ્રહ પાસેથી

પસાર થયું હતું. એની યાત્રાનો મુખ્ય ઉદ્દેશ પણ ગુરુનો નજીકથી અભ્યાસ કરવાનો જ હતો. ને ખગોળશાસ્ત્રીઓ જેને સૌથી વધુ રસમય અને રહસ્યભરી ગણે છે એવી ગુરુ વિષેની મબલખ માહિતી એણે પૃથ્વી પર મોકલી હતી, જેમાં ઉપર (એકરંગી) દર્શાવી છે એવી ગુરુની અનેક સુંદર રંગીન છબિઓ પણ હતી.

આમાં ડાબી બાજુ દેખાતું લાંછન એ ગુરુ પરનું વિખ્યાત 'રેડ સ્પૉટ' છે. જમણી તરફનું કાળું ટપકું ગુરુના બારમાંના એક ઉપગ્રહ 'ઇઓ'ના ગુરુની સપાટી પર પડતા પડછાયાનું છે. સમગ્ર ગ્રહ પર છવાએલા પટ્ટા ગુરુ પરનાં વાદળો છે. આ ઉપરાંત, 'પાયોનીઅર–૧૦'એ ગુરુનાં ઉષ્ણતામાન, ચુંબકીય ક્ષેત્ર, રૅડીએશનનો પટ ને ત્યાંના વાતાવરણીય બંધારણ વગેરેની પણ પુષ્કળ માહિતી પૃથ્વી પર પાઠવી છે. આ માહિતી પરથી વિજ્ઞાનીઓ એવો ખયાલ પણ તારવે છે કે ગુરુ એ મૂળ સૂર્યના નાના ભાઈ જેવો હશે. પણ એ સૂર્યની પેઠે તારાનું પદ પામી શકતો નથી.

ગુરુ પાસેથી પસાર થઈ ગયા બાદ હવે પાયોનીઅર–૧૦ એથી યે આગળ વિશાળ અવકાશ પ્રતિ ધસી રહ્યું છે. આ રીતે એ ઈ. ૧૯૭૬-માં શનિ પાસેથી, ઈ. ૧૯૭૯માં યુરેનસ પાસેથી, ૧૯૮૩માં નેપ્ચ્યુન પાસેથી ને ૧૯૮૭માં સૂર્યમાળાના છેલ્લા ગણાતા ગ્રહ પ્લુટો પાસેથી પસાર થઈ એથી યે આગળ ઊંડા અવકાશમાં ધસતું રહેશે! નિષ્ણાતોનો અંદાજ છે કે સૂર્યમાળાની સીમા પાર કર્યા બાદ ૧,૧૦,૦૦,૯૯૦ વર્ષે એ વૃષભ રાશિ સુધી પહોંચશે. પોતાની આ અનંત એકાંકી અવકાશયાત્રામાં ક્યાંક જો તે કોઈ બુદ્ધિશાળી જીવને મળશે તો તેના પડખા પર જડેલી એક તકતી પર અંકિત સ્ત્રી અને પુરુષની સૂચક આકૃતિઓ તથા આ અનંત અવકાશમાં પૃથ્વીના સ્થાનનો નિર્દેશ કરતી આકૃતિ પરથી એમને આપણા વિષેની ઓળખ મળશે.

કેટલી મનોરમ અને સરળ આ કલ્પના લાગે છે! પણ એની પાછળની અસંખ્ય અટપટી ગણતરીઓ. ગોઠવણો, દીર્ઘદૃષ્ટિયુક્ત આયોજનો વગેરે પાછળ વપરાએલી, આ અનંત વિશ્વમાં તદ્દન ક્ષુલ્લક એવા માણસની બુદ્ધિ કેટલી વિરાટ લાગે છે?!

—'સ્પાન' પરથી

'સુજલા' અને 'સ્વેતક'

તાજેતરમાં અતુલ પ્રોડક્ટસ તરફથી ગુજરાતની જનતાને બે અમૂલ્ય ઘરગથ્થુ વપરાશ માટે 'સુજલા' અને 'સ્વેતક' નામનાં ઉત્પાદન રજૂ કરવામાં આવ્યાં છે. પીવાના પાણીને જંતુરહિત બનાવવા સુજલાની ટીકડીઓ બનાવવામાં આવી છે. આ ટીકડીઓમાં 'હેલેઝોન' નામનું રસાયણ હોય છે જે પાણીમાંનાં જંતુઓનો નાશ કરે છે. આ ટીકડીઓ જંતુઓથી ઉદ્ભવતા રોગો સામે જનતાને રક્ષણ આપે છે. પીવાનું પાણી જંતુરહિત ન હોય તો કૉલેરા, ટાઇફોઈડ, કમળો અને મરડો જેવા રોગો થાય છે. શાળાઓ, હોટેલો, રેસ્ટોરાં, ઑફિસો, કલબોમાં તથા યાત્રા દરમ્યાન જંતુરહિત પાણી મળતું નથી અને રોગોના ભોગ બનીએ છીએ. સુજલા ટીકડીનો ઉપયોગ આ રોગો સામે રક્ષણ આપે છે.

કાપડની મિલો તેમજ કાગળની મિલોમાં સફેદાઈ માટે અતુલ સ્વેતક બનાવતું હતું, હવે ઘરવપરાશ માટે 'સ્વેતક' પ્રવાહી બનાવવામાં આવ્યું છે. સુતરાઉ અને આર્ટ સિલ્કનાં કપડાંને સુંદર સફેદાઈ અર્પે છે. સ્વેતક પ્રવાહી સરળતાથી વાપરી શકાય તે માટે ખાસ બાટલીમાં પેક કરેલું છે. તેનો ખોટો બગાડ થતો નથી. કપડાંને નુકસાન કરતું નથી.

કેસૂડાં ૧૯૭૪

કલકત્તાથી નીકળતું ગુજરાતનું સમૃદ્ધ અને લબ્ધપ્રતિષ્ઠ વાર્ષિક 'કેસૂડાં' આ વર્ષે પ્રકાશિત કરવાનું કલકત્તાના ગુજરાતી સાહિત્ય મંડળે નક્કી કર્યું છે. લેખકબંધુઓને પોતાના અપ્રગટ, મૌલિક કૃતિ આ માસ (જુલાઈ)ની આખર સુધીમાં મોકલી આપવા વિનંતી છે. સરનામું અંગ્રેજીમાં: લલિતકુમાર બક્ષી, પી-૩૫, બી. કે. પૉલ ઍવન્યુ, કલકત્તા-૫.

લઘુકથા

મમ્મી

હસમુખ કે. રાવળ

એક હાથમાં લેખનપોથીનું બંડલ, બીજા હાથમાં ખભાના સહારે તેડેલો ટિન્નો ને આંગળીઓમાં રમતી પર્સ. મીનાએ ઓટલા પર બંડલ મૂક્યું ને ઘર ઉઘાડ્યું.

ટિન્નો ગુંગળાઈ જાય એટલી હદે મીનાએં તેને છાતી સરસો ચાંપ્યો, ચુંબનોની ઝડી વરસાવી. તેની આંખોમાં ભીનાશ તરવરી. ટિન્નો હસતો હતો. વાંકડિયા વાળ, ગૌર ચહેરો ને કાલી ભાષા! મીનાએ ફરી...

છેવટે ચૉકલેટ આપી ટિન્નાને નીચે બેસાડી મીનાએ રસોડું સંભાળ્યું. હાથ કાર્યરત હતા પણ આંખો ટિન્ના પર જડાએલી. ટિન્નાએ ખુરશી પરની ગાદી ખેંચી નીચે પાડી ને ઉપર ભૂ...! મીના હસી પડી. ટિન્નો રડવા લ ગયો. મીનાએ તેડી લીધો. તેને છાનો રાખવા દર્પણમાં ચહેરો બતાવવા લાગી: 'જો...જો... સામે કોણ છે?' મીનાની નજર સહરા જેવા પોતાના કપાળમાં અટવાઈ પડે એ પહેલાં તે દર્પણ આગળથી ખસી ગઈ.

'લે ટિન્ના, ચૉકલેટ.' 'નંઈ... બિતકિત...'

'લે ભાઈ, બિસ્કિટ લે. અને હવે મને કામ કરવા દે.' મીના કામમાં ખૂંપી. ટિન્નો ઊંઘી ગયો. મીનાએ સાચવીને પલંગમાં સુવાડી દીધો.

પરવારેલી મીના પલંગમાં બેઠી. ટિન્નાને જોતાં તે ધરાતી જ ન હતી. ટિન્નાને ગાલે હળવી ટપલી મારી તે એની સોડમાં જ સૂઈ ગઈ. ટિન્નાને પોતાના પાલવમાં ઢબૂરી દીધો. મીનાની છાતીમાં ભરતી ઊઠી, બ્લાઉઝનાં બટન તૂટી જશે એમ લાગ્યું ને એનો હાથ તેના પર સળવળ્યો.

અને ટિન્નો જાગી ગયો. લાતો મારી પાલવ ખસેડી નાખ્યો અને આક્રંદ કરી ઊઠ્યો: 'માછી... મને મમ્મી પાથે લઈ જા...અં...અં...અ. મ...મ્મી મ...મ્મી...અં...અં...અં...' □

આપણો સાહિત્ય-વારસો: સંપુટ ૩

૧૯૭૫ના જાન્યુઆરીમાં બહાર પડનારા ત્રીજા સંપુટ માટેનાં પાંચ પુસ્તકો: માણસાઈના દીવા (સક્ષેપ) (ઝવેરચંદ મેઘાણી), ઉમાશંકરનાં કાવ્યો, ટોલ્સ્ટૉયની વારતાઓ, અલગારી રખડપટ્ટી (રસિક ઝવેરી), જનમટીપ (ઈશ્વર પેટલીકર). રૂ. ૧૫ની કિંમતનો કુલ ૮૦૦ પાનાંનો આ સંપુટ માત્ર રૂ. ૯માં મેળવવાની યોજના અને વિગતો માટે લખો: લોકમિલાપ ટ્રસ્ટ, પોસ્ટ બૉક્સ ૨૩, ભાવનગર ૩૬૪૦૦૧.

વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ તરફથી ચોવીસમી શિષ્ટ વાચન પરીક્ષા ઑક્ટોબર ૧૯૭૪ની તા. ૧૩ ને રવિવારના રોજ જે તે કેન્દ્રોમાં લેવાશે. પરીક્ષા માટે 'અણનમ યોદ્ધા વિઠ્ઠલભાઈ પટેલ' નામનું પુસ્તક (રૂા. ૧–૩૫) રાખવામાં આવ્યું છે. વિગત માટે તા. ૫-૯-૭૪ સુધીમાં મંત્રી, વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ, ડૅ. સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા એ સરનામે પત્રવ્યવહાર કરવો.

'વડોદરા સિક્કા સંગ્રાહક'(શાસ્ત્રી)મંડળ (Numismatic Society of Baroda)ની સ્થાપના તા. ૯ જૂન '૭૪ના રોજ કરવામાં આવી છે. સભ્ય ફી વાર્ષિક રૂ. ૫, પ્રવેશ ફી રૂ. ૩, આશ્રયદાતા રૂ. ૨૫ વિગતો માટે વડોદરા મ્યુઝિયમ અને પિક્ચર ગેલેરી, સયાજીબાગ, વડોદરાને લખો.

જર્મની ને અન્ય દેશોના કોઇ પણ વય જાતિ ને શોખવાળા પત્રમિત્રો મેળવવા દસ ઈન્ટરનૅશનલ રીપ્લાય કૂપન સાથે લખો. Internationales Korrespondenz-Buro Anna-Maria Braun. D-8 munchen 50, Ries Str. 82/III, Western Germany. પત્રવ્યવહાર જર્મન અથવા અંગ્રેજીમાં કરવો.

આ માસ (જુલાઈ) ઇતિહાસમાં

અસલના રોમન પંચાંગ પ્રમાણે 'ક્વિન્ટીલિસ' (એટલે કે પાંચમા) માસ તરીકે ઓળખાતો આ માસ ઈ. ૭૧૩માં ન્યૂમાએ રોમન પંચાંગમાં સુધારો કરીને વર્ષની શરૂઆતમાં જાન્યુઆરી અને ફેબ્રુઆરી એ બે માસ ઉમેર્યા તે પહેલાં વર્ષગણનામાં પાંચમો જ હતો. ઍંગ્લો-સૅક્સનો આ મહિનાને 'હેગ-મૉનાથ'–હે–મન્થ કહેતા. 'હે' એટલે કે સૂકું ઘાસ. એ તૈયાર થવાનો આ મહિનો. આ જ માસમાં જન્મેલા રોમન સમ્રાટ જુલિયસ સીઝરના નામ પરથી એના સમયથી આને 'જુલાઈ' નામ અપાયું.

તા. ૯/૧૮૨૭ હિંદીઓને જ્યૂરીમાં બેસવાનો અધિકાર મળ્યો.

તા. ૧૧/૧૯૧૨. વિખ્યાત પારસી સુધારક, સાક્ષર, પત્રકાર અને કવિ બહેરામજી મલબારીનું અવસાન. ઈ. ૧૮૫૩માં વડોદરામાં જન્મ. સૂરતમાં મૅટ્રિક સુધી ભણી ગણિતમાં નાપાસ થવાથી અભ્યાસ છોડી, એમની સાહિત્યાભિરુચિ ને અંગ્રેજી સાહિત્યનું જ્ઞાન તથા કવિત્વશક્તિથી પ્રભાવિત રેવ. ડૉ. વિલ્સનની ભલામણથી 'ટાઈમ્સ ઑવ ઇંડિયા'માં ત્યારના સુપ્રસિદ્ધ તંત્રી મિ. માર્ટિન વૂડના હાથ નીચે જોડાયા. ઈ. ૧૮૭૫માં 'ઇંડિયન સ્પેક્ટેટર' નામે અંગ્રેજી સાપ્તાહિક અને પછી માર્ટિન વૂડ 'ટાઈમ્સ'માંથી છૂટા થતાં એમની સાથે 'ગુજરાત ને ગુજરાતી' નામે પત્ર પણ કાઢ્યું. વળી, દાદાભાઈ નવરોજીના આશ્રય તળેના 'વૉઈસ ઑવ ઇંડિયા'માં તેઓ મુખ્ય લેખક હતા. સંકોચશીલ હોઈ તેઓ ઝાઝું બહાર આવતા નહિ, પણ સ્ત્રી-શિક્ષણ અને વિધવા-વિવાહનો પ્રચાર તથા 'સેવાસદન'ની સ્થાપનાનું મોટું શ્રેય એમને જ ઘટે છે. ત્રણ વખત વિલાયત જઈ આવેલા ઇંગ્લૅન્ડની લોકસ્થિતિ પરના એમના લેખો 'ધી ઇંડિયન આઈ ઑન ઇંગ્લિશ લાઈફ' માટે ત્યાંના 'સૅટર્ડે રિવ્યૂ'એ એમને રડિયાર્ડ કિપ્લિંગ સમા ગણાવેલા. છેલ્લે એમણે 'ઈસ્ટ ઍન્ડ વેસ્ટ' નામે માસિક શરૂ કરેલું પણ એ પ્રસિદ્ધ થાય એ પહેલાં એમનું અવસાન થયું.


તા. ૧૯/૧૭૬૦. હિંદુસ્તાનમાં ઈન્કમ ટૅક્સનો આરંભ થયો.

તા. ૨૭/૧૮૯૭. મહાન અંગ્રેજ શિલ્પી સર ફ્રિલિપ ચૅન્ટ્રીના પ્રયાસો બાદ સો વર્ષે તેણે મૂકી ગએલા ફંડમાં એંશી હજાર પાઉન્ડ ઉમેરીને સર હેન્રી ટેઈટે ઈંગ્લૅન્ડની રાષ્ટ્રીય ગૅલેરી (ટેઈટ ગેલેરી) ખુલ્લી મૂકી.

માસમાસના આકાશમાં (જુલાઇ-ઑગસ્ટ)

કાલિય નાગ-દમનની કથા તો સૌ જાણે છે. પણ આકાશમાં એનું નિરૂપણ થએલું છે એ ખબર છે? ઉત્તર આકાશમાં ધ્રુવ તારકની આસપાસ ફરતું એક ઝાંખા તારાનું મોટું મંડળ છે, જેને 'કાલિય'નું નામ આપ્યું છે. અને એ કાલિયના મસ્તક પર છે 'શૌરિ'. શૌરિ એ કૃષ્ણનું એક નામ છે. સાથેના નકશાના આધારે આ બંને તારામંડળો ઓળખી શકાશે. પશ્ચિમમાં કાલિયને Draco=the Dragon તરીકે અને શૌરિને Hercules તરીકે ઓળખે છે.

આજે આપણે જેને ધ્રુવતારક (Polaris) તરીકે ઓળખીએ છીએ એ હકીકતે ધ્રુવ (અચલ) નથી. પૃથ્વીની ધરીની ટોચ આકાશમાં જે તારા તરફ તકાએલી છે, યા આકાશમાં જે તારો આ ટોચની બરાબર ઉપર હોય કે આકાશમાં એ બિંદુની વધુમાં વધુ નજીક હોય તે તારો ધ્રુવ તારો ગણાય છે. આજનો ધ્રુવ તારક પણ હજી એ બિંદુથી એકાદ અંશ દૂર છે. ઈ. ૨૦૦૦ આસપાસમાં એ આ ધ્રુવબિંદુની વધુમાં વધુ નજીક આવશે, અને પછી પાછો દૂર સરકતો જણાશે. આનું કારણ પૃથ્વીની વિષુવાયન ગતિ છે. કાળાંતરે પૃથ્વીની ત્રાંસી ધરીનું નમણ પણ દિશા બદલતું રહે છે. ૨૬૦૦૦ વર્ષે એનું એક ચક્ર પૂરું થાય છે. આ રીતે ત્રણેક હજાર વર્ષ પહેલાં ઇજિપ્તના પિરામિડો રચાયા ત્યારે ધ્રુવ તારા તરીકે કાલિયના 'થુબન'ની ગણના થતી હતી. હવે ઈ.૧૪૦૦૦ની આસપાસ 'અભિજિત' (Vega) ધ્રુવ તારાને સ્થાને આવશે. એ વખતે પૃથ્વી આજની ગણતરીએ દક્ષિણ તરફ વધુ ઢળેલી હશે એટલે આજે દક્ષિણ આકાશનાં જે તારામંડળો જોવાં મુશ્કેલ પડે છે તે વધુ સરળતાથી જોઈ શકાશે. ત્યાર બાદ, લગભગ ૨૧ હજાર વર્ષો પછી ફરી 'થુબન' ધ્રુવ તારાને સ્થાને આવશે.



કાલિયના માથે નાચી રહેલ શૌરિમાં એની બંને બાજુના તારામંડળના 'કોહિનૂર' ને 'અભિજિત' જેવા તેજસ્વી તારાઓ તો નથી, પણ એક વાર ઓળખાયા પછી શૌરિ યાદ રહી જાય તેવું તારામંડળ છે. આપણી સૂર્યમાળા સેકંડના ૧૨ માઈલના વેગે આ શૌરિ તરફ ધસી રહી છે. શૌરિના મસ્તક પર તારો (Ras Algethi) સૂર્ય કરતાં કરોડો ગણો મોટો છે.

શૌરિમાં એક સુંદર અને વિખ્યાત તારકગુચ્છ છે. M–13ની સંજ્ઞાથી એ ઓળખાય છે. આપણાથી એ ૨૩,૦૦૦ પ્રકાશવર્ષ દૂર હોઈ નરી આંખે તો એ તદ્દન ઝાંખું ટપકા જેવું લાગે છે પણ એકબીજાની નજીક દડા આકારે એમાં આપણા સૂર્ય જેવા તો એકાદ લાખ જેટલા તારાઓ ૩૫૦ પ્રકાશવર્ષ જેટલા પહોળા પટમાં એકઠા થએલા છે, અને હજી યે એમાં ઘણા નવા તારા બંધાઈ રહ્યા છે!



◁શૌરિનું તારકગુચ્છ 'એમ-૧૩'

સવૈયા

નિશા-નિરાશા ટળશે કાળી, ઉષા ઊજળી ઝગશે,
આજ ડૂબ્યો સવિતા તે શું નહિ કાલ પ્રભાતે ઊગશે?

— કલ્યાણજી વિ. મહેતા

પંજાબકેસરી રણજિતસિંહે એક વાર પોતાના પ્રધાન અઝામુદ્દીનને પૂછ્યું: 'તમને કયો ધર્મ વધુ ગમે? ઈસ્લામ કે હિંદુ?' પ્રધાને જવાબ આપ્યો: 'હું તો મારી જાતને જીવનરૂપી નદીના વિશાળ પ્રવાહમાં ખેંચાતી અનુભવી રહ્યો છું અને મને તો એ નદીના ધર્મરૂપી બધા કિનારા સરખા જ પ્રિય છે.'

અનેકાર્થી શબ્દ: **થાપો** = કંકુવાળા પંજાની છાપ; પૂંઠનો ભાગ–ઢગરો; મોભારિયું; મોભ ઉપર ઢંકાતું મોટું નળિયું; કાપણી બાદ ખળામાં રખાતું અનાજ; છાપો–ઓચિંતો હલ્લો; નવો ભૂવો સ્થાપતી વેળા કરાતી કાંડાબંધી; વહાણમાં પાટિયાંની વચ્ચે જડેલો લાકડાનો ચાપડો તથા વહાણમાં પગરણ નીચે બંધાતું લાકડું.



શ્રીમતી સુમતિબહેનના સંગ્રહમાંની એક કલાકણિકા: વીસમી સદીના આરંભકાળની રાજસ્થાનની, પાન તમાકુ સાથે ખાવાના ચૂનાની ડબ્બી સાથે સાંકળીથી જોડેલી દાંત અને કાનખોતરણીની સળીઓ. (જુઓ સાહિત્યસંપર્ક)



પશ્ચિમ અમેરિકાનાં સિકવીઆ વૃક્ષના બીજનો અંકુર ફૂટતાં વીસ વર્ષ લાગે છે, અને એમાંથી થતા વૃક્ષનું થડ ૧૦૦ ફૂટના ઘેરાવાવાળું તથા તેની ઊંચાઈ ૨૫૦ ફૂટ સુધી વધે છે; જ્યારે એની આવરદા ૪૦૦૦ વર્ષ સુધીની ગણાય છે.

ગણિતગમ્મત

$૧^{૨}+૨^{૨}+૩^{૨}+૪^{૨}-(૫)=(૨+૩)^{૨}=૫^{૨}$

$૨^{૨}+૩^{૨}+૪^{૨}+૫^{૨}-(૫)=(૩+૪)^{૨}=૭^{૨}$

$૩^{૨}+૪^{૨}+૫^{૨}+૬^{૨}-(૫)=(૪+૫)^{૨}+૯^{૨}$

$૪^{૨}+૫^{૨}+૬^{૨}+૭^{૨}-(૫)=(૫+૬\ ^{૨}=૧૧^{૨}$

$૫^{૨}+૬^{૨}+૭^{૨}+૮^{૨}-(૫)=(૬+૭)^{૨}=૧૩^{૨}$

$૬^{૨}+૭^{૨}+૮^{૨}+૯^{૨}-(૫)=(૭+૮)^{૨}=૧૫^{૨}$

...એ પ્રમાણે આગળ ગમે ત્યાં સુધી. આમ પાસેપાસેની સંખ્યાના વર્ગોનાં જૂથમાંથી '૫' કમી કરવાથી ચાર સંખ્યાના જૂથમાંથી વચલી બે સંખ્યાના સરવાળાના વર્ગ જેટલી સંખ્યા આવી રહેશે.

—મ. ના. ખત્રી

કહેવતોના અર્થ: 'ખોખરી ડાંગ પણ હાંડલા જોગ ખરી.'-જીર્ણ થઈ ગએલ પણ મૂળની પાણીદાર વસ્તુ કે વ્યક્તિ વેળા આવ્યે પોતાજોગું સાર્થક્ય દાખવ્યા વિના ન રહે એ ભાવ દર્શાવતી, ઉચિત ઉદાહરણ–સ્વરૂપી આ કહેવતને મળતી બીજી કહેવત: 'ભાંગ્યું તો યે ભરૂચ.'

યુરોપમાં સૌથી પહેલું છાપું શરૂ કરવાનું માન જુલિયસ સીઝરને મળી શકે તેમ છે. સેનેટનું કામકાજ, સમાચારો, બનાવો તથા ઈતર માહિતી રોમના મુખ્ય ચોકમાં આવેલા 'Acta Diuma' નામના સફેદ માહિતી-પાટિયા (News-board) પર લખવાનો તેણે હુકમ કરેલો. આ પદ્ધતિ ત્રણ સદી ચાલુ રહેલી. પરંતુ આજની પદ્ધતિના, છપાઈને બહાર પડતા વર્તમાનપત્રની શરૂઆત તો ઈ. ૧૬૦૯માં જર્મનીમાં Avisa Relation Oder Zeitung નામે છાપાથી થએલી.

વીંછીના દંશ ઉપર ગુલમહોરનું બી પણ અસરકારક ગણાય છે. દંશની જગ્યા પર તે મૂકવાથી ચોંટી જાય છે ને ઝેર ચૂસી લે છે.



ફાટ, સાંધા યા ખૂણાખાંચરામાં કોઈ જંતુઘ્ન પાઉડર સરળતાથી છાંટવો હોય તો તે પાઉડરને સાઈકલ વગેરેમાં તેલ પૂરવા વપરાતી કુપ્પીમાં ભરી લઈ પછી છાંટજો; તમારું કાર્ય સુગમ થશે

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૨૧૩થી

ફેબ્રુઆરી અંકના છેલ્લા પાના ઉપરનું ચિત્ર અને તે ચિત્ર ઉપર શ્રી રવિશંકર રાવળની ટીકા ('કુમાર' એપ્રિલ '૭૪) વાંચી. ઉપર્યુક્ત અંકમાં પ્રકટ થએલ ચિત્ર અને પાર્ક ડેવિસ તરફથી અમને ડૉક્ટરોને મળેલ ચિત્રમાં પરિચારિકા ઊભી છે એટલા પૂરતો તફાવત છે. બાકી સુશ્રુતને તો સરદારજી જેવા જ ચીતર્યા છે. આ સંબંધમાં વિરોધ વ્યક્ત કરતો એક પત્ર મેં પાર્ક ડેવિસ કંપનીને વર્ષો પહેલાં લખેલો, જેનો ઉત્તર મળ્યો નથી. ચિત્રમાં બતાવ્યા જેવા સુશ્રુત તો શું પણ તે વખતના કોઈ પણ શસ્ત્રવૈદ્ય ન હોઈ શકે. તેનું કારણ એ છે કે શસ્ત્રવૈદ્યને 'નીચ નખરોમ શ્મશ્રુ' (ટૂંકા કાપેલા માથાના તથા દાઢી મૂછના વાળવાળો તથા નખ પણ ટૂંકા કાપેલ) તથા 'અનુદ્ધત શુચિ શુકલવેશ' (ઉદ્ધત નહિ તેવા સ્વચ્છ સફેદ વસ્ત્રવાળો) જણાવેલ છે. આ સુશ્રુતના લખેલા પુસ્તકમાંથી પ્રાપ્ત થતું વર્ણન છે. તેઓ પોતે તો કાશીના રાજા દિવોદાસ હતા. ઉપર્યુક્ત ચિત્રમાં એમનો વૈભવ તો ક્યાંથી હોય! આપણી બધી જ સંસ્કૃતિને ઉતારી પાડી શકાય તેવી લાપરવાહી વિશ્વસંસ્થામાં ય નજરે પડે છે!

(મુંબાઈ) —ડૉ. પ્ર. અ. ત્રિવેદી

'કુમાર'ના ૫૫૩મા અંકમાં શ્રી હરિવલ્લભ ભાયાણી જેવા ખ્યાતનામ શબ્દશાસ્ત્રીએ 'અહંપૂર્વિકા' અને 'અહંપ્રથમિકા' જેવા નવા ગુજરાતી પર્યાયોની યોજના કરતી વખતે છેલ્લા પાંચ દાયકાથી ગુજરાતીમાં પ્રચલિત એવા 'અહમ-અહમિકા'ની પણ નોંધ લીધી તે સુયોગ્ય કર્યું છે. એ ત્રીજા પર્યાયને પહેલ પ્રથમ યોજી બતાવવાનું માન પરિભાષા-પારંગત મનીષી બ. ક. ઠાકોરને ભાગે જાય છે એ જાણી લેવું પણ એટલું જ જરૂરી છે. તેવો જ એક વધુ પ્રયોગ 'વયમવયિકા' છે, જેને ચિંતક-સાહિત્યકાર આનંદશંકરભાઇએ પહેલપ્રથમ યોજી બતાવ્યો હતો તે પણ જાણી લેવું એટલું જ જરૂરી છે. [જુઓ 'વસંત' પુ. ૨૧, પૃ. ૬૦]

(મુંબાઇ) —ત્રિભુવન વી. હેમાણી

એપ્રિલના અંકમાં ૧૪૫મે પાને શ્રી ચંદ્રકાંત મો. શુકલએ 'ન ત્વહં કામયે રાજ્યં'ના શ્લોક વિષે પૂછ્યું છે કે આ શ્લોક કયા ગ્રંથનો છે. એ અંગે મુ. શ્રી ચન્દુભાઈ દલાલે (ભારતી સોસાએટી, અમદાવાદ) મને કહ્યું હતું કે પ્રાર્થનાના આ શ્લોક અંગે તપાસ કરી પણ એ ક્યાંથી લેવાયો છે એ જાણવું મુશ્કેલ પડ્યું. પરંતુ આ શ્લોક કદાચ શ્રી કાકાસાહેબ કાલેલકરે જાતે બનાવ્યો હોવાનો સંભવ છે. શ્લોક ખૂબ જ સુંદર અને સિદ્ધ સંસ્કૃતજ્ઞનો છે.

બીજું, નીચે જ 'ચાલુ વર્ષનાં પારિતોષિકો'ની વિગતો વાંચી. 'કુમાર' માટે આ શોભાસ્પદ નથી. 'કુમાર'માં ઈનામો અંગે પ્રલોભનપૂર્વકની જાહેરખબર અસ્થાને ગણાય. 'કુમાર'માં આવતી કૃતિઓનું એક અનોખું સ્થાન છે અને એની વરણી એ તમને આભારી છે; એટલે 'કુમાર' માટે આવતી સામગ્રીમાંથી સર્વશ્રેષ્ઠ કૃતિઓને સ્થાન મળે છે. એમાંથી પસંદ કરી ઈનામો આપવાં જોઈએ. એને માટે અલગ જાહેરાત કરવી ન જોઈએ. આનો અર્થ એમ થાય કે 'કુમાર' માટે સારી કૃતિ આવતી નથી, એ આ દ્વારા મંગાવવાનો પ્રયત્ન (હશે) છે?*

(વારાણસી) —વાસુદેવ સ્માર્ત

'કુમાર'માં પ્રસિદ્ધ થતાં લખાણો માટે પારિતોષિકો આપવાના જથ્થામાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે અને તેની જાહેરાતો 'કુમાર'નાં પૃષ્ઠો ઉપર આવે છે, તેથી 'કુમાર'ની શિષ્ટતાની અને ગૌરવની છાપમાં ઘટાડો થાય છે. કોઈ શાળાના મેળાવડામાં થતી ઈનામ-વહેંચણી, અને આગળ વધીને કહું તો કોઈ અનાથાશ્રમમાં ભોજનતિથિઓની યાદી જેવું લાગે છે. 'કુમાર'માં લખાણ પ્રસિદ્ધ થવું એ પારિતોષિક (જે અગાઉ મોટું હતું)ને ઓછું આંકવા જેવો આ ચીલો છે. તે ઊંડો જાય તે પહેલાં આપના ધ્યાન ઉપર મૂકવાની ધૃષ્ટતા બદલ ક્ષમા કરશો.

(કડી) —ભાઈલાલભાઈ પટેલ

[* આ અભિપ્રાય એ ઢાલની એક બાજુ થઇ.]

અંક ૬૦૪ પાન ૧૪૪ પર શ્રી છોટાલાલ માનસિંગ કામદારની ભાઈ શ્રી અમરજિતસિંહ જાડેજાની પૃચ્છા સંબંધમાં: 'સુવર્ણમાળા' અંગે 'ગ્રંથ' ૧૯૬૯ના માર્ચ માસના અંકમાં શ્રી નિપુણ ઈ. પંડયાનો 'વીસરાયેલાં સામયિકો' એ શીર્ષક હેઠળ એક વિસ્તૃત લેખ આવેલો છે. એ લેખમાં એમને વિસ્તૃત માહિતી મળી રહેશે.

(સૂરત) —મન્મથ શુકલ

અંક ૬૦૩માં 'ક્રાંતિકથામાં ગુજરાત–૨'(લેખક વિષ્ણુ પંડયા)માં લેખકનો થોડો હકીકતદોષ થયો હોય એમ લાગે છે. મૂળુના ભાઈ દેવા માણેકે જ્યાં છેલ્લું ધીંગાણું ખેલેલું તે માછરડાની ડુંગરધાર (તા. કાલાવડ, જિ. જામનગર)ની મેં પોતે બે વાર મુલાકાત લીધેલી છે, અને ત્યાં જે સ્તંભ ઊભો કરેલો છે તેના પર જે લખાણ અંગ્રેજીમાં લખેલ છે તે મેં અક્ષરશઃ ઉતારી લીધેલ છે. તેમાં ધીંગાણાની તા. ૨૯ ડિસેમ્બર, ૧૮૬૭ આપેલી છે, જ્યારે લેખકે ૨૩ ડિસેમ્બર આપેલી છે. વળી લેખકના જણાવ્યા અનુસાર આ સ્તંભ ૫૦ ફૂટ ઊંચો છે, પણ મારી માન્યતા મુજબ આ સ્તંભ વધુમાં વધુ ૨૦થી ૨૫ ફૂટ જ ઊંચો છે. ઉપરાંત લેખકે એમ જણાવ્યું છે કે ઉપર્યુક્ત સ્તંભના લખાણમાં 'બદમાશ વાઘેરો' જેવો શબ્દપ્રયોગ થએલો છે. પરંતુ આ લેખમાં 'Fearless and Impetuous' જેવો શબ્દપ્રયોગ થએલ છે. 'Impetuous'નો અર્થ 'ભાવનાના આવેગવાળું, ઉતાવળિયું, અવિચારી, તીવ્ર, પ્રચંડ, સંવેગી, કાબૂમાં ન રહે તેવું' એવો થાય, 'બદમાશ' ન થાય. આ માછરડાની ડુંગરધારને આજુબાજુના લોકો 'ટોબરાનો ડુંગર' પણ કહે છે.

વળી આ કથાનો પૂર્વભાગ એવો છે કે દેવા માણેક તથા તેના સાથીદારોની પાછળ અંગ્રેજ ફોજ પડી હતી ત્યારે સૌ પ્રથમ તેઓએ કાલાવડ તાલુકાના ફગાસ ગામના 'ફગાસિયા ડુંગર' પર શરણ લીધું. પરંતુ ફગાસ ગામના દરબારોએ એમને વિનતિ કરી કે તમે અમારા ગામના ડુંગર પર શરણ લેશો તો અમને તકલીફ થશે, કારણ કે આ ગામ વીરપુર રાજ્યનું છે, અને વીરપુર સ્ટેટનાનું હોવાથી તેને અંગ્રેજોની ખફામરજી વહોરવી પડશે. તેને બદલે તમે બાજુના માછરડા ગામની 'માછરડાની ધાર' પર આશરો લ્યો, કારણ કે માછરડાની ધાર જામનગર સ્ટેટની સરહદમાં આવેલી છે, અને જામનગર સ્ટેઈટ મોટું હોવાથી તેને ઓછી તકલીફ પડે. દેવા માણેકના સાથીદારોમાં ફગાસ ગામનો એક સંધી પણ હતો. તેના દ્વારા આ સંદેશો કહેવડાવેલો. તે પરથી દેવા માણેક તથા તેના સાથીદારોએ 'માછરડાની ડુંગરધાર' પર આશરો લીધો અને ત્યાં છેલ્લું ધીંગાણું જામ્યું.

ફગાસ ગામમાં મારાં બહેનનું સાસરું છે અને ત્યાંના વૃદ્ધ દરબાર પાસેથી ઉપરની હકીકત જાણી છે. ફગાસ ગામથી ઉપર્યુક્ત માછરડાની ડુંગરધાર બે માઈલ જ દૂર છે.

—ખુમાનસિંહ લાઠિયા

(મું. વંડા, સાવરકુંડલા થઇને)

'રાધા-માધવ': મૂ. લે. હનુમાનપ્રસાદ પોદ્દાર [કિં. ૧–૫૦] શાળા-કૉલેજોની લાયબ્રેરી માટે ટ. ખ. ૩૦ પૈસાની ટિકિટ નીચેના સરનામે મોકલવાથી વિના મૂલ્યે આપવામાં આવશે: રાજેન્દ્રસિંહ રાયજાદા, મુ. સોંદરડા, વાયા કેશોદ [૩૬૨૨૨૦] જિ. જૂનાગઢ

સંદર્ભ, 'કુમાર' મે ૧૯૭૪–પૃ. ૧૮૦; વિષય–ઍપ્લાઈડ જ્યૉગ્રૉફી અંગે જણાવવાનું કે કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના જંગી ગામને બંદર બનાવી શકાય તેમ છે તેમ કચ્છ જિલ્લાનો નકશો બારીકાઈથી તપાસતાં જણાય છે. આ બાબત જિજ્ઞાસુઓએ વિશેષ તપાસ કરી યોગ્ય કરવાની જરૂર છે.

(પત્રી-કચ્છ) —મગનલાલ ના. થોડાદ્રા